(३) इह खलु गारत्था सारंभा सपरिग्गहा, संतेगतिया समणा माहणा वि सारंभा सपरिग्गहा, अहं खलु अणारंभे अपरिग्गहे । जे खलु गारत्था सारंभा सपरिग्गहा, संतेगतिया समण-माहणा वि सारंभा सपरिग्गहा, एतेसिं चेव निस्साए बंभचेरं चरिस्सामो, कस्स णं तं हेउं? जहा पुव्वं तहा अवरं, जहा अवरं तहा पुव्वं। अंजू चेते अणुवरया अणुवट्ठिता पुणरवि तारिसगा चेव ।

६७८ जे खलु गारत्था सारंभा सपरिग्गहा, संतेगतिया समण-माहणा सारंभा सपरिग्गहा, दुहतो पावाइं इति संखाए दोहिं वि अंतेहिं अदिस्समाणे इति भिक्खू रीएज्जा । से बेमि-पाईणं वा ४ । एवं से परिण्णातकम्मे, एवं से विवेयकम्मे, एवं से वियंतकारए भवतीति मक्खातं ।

६७९ तत्थ खलु भगवता छज्जीवणिकाया हेऊ पण्णत्ता, तंजहा–पुढविकायिया जाव तसकायिया । से जहानामए मम अस्सायं दंडेण वा अट्ठीण वा मुट्ठीण वा लेलूण वा कवालेण वा आउडिज्जमाणस्स वा हम्ममाणस्स वा तज्जिज्जमाणस्स वा ताडिज्जमाणस्स वा परिताविज्जमाणस्स वा किलामिज्जमाणस्स वा उद्दविज्जमाणस्स वा जाव लोमुक्खणमातमवि हिंसाकरं दुक्खं

૬૭૭. (૧) ગૃહસ્થો અહીં હિંસા અને, પરિગ્રહ કરે છે. ગતિથી થએલા શ્રમણ માહણો પણ હિંસા કરે છે. અહીં જે ત્રસ્ સ્થાવર-જીવો જે સચિત્ત કે અચિત્ત છે, તેની પોતે હિંસા કરે છે, અન્ય વડે હિંસા કરાવે છે અને કોઈ હિંસા કરતો હોય તેને અનુમતિ આપે છે.

(૨) અહીં જે ગૃહસ્થો છે તે હિંસા કરે છે, ગતિ મુજબ થએલા શ્રમણ માહણો પણ આરંભ અને પરિગ્રહ કરે છે. અહીં જે કામભોગો, સચિત્ત કે અચિત્ત હોય, તે સર્વેનો તે પરિગ્રહ કરે છે. અન્ય વડે પરિગ્રહ કરાવે છે અને પરિગ્રહ કરી રહેલાં કોઈ અન્યને અનુમતિ આપે છે.

(૩) અહીં ગૃહસ્થો હિંસા કરે છે, પરિગ્રહ પણ કરે છે. ગતિથી થયેલા શ્રમણ માહણો પણ હિંસા અને પરિગ્રહ કરે છે. પણ હું હિંસા કે પરિગ્રહ કરતો નથી. જે અહિં ગૃહસ્થો છે તે હિંસા અને પરિગ્રહ કરે છે, જે ગતિથી શ્રમણ માહણો થયા છે તે પણ આરંભ કરે છે, પરિગ્રહ કરે છે, એમની નિશ્રાએ જ, મારે બ્રહ્મચર્ય પાળવું પડે તેનો શું હેતુ? જેમ પૂર્વેનું તેમ જ પછીનું. જેમ પછીનું તેમ જ પૂર્વેનું. તેથી ઉપરત ન થઈ અને હાજર ન થઈ રહેવું તે સારૂં છે જ, અને તારે પણ છે.

૬૭૮. જે ગૃહસ્થો હિંસા અને પરિગ્રહ કરે છે, ગતિએ ઉપજેલા શ્રમણ માહણો પણ હિંસા અને પરિગ્રહ કરે છે, બન્ને પણ પાપ કરે છે આમ જાણી અને અંતે બન્ને પણ અદૃષ્યમાન થશે એમ હોઈ, ભિક્ષુ ચાલી જાય. તે કહે છે પૂર્વથી તે ચારે દિશાઓમાં આ લોકે માણસ કર્મપ્રમાણે થાય છે, તેથી તે કર્મોને જાણી, વિવેકવાળા કર્મે, પોતાના કર્મોનો અંત કરશે એમ કહ્યું છે.

૬૭૯. તેથી ભગવંતે છ જીવ નિકાયોનો હેતુ કહ્યો છે, જેમ કે:- પૃથ્વી કાયથી માંડી ત્રસ કાય સુધી. જ્યારે કોઈ કહે છે કે મને અશાંતિ થઈ છે, તે દંડાથી, હાડકાથી, મૂઠીથી, ઢેંફા વડે, નળિયા વડે, ઉષ્કેરાયેલા મન વડે, હણવાના મન વડે, ધમકીઓ વડે, મારવા વડે, પરિતાપ કરાવવાના મન વડે, ઝૂરાવવા માટે, ઉદ્વેગ કરાવવાના મન વડે, વાળ ખેંચવા સુધી, હિંસા કરે છે, દુ:ખ, ભય અને વેદના કરાવે છે. આમ જાણી સર્વ પ્રાણો, સર્વ

भयं पडिसंवेदेमि, इच्चेवं जाण सव्वे पाणा जाव सत्ता दंडेण वा जाव कवालेण वा आउड्डिज्जमाणा वा हम्मणाणा वा तज्जिज्जमाणा वा ताडिज्जमाणा वा परियाविज्जमाणा वा किलामिज्जमाणा वा उद्दविज्जमाणा वा जाव लोमुक्खणणमातमवि हिंसाकरं दुक्खं भयं पडिसंवेदेंति । एवं णच्चा सव्वे पाणा जाव सव्वे सत्ता ण हंतव्वा, ण अज्जावेयव्वा, ण परिघेत्तव्वा, न परितावेयव्वा, ण उद्दवेयव्वा ।

६८० से बेमि–जे य अतीता जे य पडुप्पण्णा जे य आगमेस्सा अरहंता भगवंता सव्वे ते एवमाइक्खंति, एवं भासेंति, एवं पण्णवेंति, एवं परूवेंति–सव्वे पाणा जाव सव्वे सत्ता ण हंतव्वा, ण अज्जावेयव्वा, ण परिघेतव्वा, ण परितावेयव्वा, ण उद्दवेयव्वा, एस धम्मे धुवे णितिए सासते, समेच्च लोगं खेतन्नेहिं पवेदिते ।

६८१ एवं से भिक्खू विरते पाणातिवाततो जाव विरते परिग्गहातो । णो दंतपक्खालणेणं दंते पक्खालेज्जा, णो अंजणं, णो वमणं, णो धूमं तं (णो धूमणेत्तं) पि आविए ।

६८२ से भिक्खू अकिरिए अलूसए अकोहे अमाणे अमाए अलोभे उवसंते परिनिव्वुडे । णो आसंसं पुरतो करेज्जा–इमेण मे दिट्ठेण वा सुएण वा मुएण वा विण्णाएण वा इमेण वा सुचरिय तव-नियम-बंभचेरवासेणं इमेण वा जायामातावुत्तिएणं धम्मेणं इतो चुते पेच्चा देवे सिया, कामभोगा वसवत्ती, सिद्धे वा अदुक्खमसुभे, एत्थ वि सिया, एत्थ वि णो सिया ।

६८३ से भिक्खू सद्देहिं अमुच्छिए, रूवेहिं अमुच्छिए, गंधेहिं अमुच्छिए, रसेहिं अमुच्छिए, फासेहिं अमुच्छिए, विरए कोहाओ माणाओ मायाओ लोभाओ पेज्जाओ दोसाओ कलहाओ अब्भक्खाणाओ पेसुण्णाओ परपरिवायातो अरतीरतीओ मायामोसाओ

સત્તાઓને હણે નહિ, દુઃખ આપે નહિ, ઘેરે નહિ, પરિતાપ કરે નહિ કે ઉપેદ્રવ કરે નહિ.

૬૮૦. તે બોલ્યા:- જે ભૂતકાળના, જે વર્તમાન કાળે છે, જે ભવિષ્યમાં થશે, તે અરહંત ભગવંતોએ આમ કહેલું, કહે છે અને કહેશે પણ, ભાખે છે અને ભાખશે. પ્રરૂપેલું છે, પ્રરૂપે છે અને પ્રરૂપણા કરશે, કે સર્વે પ્રાણો, સર્વે જીવો અને સર્વે સત્તાઓને હણે નહિ, મારે નહિ, ઘેરે નહિ, પરિતાપ કરે નહિ, કે ઉપદ્રવ પણ કરે નહિ. આ ધર્મ ધ્રૂવ છે, નિત્ય છે, શાશ્વત છે. આ, લોકો પાસે જાણકારે કહ્યો છે.

૬૮૧. તેથી તે ભિક્ષુ વિરતિ કરે છે, પ્રાણાતિપાતથી તે પરિગ્રહ સુધી. તે દાંત સાફ કરી ધોવે નહીં. ન અંજન કે વમન કરે, ધમ્ર પણ ન પીએ.

૬૮૨. તે ભિક્ષુ ક્રિયા ન કરે, ઈજા ન કરે, ક્રોધ ન કરે, માન અને માયા પણ ન કરે. લોભ ત્યાગે, ઉપશાંત થઈ નિવૃત્તિ લે. પૂર્વેથી જ ઇચ્છા ન કરે. આ મેં જોયું છે, સાંભળ્યું છે, મનથી જાણ્યું છે, વિજ્ઞાને જાણ્યું છે. અહીં સારા ચારિત્રે, તપ નિયમ બ્રહ્મચર્ય પાળી કે યાત્રા માત્રાથી જીવન ગુજારવાની વૃત્તિએ, ધર્મ કરી, અહીંથી છૂટી, મરણ પામી દેવ થઈશ, કામભોગોમાં મજા કરીશ, સિદ્ધ કે દુઃખ વિનાની શુભ જગ્યાએ જઈશ, ભલે તે ત્યાં હોય કે નહીં.

૬૮૩. તે ભિક્ષુ શબ્દ, રૂપ, રસ, ગંધોથી, મૂર્ચ્છા ન કરે. સ્પર્શની મૂર્ચ્છા ન કરે. ક્રોધ, માન, માયા, લોભ આ સર્વેથી પણ મૂર્ચ્છા ન કરે. પ્રીતિ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન (આળ), પૈશુન્ય પણ ન કરે, કામભોગો ત્યાગે અને મિથ્યાત્વરૂપી શલ્યને દૂર કરે. આમ તે મોટા પાપોથી નિવૃત્ત થાય.

मिच्छादंसणसल्लाओ, इति से महता आदाणातो उवसंते उवट्ठिते पडिविरते ।

६८४ से भिक्खू जे इमे तस-थावरा पाणा भवंति ते णो सयं समारभति, णो वऽण्णेहिं समारभावेति, अण्णे समारभंते वि न समणुजाणइ, इति से महता आदाणातो उवसंते उवट्ठिते पडिविरते ।

६८५ से भिक्खू जे इमे कामभोगा सचित्ता वा अचित्ता वा ते णो सयं परिगिण्हति, नेवऽण्णेण परिगिण्हावेति, अण्णं परिगिण्हंतं पि ण समणुजाणइ, इति से महया आदाणातो उवसंते उवट्ठिते पडिविरते ।

६८६ से भिक्खू जं पि य इमं संपराइयं कम्मं कज्जइ णो तं सयं करेति, नेवऽन्नेणं कारवेति, अन्नं पि करेंतं णाणुजाणति, इति से महत्ता आदाणातो उवसंते उवट्ठिते पडिविरते ।

६८७ से भिक्खू जं पुण जाणेज्जा असणं वा ४ अस्सिंपडियाए एगं साहम्मियं समुद्दिस्स पाणाइं भूयाइं जीवाइं सत्ताइं समारंभ समुद्दिस्स कीतं पामिच्चं अच्छेज्जं अणिसट्ठं अभिहडं आहट्टुद्देसियं चेतियं सिता तं णो सयं भुंजइ, णो वऽन्नेणं भुंजावेति, अन्नं पि भुंजंतं ण समणुजाणइ, इति से महता आदाणातो उवसंते उवट्ठिते पडिविरते से भिक्खू ।

६८८ अह पुणेवं जाणेज्जा, तं०–विज्जति तेसिं परक्कमे जस्सट्ठाते चेतितं सिया, तंजहा–अप्पणो से, पुत्ताणं, धूयाणं, सुण्हाणं, धाईणं, णाईणं, राईणं, दासाणं, दासीणं, कम्मकराणं, कम्मकरीणं, आदेसाए, पुढो पहेणाए, सामासाए, पातरासाए, सण्णिधिसंणिचए कज्जति इहमेगेसिं माणवाणं भोयणाए । तत्थ भिक्खू परकड-परणिट्ठितं उग्गमुप्पायणेसणासुद्धं सत्थातीतं सत्थपरिणामितं

તે રતી અરતી, માયામોહ અને મિથ્યા દર્શન શલ્ય દૂર કરે આમ તે ઉપશાંત થઈ વિરતિ કરે.

૬૮૪. તે ભિક્ષુ, સર્વે ત્રસ સ્થાવર જીવોને પોતે હણે નહિ, હણાવે નહિ કે કોઈ હણતો હોય તેને અનુમતિ આપે નહિ. આમ તે મોટા પાપો ન કરે, ઉપશાંત થઈ પ્રતિવિરતિ કરે.

૬૮૫. તે ભિક્ષુ અહીં સર્વ સચિત્ત કે અચિત્ત કામભોગોને સ્વયં ન લે, બીજા વડે ન લેવરાવે, લેતો હોય તેને હા પાડે નહીં. આથી તે મોટા પાપોને મેળવે નહીં. તેથી ઉપશાંત થઈ પ્રતિનિવૃત્તિ કરે.

૬૮૬. આ સંસારે જે કર્મો કરાય છે તે, ભિક્ષુ જાતે ન કરે કે કરાવે અથવા કરતાને અનુમતિ આપે નહિ, આમ તે મોટાં પાપોથી કર્મ ન બાંધે, ઉપશાંત થઈ વિરતિ કરે.

૬૮૭. તે ભિક્ષુ જાણે કે અહીં ખાનપાન વિગેરે ચાર ખાદ્યો જે પ્રત્યાય છે, તે એક સધાર્મિકને ઉદ્દેશી, કરેલ, મળેલ, છેદ્યા વિનાનું, બહારથી આણેલું, બજારથી વેચાતું લાવેલું, ઉદ્દેશથી લાવેલું ચેતનવાળું હોય તો તે જાતે ખાય નહીં. બીજાને ખવરાવે નહીં. જો કોઈ તે ખાતો હોય તો તેને અનુમતિ આપે નહીં.
આમ તે મોટાં પાપોથી બચી જાય છે અને ઉપશાંત થઈ વિરતિ કરે છે.

૬૮૮. હવે તે ભિક્ષુ આ જાણી લે, જેમ કે જ્યાં ખાવાનું છે ત્યાં તે જાય, ત્યાં ચેતનાથી ઊભો રહે, જેમ કે:- પોતા માટે, પુત્ર માટે, દીકરી માટે, વહુ માટે,ધાત્રી માટે, જ્ઞાતિ માટે, રાજા માટે, દાસ અને દાસીઓ માટે, સેવક અને સેવિકાઓ માટે, આદેશ કરી જુદું મુકાવે છે, તે છે સર્વ સવારના નાસ્તા માટે, સર્વ માણસો માટે, ભોજન અર્થે હોય છે.
હવે તે ભિક્ષુ જાણે છે કે તે બીજા માટે કરેલું છે. તેમના માટે જ નિશ્ચિત કરેલું છે. સારી રીતે બતાવેલું, એષણાથી શુદ્ધ, શસ્ત્ર વડે સમારેલું, પૂરું

अविहिंसितं एसियं वेसियं सामुदाणियं पण्णमसणं कारणट्ठा पमाणजुत्तं अक्खोवंवण-वणलेवणभूयं संजमजातामातावुत्तियं बिलमिव पन्नगभूतेणं अप्पाणेणं आहारं आहारेज्जा, तंजहा–अन्नं अन्नकाले, पाणं पाणकाले, वत्थं वत्थकाले, लेणं लेणकाले, सयणं सयणकाले ।

६८९ से भिक्खू मातण्णे अण्णतरं दिसं वा अणुदिसं वा पडिवण्णे धम्मं आइक्खे विमए किट्टे उवट्ठितेसुं वा अणुवट्ठितेसु वा सुस्सूसमाणेसु पवेदए संतिविरतिं उवसमं निव्वाणं सोयवियं अज्जवियं मद्दवियं लाघवियं अणतिवातियं सव्वेसिं पाणाणं सव्वेसिं भूताणं जाव सत्ताणं अणुवीइ किट्टए धम्मं ।

६९० से भिक्खू धम्मं किट्टमाणे णो अन्नस्स हेउं धम्मं आइक्खेज्जा, णो पाणस्स हेउं धम्मं आइक्खेज्जा, णो वत्थस्स हेउं धम्मं आइक्खेज्जा, णो लेणस्स हेउं धम्मं आइक्खेज्जा, णो सयणस्स हेउं धम्मं आइक्खेज्जा, णो अन्नेसिं विरूवरूवाणं कामभोगाणं हेउं धम्ममाइक्खेज्जा, अगिलाए धम्ममाइक्खिज्जा, णण्णत्थ कम्मणिज्जरट्ठताए धम्मं आइक्खेज्जा ।

६९१ इह खलु तस्स भिक्खुस्स अंतियं धम्मं सोच्चा णिसम्म उट्ठाय वीरा अस्सिं धम्मे समुट्ठिता, जे ते तस्स भिक्खुस्स अंतियं धम्मं सोच्चा णिसम्म सम्मं उट्ठाणेणं उट्ठाय वीरा अस्सिं धम्मे समुट्ठिता, ते एवं सव्वोवगता, ते एवं सव्वोवरता, ते एवं सव्वोवसंता, ते एवं सव्वत्ताए परिनिव्वुड त्ति बेमि ।

६९२ एवं से भिक्खू धम्मट्ठी धम्मविदू नियागपडिवण्णे, से जहेयं बुतियं, अदुवा पत्ते पउमवरपोंडरीयं अदुवा अपत्ते पउमवरपोंडरीयं ।

સમારેલું, અહિંસક, સારા ઠેકાણે મૂકેલું, સામુદાયિક ખાવા માટે, તે પ્રજ્ઞાથી જાણેલું, ખાવા અર્થે જ, આંખોથી બરાબર જોઈ, પ્રમાણસર વ્રણ લેપન કરેલું, સંયમ જાળવવા પૂરતું જ પ્રમાણસર, ગ્રહણ કરે, તે જેમ સાપ ખાય અને દરમાં જાય, તે તેમ ગ્રહણ કરી ખાય.

તે ખાવાને વખતે ખાય, પીવાને ટાણે પીવે, વસ્ત્રના ટાણે વસ્ત્ર ધારણ કરે, લેપના ટાણે લેપ કરે, સૂવાના ટાણે સૂવે.

૬૮૯. તે ભિક્ષુ માત્રા માટે કોઈ પણ દિશાએ જાય. તે ધર્મોપદેશ કરે જે ઉપસ્થિત હોય તેમને કોઈ જાતનો ભય રાખ્યાં વિના. જે માંદા છે અને ત્યાં નથી તેમને શુશ્રૂષાના મન વડે ધર્મ કથન કરે. શાંતિ, વિરતિ, ઉપશમ, નિર્વાણ, શોકવિના, સરળતાથી, નમ્રભાવે, લઘુતાથી, અહિંસક, સર્વ પ્રાણોને, સર્વ ભૂતોને, અને સર્વે સત્તાઓને, અનુક્રમે ધર્મકીર્તન કરે.

૬૯૦. ધર્મોપદેશ આપે ત્યારે તે ભિક્ષુ-અન્નના કે પાનના કે વસ્ત્રના, લેપના કે શયનના અર્થે ધર્મકીર્તન ન જ કરે. તે વિવિધ પ્રકારના કામભોગો અર્થે, તે મેળવવા અર્થે ધર્મકથન ન જ કરે. ગ્લાનિ વગર ધર્મકથન કરે. કોઈ પણ રીતે કર્મ નિર્જરા માટે તે ધર્મકથન કરે નહીં.

૬૯૧. આ ધર્મમાં સમુસ્થિત વીરોનું ઉત્થાણ કરવા તે ભિક્ષુનું આ છેલ્લું ધર્મ-કથન છે, જે આ ભિક્ષુની અંતિમ ધર્મોપદેશ સાંભળી, શાંતિ પામે છે. સિદ્ધાંતના ઉત્થાણથી વીરોને આ ધર્મમાં જાગૃત કરી ધર્મમાં સ્થિર કરે છે. તેથી તેને સર્વ મેળવ્યું છે. તે સર્વેથી ઉપરત થાય છે, અને સર્વ રીતે ઉપશાંત થઈ સર્વ રીતે નિવૃત્તિ કરે છે.

૬૯૨. તેથી તે ભિક્ષુ છે ધર્માર્થી, ધર્મનો જાણકાર, નિયાગ મેળવી તેને, અહીં જે કહ્યું, તેથી સર્વશ્રેષ્ઠ શ્વેત કમળ મેળવ્યું કે ન મેળવ્યું તે માટે બેફિકર છે.

६९३ एवं से भिक्खू परिण्णातकम्मे परिण्णायसंगे परिण्णायगिहवासे उवसंते समिते सहिए सदा जते । सेयं वयणिज्जे तंजहा–समणे ति वा माहणे ति वा खंते ति वा दंते ति वा गुत्ते ति वा मुत्ते ति वा इसी ति वा मुणी ति वा कती ति वा विदू ति वा भिक्खू ति वा लूहे ति वा तीरट्ठी ति वा चरणकरणपारविदु त्ति बेमि ।

॥बितियसुयक्खंधस्स पोंडरीयं पढमं अज्झयणं सम्मत्तं ॥

૬૯૩. હવે તે ભિક્ષુ કર્મોનો જાણકાર, સંગનો જાણકાર, ગૃહવાસનો જાણકાર, ઉપશાંત થઈ સમિતીઓયુક્ત સ્વહિતે યતના કરે છે. તે વિષે કહ્યું છે :- શ્રમણ હોય કે બ્રાહ્મણ હોય, ક્ષાંત, દાંત હોય, ગુપ્તિઓ ધારે, મુક્તિ મેળવે, ઋષિ હોય કે મુનિ હોય, કૃતિવાન હોય કે વિદ્વાન હોય, ભિક્ષુ હોય કે ઋક્ષ હોય, કે તે તરવાનો અર્થી હોય, તેને ચરણ કરણ પાર થયેલો જાણકાર કહે છે.

આમ હું કહું છું. પ્રથમ અધ્યાય સમાપ્ત -

बीयं अज्झयणं 'किरियाठाणं'

६९४ सुतं मे आउसंतेणं भगवता एवमक्खातं—इह खलु किरियाठाणे णाम अज्झयणे, तस्स णं अयमट्ठे—इह खलु संजूहेणं दुवे ठाणा एवमाहिज्जंति, तंजहा—धम्मे चेव अधम्मे चेव, उवसंते चेव अणुवसंते चेव । तत्थ णं जे से पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे तस्स णं अयमट्ठे—इह खलु पाईणं वा ४ संतेगइया मणुस्सा भवंति, तंजहा—आरिया वेगे अणारिया वेगे, उच्चागोता वेगे णीयागोता वेगे, कायमंता वेगे ह्रस्स वेगे, सुवण्णा वेगे दुवण्णा वेगे, सुरूवा वेगे दुरूवा वेगे ।

तेसिं च णं इमं एतारूवं दंडसमादाणं संपेहाए, तंजहा—णेरइएसु तिरिक्खजोणिएसु माणुसेसु देवेसु जे यावन्ने तहप्पगारा पाणा विण्णू वेयणं वेदेंति तेसिं पि य णं इमाइं तेरस किरियाठाणाइं भवंतीति अक्खाताइं, तंजहा—अट्ठादंडे १ अणट्ठादंडे २ हिंसादंडे ३ अकम्हादंडे ४ दिट्ठिविपरियासियादंडे ५ मोसवत्तिए ६ अदिन्नादाणवत्तिए ७ अज्झत्थिए ८ माणवत्तिए ९ मित्तदोसवत्तिए १० मायावत्तिए ११ लोभवत्तिए १२ इरियावहिए १३ ।

६९५ पढमे दंडसमादाणे अट्ठादंडवत्तिए त्ति आहिज्जति, से जहानामए केइ पुरिसे आतहेउं वा णाइहेउं वा अगारहेउं वा परिवारहेउं वा मित्तहेउं वा णागहेउं वा भूतहेउं वा जक्खहेउं वा तं दंडं तस-थावरेहिं पाणेहिं सयमेव णिसिरति, अण्णेण वि णिसिरावेति, अण्णं पि णिसिरंतं समणुजाणति, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे ति आहिज्जति, पढमे दंड समादाणे अट्ठादंडवत्तिए त्ति आहिते.

६९६ (१) अहावरे दोच्चे दंडसमादाणे अणट्ठादंडवत्तिए त्ति आहिज्जति, से जहानामए केइ पुरिसे जे इमे तसा पाणा भवंति ते णो अच्चाए

અધ્યાય બીજો
ક્રિયાસ્થાન

૬૯૪. હે આયુષ્માન ! મને સાંભળ, ભગવંતે આમ કહ્યું છે :- આ અધ્યાયનું નામ ક્રિયાસ્થાન છે. તેનું કારણ આમ છે : જોડેલા હોવાથી આ બન્ને સ્થાન સંયુક્ત છે. જેમ કે :- ધર્મ અને અધર્મ, ઉપશાંત અને અનુપશાંત. હવે પ્રથમ સ્થાનનો અધર્મ પક્ષનો વિભંગ જે છે તેનો હેતુ આમ છે :- આ લોકે પૂર્વથી માંડી ચારે દિશાઓમાં માણસો ઉપજે છે, આર્ય વર્ગના, અનાર્ય વર્ગના, ઉચ્ચ ગોત્રના, અને નીચા ગોત્રના, સારી કાયાવાળા, નાની કાયાવાળા, સુવર્ણ વર્ણના, ખરાબ વર્ણના, રૂપવાન કે કદ્રૂપા વર્ગના. તેમને જ આ પ્રકારનો દંડ થાય છે તે જાણો. જેમ કે :- નારકીઓને, તિર્યંચ યોનીઓને, માણસોને કે દેવોને, આ પ્રકારના જીવો વેદના વેઠે છે. તેમને આ તેર ક્રિયાસ્થાનો થાય છે એમ કહ્યું છે. જેમ કે :- અર્થ દંડ(૧), અનર્થદંડ(૨), હિંસા દંડ(૩), અકસ્માત દંડ(૪), દ્રષ્ટિવિપર્યાસ દંડ(૫), મોષ વૃત્તિ(૬), અદિન્નાદાણ વૃત્તિ(૭), અધ્યાર્થ વૃત્તિ(૮), માન વૃત્તિ(૯), મિત્રદોષ વૃત્તિ(૧૦), માયા વૃત્તિ(૧૧), લોભ વૃત્તિ(૧૨), ઇરિયા પથિકે(૧૩).

૬૯૫. પહેલું દંડ સમાદાન તે અર્થ દંડ વૃત્તિનું છે, કોઈ પુરૂષ આત્મ હેતુ, જ્ઞાતિના હેતુ, ઘરના હેતુ, પરિવારના હેતુ, મિત્રના હેતુ, કે નાગ, ભૂત, કે યક્ષના હેતુથી, તે ત્રસ સ્થાવર જીવોને દંડે છે, પોતે કે બીજા વડે અથવા દંડતો હોય તેને અનુમતિ આપે છે. આ સર્વે, તે જાતનું, સાવર્જ કહ્યું છે. આ પ્રથમ દંડ સમાદાન, અર્થ દંડ વૃત્તિનું કહ્યું છે.

૬૯૬. (૧) હવે બીજું દંડ સમાદાન તે અનર્થદંડ વૃત્તિનું કહ્યું છે. કોઈ માણસ અહીં જે ત્રસ જીવો છે, તે પૂજા અર્થે નહીં, ચામડા માટે નહીં,

णो अजिणाए णो मंसाए णो सोणियाए एवं हिययाए पित्ताए वसाए पिच्छाए पुच्छाए वालाए सिंगाए विसाणाए दंताए दाढाए णहाए ण्हारुणीए अट्ठीए अट्ठिमिंजाए, णो हिंसिंसु मे त्ति, णो हिंसंति मे त्ति, णो हिंसिस्संति मे त्ति, णो पुत्तपोसणयाए णो पसुपोसणयाए णो अगारपरिवूहणताए णो समणमाहणवत्तियहेउं, णो तस्स सरीरगस्स किंचि वि परियादित्ता भवति, से हंता छेत्ता भेत्ता लुंपइत्ता विलुंपइत्ता उद्दवइत्ता उज्झिउं बाले वेरस्स आभागी भवति, अणट्ठादंडे ।

(२) से जहाणामए केइ पुरिसे जे इमे थावरा पाणा भवंति, तंजहा–इक्कडा इ वा कढिणा इ वा जंतुगा इ वा परगा इ वा मोरका इ वा तणा इ वा कुसा इ वा कुच्चक्का इ वा पव्वगा ति वा पलालए इ वा, ते णो पुत्तपोसणयाए णो पसुपोसणयाए णो अगारपोसणयाए णो समणमाहणपोसणयाए, णो तस्स सरीरगस्स किंचि वि परियादित्ता भवति, से हंता छेत्ता भेत्ता लुंपइत्ता विलुंपइत्ता उद्दवइत्ता उज्झिउं बाले वेरस्स आभागी भवति, अणट्ठादंडे ।

(३) से जहाणामए केइ पुरिसे कच्छंसि वा दहंसि वा दगंसि वा दवियंसि वा वलयंसि वा णूमंसि वा गहणंसि वा गहणविदुग्गंसि वा वणंसि वा वणविदुग्गंसि वा तणाइं ऊसविय ऊसविय सयमेव अगणिकायं णिसिरति, अण्णेण वि अगणिकायं णिसिरावेति, अण्णं पि अगणिकायं णिसिरंतं समणुजाणति, अणट्ठादंडे, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जति, दोच्चे दंडसमादाणे अणट्ठादंडवत्तिए त्ति आहिते ।

६९७ अहावरे तच्चे दंडसमादाणे हिंसादंडवत्तिए त्ति आहिज्जति । से जहाणामए केइ पुरिसे ममं वा ममिं वा अन्नं वा अन्निं वा हिंसिंसु वा हिंसइ वा हिंसिस्सइ वा तं दंडं तस-थावरेहिं पाणेहिं सयमेव

માંસ, લોહી, હૃદય, પિત્ત, ચરબી, પિંછ, પુચ્છ, વાળ, સિંગ, હાથી કે ગેંડાના દાંત, દાંત, દાઢ, નખ, સ્નાયુના રજ્જુ, હાડકું કે હાડકાની મજ્જા, આમાંથી એક કે વધારે કે સર્વેના અર્થે, હિંસા કરે નહિ, કરાવે નહિ કે, બીજાને સન્મતિ ન જ આપે. પુત્રપોષણ માટે, પશુપોષણ માટે, ઘરવૃદ્ધિ માટે, શ્રમણ માહણના વૃત્તિ અર્થે, તે જીવોના શરીરમાં જરા પણ ફેરફાર કરે નહિ, તેને હણે નહિ, છેદે નહિ, ભેદે નહિ, સંતાડે નહિ કે નાશ કરે નહિ. તેને ઉદ્રવ કરે નહિ, કે તેમ કરી છોડી દે નહિ. જો હિંસા કરે તો તે વેરનો ભાગી થાય છે. આ છે અનર્થ દંડ વૃત્તિના કૃત્યોનું સમાદાન.

(૨) કોઈ માણસ જે અહીં સ્થાવર જીવો છે, જેમ કે :- ઈક્કડા, કઠીણા, જંતુગા, પરગા, મોરકા, તૃણ, કુશ, કુચ્ચકા, પર્વગા, કે પલાલ હોય, તે પુત્રપોષણ માટે નહિ, પશુપોષણ માટે નહિ, ઘરપોષણ માટે નહિ, શ્રમણ માહણ પોષણ માટે નહિ, તે જીવોના શરીરોમાં જરા પણ ફેરફાર કરે નહિ, તેને હણવું, છેદવું, ભેદવું, સંતાડવું, નાશ કરવો, ઉદ્રવ કરી નાંખવો અને ત્યાગ કરવો ; આમ હિંસા કરવાથી વેરનો ભાગી થાય છે, કોઈ જાતના કારણ વિના.

(૩) કોઈ માણસ, કચ્છમાં, દાઝેલી જગ્યામાં, પાણીવાળી જગ્યાએ, ભેજવાળી જગ્યાએ, વળાંકમાં, નીચી જગ્યાએ, ઊંડીખાડીમાં, દુર્ગમ જગ્યાએ, વનમાં, વનમાંના કિલ્લામાં, ઘાસ ખેંચી કાઢે, તેના ઢગલાં કરી જુદી જુદી જગ્યાઓએ બાળે, બળાવે, કે અનુમતિ આપે, તેથી તે સાવર્જ - અનર્થા દંડના કર્મ પ્રાપ્ત કરે છે. આ સર્વે સાવર્જ છે. આ છે બીજું અનર્થા દંડ વૃત્તિનું સમાદાન.

૬૯૭. હવે ત્રીજું સમાદાન તે હિંસા દંડ વૃત્તિનું કહ્યું છે. કોઈ માણસ મારા, મારી કે અન્ય, અન્યી, હોય તેને મારે છે, મરાવે છે, તે પોતેજ તે જીવને હણે છે, ત્રસસ્થાવર જીવો, હણાવે છે કે અન્ય હણાતાંને અનુમતિ આપે છે. આ

णिसिरति, अण्णेण वि णिसिरावेति, अन्नं पि णिसिरंतं समणुजाणति, हिंसादंडे, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ, तच्चे दंडसमादाणे हिंसादंडवत्तिए त्ति आहिते ।

६९८ (१) अहावरे चउत्थे दंडसमादाणे अकस्माद् दंडवत्तिए त्ति आहिज्जति, से जहाणामए केइ पुरिसे कच्छंसि वा जाव वणविदुग्गंसि वा मियवित्तिए मियसंकप्पे मियपणिहाणे मियवहाए गंता एते मिय त्ति काउं अन्नयरस्स मियस्स वधाए उसुं आयामेत्ता णं णिसिरेज्जा, से मियं वहिस्सामि त्ति कट्टु तित्तिरं वा वट्टगं वा चडगं वा लावगं वा कवोतगं वा कविं वा कविंजलं वा विंधित्ता भवति, इति खलु से अण्णस्स अट्ठाए अण्णं फुसइ, अकस्माद्दंडे ।

(२) से जहाणामए केइ पुरिसे सालीणि वा वीहीणि वा कोद्दवाणि वा कंगूणि वा परगाणि वा रालाणि वा णिलिज्जमाणे अन्नयरस्स तणस्स वहाए सत्थं णिसिरेज्जा, से सामगं मयणगं मुगुंदगं वीहिरूसितं कालेसुतं तणं छिंदिस्सामि त्ति कट्टु सालिं वा वीहिं वा कोद्दवं वा कंगुं वा परगं वा रालयं वा छिंदित्ता भवइ, इति खलु से अन्नस्स अट्ठाए अन्नं फुसति, अकस्मात् दंडे, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जति, चउत्थे दंडसमादाणे अकस्मात् दंडवत्तिए त्ति आहिते ।

६९९ (१) अहावरे पंचमे दंडसमादाणे दिट्ठीविप्परियासियादंडे त्ति आहिज्जति, से जहाणामए केइ पुरिसे माईहिं वा पिईहिं वा भातीहिं वा भगिणीहिं वा भज्जाहिं वा पुत्तेहिं वा धूताहिं वा सुण्हाहिं वा सद्धिं संवसमाणे मित्तं अमित्तमिति मन्नमाणे मित्ते हयपुव्वे भवति, दिट्ठीविप्परियासियादंडे ।

(२) से जहा वा केइ पुरिसे गामघायंसि वा णगरघायंसि वा खेड० कब्बड० मडंबघातंसि वा दोणमुहघायंसि वा पट्टणघायंसि वा

હિંસા દંડ તે સાવર્જ કહ્યો છે. આ થયું ત્રીજો હિંસા દંડ વૃત્તિનું સમાદાન એમ કહ્યું છે.

૬૯૮. (૧) ચોથું દંડ સમાદાન અકસ્માત દંડ વૃત્તિનું કહ્યું છે. કોઈ માણસ ભેજવાળી જગ્યાએ કે વનમાંના કિલ્લામાં, શિકાર કરી કોઈ જાનવરને મારવા જાય છે, તે જ સંકલ્પથી તે જાય છે. જાનવરનો ઉપયોગ કરવા, જાનવરને મારવા, જાય છે. જાનવર જાણી અન્ય જીવને હણે છે, તે બાણ છોડીને હણે છે. તે જાનવરને મારીશ એમ ધારી તિત્તર, વર્ધક, ચંડક, લાવક, કપોત, વાંદરું કે કપિંજલનો વધ કરે છે. આથી તે એકને અર્થે બીજા જીવને મારે છે. આમ થાય અકસ્માત દંડ વડે.

(૨) કોઈ માણસ શાળી, ડાંગર, કોદરા, કાંગ, બંટી, રાલ, લેવાના અર્થે અન્યતર તૃણ પોતાના શસ્ત્ર વડે કાપે છે. તેથી તે શામક, મદનક, મુકૂંદક, ઉગતી ડાંગર, કાલે સુતં, તૃણ કાપીશ એમ કરી તે શાલી કે ડાંગર, કે કોદરા, કે કાંગ, કે પરગ કે રાલય છેદે છે. આમ તે એકને અર્થે બીજાને અકસ્માતથી કાપે છે. તેથી આ જાતનું કૃત્ય સાવર્જ કહ્યું છે. આ છે ચોથું અકસ્માત દંડ વૃત્તિનું કર્મ.

૬૯૯. (૧) હવે પાંચમો દંડ સમાદાન તે દૃષ્ટિ વિપર્યાસ નામે થાય છે. કોઈ પુરૂષ માતા, પિતા, ભાઈ, બહેન, સ્ત્રી, પુત્ર, પુત્રી, પુત્રવધુ સાથે, સહવાસ કરે છે. તે મિત્રને વેરી માની તેને હણે છે. આમ દૃષ્ટિ વિપર્યાસ દંડ થાય છે.

(૨) કોઈ માણસ ગામનો ઘાત કરવા, નગરનો ઘાત કરવા, નાનું ગામ કે મંડપનો ઘાત કરવા, દ્રોણ મુખનો ઘાત કરવા, પાટણનો

आसमघातंसि वा सन्निवेसघायंसि वा निगमघायंसि वा रायहाणिघायंसि वा अतेणं तेणमिति मन्नमाणे अतेणे हयपुव्वे भवइ, दिट्ठीविपरियासियादंडे, एवं खलु तस्स तप्पतियं सावज्जे ति आहिज्जति, पंचमे दंडसमादाणे दिट्ठीविप्परियासियादंडे त्ति आहिते ।

७०० अहावरे छट्ठे किरियाठाणे मोसवत्तिए त्ति आहिज्जति, से जहानामए केइ पुरिसे आयहेउं वा नायहेउं वा अगारहेउं वा परिवारहेउं वा सयमेव मुसं वयति, अण्णेण वि मुसं वदावेति, मुसं वयंतं पि अण्णं समणुजाणति, एवं खलु तस्स तप्पतियं सावज्जे ति आहिज्जति, छट्ठे किरियाठाणे मोसवत्तिए त्ति आहिते ।

७०१ अहावरे सत्तमे किरियाठाणे अदिण्णादाणवतिए ति आहिज्जति से जहाणामए केइ पुरिसे आयहेउं वा जाव परिवारहेउं वा सयमेव अदिण्णं आदियति, अण्णेण वि अदिण्णं आदियावेति, अदिण्णं आदियंतं अण्णं समणुजाणति, एवं खलु तस्स तप्पतियं सावज्जे ति आहिज्जति, सत्तमे किरियाठाणे अदिण्णादाणवत्तिए त्ति आहिते ।

७०२ अहावरे अट्ठमे किरियाठाणे अज्झत्थिए त्ति आहिज्जति, से जहाणामए केइ पुरिसे, से णत्थि णं केइ किंचि विसंवादेति, सयमेव हीणे दीणे दुट्ठे दुम्मणे ओहयमणसंकप्पे चिंतासोगसागरसंपविट्ठे करतलपल्हत्थमुहे अट्टज्झाणोवगते भूमिगतदिट्ठीए झियाति, तस्स णं अज्झत्थिया असंसइया चत्तारि ठाणा एवमाहिज्जंति, तं०-कोहे माणे माया लोभे, अज्झत्थमेव कोह-माण-माया-लोहा, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे ति आहिज्जति, अट्ठमे किरियाठाणे अज्झत्थिए त्ति आहिते ।

ઘાત કરવા, આશ્રમનો ઘાત કરવા, સન્નિવેશનો ઘાત કરવા, નિગમનો ઘાત કરવા, રાજધાનીનો ઘાત કરવા, જે માણસ દેખાય છે ત્યાં તેને ચોર નથી છતાં ચોર માની હણે છે. આમ થયું દૃષ્ટિ વિપર્યાસનું કર્મ. આ જાતના કર્મ સાવર્જ છે. આ છે પાંચમું દૃષ્ટિ વિપર્યાસ વૃત્તિનું સ્થાન.

૭૦૦. હવે છઠ્ઠું ક્રિયાસ્થાન તે મોષ વૃત્તિનું કહ્યું છે. કોઈ માણસ પોતાને માટે, જ્ઞાતિ માટે, ઘર માટે, પરિવાર માટે, તે પોતે ખોટું બોલે છે, બીજા વડે ખોટું બોલાવે છે, કે અન્ય ખોટું બોલી રહ્યો હોય તેને અનુમતિ આપે છે. આ પ્રકારનું કર્મ સાવર્જ કહ્યું છે. આમ થયું છઠ્ઠું મોષ વૃત્તિનું ક્રિયાસ્થાન, એમ કહ્યું છે.

૭૦૧. હવે સાતમું અદત્તાદાન વૃત્તિનું ક્રિયાસ્થાન કહે છે :- કોઈ માણસ પોતાને માટે, કે પરિવારના હેતુએ જાતે ન આપેલું લે છે, બીજા વડે લેવરાવે છે, અન્ય લેતો હોય તેને અનુમતિ આપે છે. આ પ્રકારનું કૃત્ય સાવર્જ કહ્યું છે. આ થયું સાતમું અદત્તાદાન નામે ક્રિયાસ્થાન, એમ કહ્યું છે.

૭૦૨. હવે આઠમું ક્રિયાસ્થાન તે અધ્યર્થી એ કહેવાય છે. કોઈ માણસ પાસે જરા પણ, કશુંએ નથી, છતાં તે વિખવાદ કરે છે, પોતેજ હીન, દીન, દૂષ્ટ, દુર્મનવાલો હતાશ થઈ મનમાં સંકલ્પ કરે છે. તે ચિંતાસાગરમાં ડૂબી પોતાની હથેલી પર મુખ રાખી, આર્ત ધ્યાન ધરે છે. નીચે જમીન પર નજર રાખી વિચારોમાં પડે છે. ત્યાં તે પોતાના ઉદ્દેશથી ચાર સ્થાન વિષે શંકારહિત છે. જેમ કે ક્રોધ, માન, માયા અને લોભથી સ્વાર્થમાં પડે છે એમ કહ્યું છે. આ જાતનાં કર્મો સાવર્જ કહ્યા છે. આ થયું આઠમું અધ્યર્થી એ નામનું ક્રિયાસ્થાન, એમ કહ્યું છે.

७०३ अहावरे णवमे किरियाठाणे माणवत्तिए त्ति आहिज्जइ, से जहाणामए केइ पुरिसे जातिमदेण वा कुलमदेण वा बलमदेण वा रूवमएण वा तवमएण वा सुयमदेण वा लाभमदेण वा इस्सरियमदेण वा पण्णामदेण वा अन्नतरेण वा मदट्ठाणेणं मत्ते समाणे परं हीलेति निंदति खिंसति गरहति परिभवइ अवमण्णेति, इत्तरिए अयमंसि अप्पाणं समुक्कसे, देहा चुए कम्मबितिए अवसे पयाति, तंजहा—गब्भातो गब्भं, जम्मातो जम्मं, मारातो मारं, णरगाओ णरगं, चंडे थद्धे चवले माणी यावि भवति, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जति, णवमे किरियाठाणे माणवत्तिए त्ति आहिते ।

७०४ अहावरे दसमे किरियाठाणे मित्तदोसवत्तिए त्ति आहिज्जति, से जहाणामए केइ पुरिसे मातीहिं वा पितीहिं वा भाईहिं वा भगिणीहिं वा भज्जाहिं वा पुत्तेहिं वा धूयाहिं वा सुण्हाहिं वा सद्धिं संवसमाणे तेसिं अन्नतरंसि अहालहुगंसि अवराहंसि सयमेव गरुयं दंडं वत्तेति, तंजहा—सीतोदगंवियडंसि वा कायं ओवोलित्ता भवति, उसिणोदगवियडेण वा कायं ओसिंचित्ता भवति, अगणिकाएण वा कायं उड्डहित्ता भवति, जोत्तेण वा वेत्तेण वा णेत्तेण वा तया वा कसेण वा छिवाए वा लयाए वा पासाइं उद्दालेत्ता भवति, दंडेण वा अट्ठीण वा मुट्ठीण वा लेलूण वा कवालेण वा कायं आउट्टित्ता भवति, तहप्पकारं पुरिसजाते संवसमाणे दुम्मणा भवंति, पवसमाणे सुमणा भवंति, तहप्पकारे पुरिसजाते दंडपासी दंडगुरुए दंडपुरक्खडे अहिए इमंसि लोगंसि अहिते परंसि लोगंसि संजलणे कोहणे पिट्ठिमंसि यावि भवति, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जति, दसमे किरियाठाणे मित्तदोसवत्तिए त्ति आहिते ।

७०५ अहावरे एक्कारसमे किरियाठाणे मायावत्तिए त्ति आहिज्जति, जे इमे भवंति—गूढायारा तमोकासिया उलूगपत्तलहुया पव्वयगुरुया, ते आरिया वि संता अणारियाओ भासाओ विउज्जंति, अन्नहा संतं

૭૦૩. હવે નવમું ક્રિયાસ્થાન તે માનવૃત્તિનું કહ્યું છે. કોઈ માણસ જાતિ મદ, કુળનો મદ, બળનો મદ, રૂપનો મદ, તપનો મદ, શ્રુતનો મદ, લાભનો મદ, ઐશ્વર્યનો મદ, પ્રજ્ઞાનો મદ, કે અન્યતર મદ સ્થાનેથી મદ કરતો, બીજાની નિંદા કરે છે, હેલણા કરે છે, ખીજવે છે, પરાજીત કરે છે, અપમાન કરે છે, બીજી રીતે પોતાને ઉચ્ચમાની ગર્વ કરે છે. કર્માધીન થઈ દેહ છોડી અવશ થઈ જાય છે. જેમ કે :- એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં, એક જન્મથી બીજા જન્મે, એક મરણથી બીજા મરણે, એક નરકેથી બીજા નરકમાં. તે ક્રૂર, હઠીલો, ચપળ અને ગર્વિષ્ટ થાય છે. તે જાતનાં કર્મો સાવર્જ કહ્યાં છે. આ નવમું માનવૃત્તિનું ક્રિયાસ્થાન, કહ્યું છે.

૭૦૪. હવે દસમું ક્રિયાસ્થાન તે મિત્રદોષ વૃત્તિનું કહ્યું છે. કોઈ માણસ માતા, પિતા, ભાઈ, બહેન, સ્ત્રી, પુત્ર, પુત્રી, કે વહુ સાથે રહે છે. તે તેમને નાનકડા અપરાધ માટે જબરી શિક્ષા કરે છે. જેમ કે :- શરીરને બહુ જ ઠંડા પાણીમાં બોળવું કે ડૂબાડવું, અથવા ઘણું જ ગરમ પાણી તેના શરીર ઉપર છાંટવું, સિંચવું. અગ્નિથી કાયાને, દઝાડવી, તે તેને જોડાથી, દંડાથી, નેતરથી, ચામડાથી કે ચાબુકથી, લતા વડે, તેનાં પાસાંપર ઘણા જોરથી મારે છે. અથવા દંડા વડે, હાડકાં વડે, મૂઠ્ઠી વડે, ઢેંફાથી, નળિયાથી, શરીર ઉપર મારે કે જેથી તેને છોલે કે સોજો લાવે, તેથી તે પુરૂષ ઘેર હોય ત્યારે, બધા દુ:ખી થાય છે. જ્યારે તે બહાર જાય ત્યારે સર્વે રાજી ખુશી થાય છે. તે જાતનો માણસ દંડ ધારે છે, ભારે દંડ કરે છે, શિક્ષાનો પુરસ્કાર કરે છે, અહિત કરે છે. તે પરલોકે પણ અહિત કરે છે. તે ક્રોધથી ઘણો જ ગુસ્સો કરે છે. પીઠપાછળ ચુગલી કરે છે તેથી તે પ્રકારનાં કર્મો સાવર્જ કહ્યાં છે. આ છે દસમું મિત્ર દોષ વૃત્તિનું ક્રિયાસ્થાન, એમ કહ્યું છે.

૭૦૫. આ પ્રમાણે હવે અગિયારમું ક્રિયાસ્થાન માયાવૃત્તિનું કહ્યું છે. અહીં જે ગૂઢ આચારવાળા છે તે કાળાં કૃત્યો કરે છે. તે ઘુવડના પાંખની જેમ હલકાં, પર્વતની જેમ ભારે હોય છે. તે આર્ય હોઈ અનાર્ય ભાષાઓ બોલે છે. પોતે

अप्पाणं अन्नहा मन्नंति, अन्नं पुट्ठा अन्नं वागरेंति, अन्नं आइक्खियव्वं अन्नं आइक्खंति । से जहाणामए केइ पुरिसे अंतोसल्ले तं सल्लं णो सयं णीहरति, णो अन्नेण णीहरावेति, णो पडिविद्धंसेति, एवामेव निण्हवेति, अविउट्टमाणे अंतो अंतो रियाति, एवामेव माई मायं कट्टु णो आलोएति णो पडिक्कमति णो णिंदति णो गरहति णो विउट्टति णो विसोहति णो अकरणयाए अब्भुट्ठेति णो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जति, मायी अस्सिं लोए पच्चायाइ, मायी परंसि लोए पच्चायाति, निंदं गहाय पसंसते, णिच्चरति, ण नियट्टति, णिसिरिय दंडं छाएति, मायी असमाहडसुहलेसे यावि भवति, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जइ, एक्कारसमे किरियाठाणे मायावत्तिए त्ति आहिते ।

७०६ अहावरे बारसमे किरियाठाणे लोभवत्तिए त्ति आहिज्जति, तंजहा–जे इमे भवंति आरण्णिया आवसहिया गामंतिया कण्हुईराहस्सिया, णो बहुसंजया, णो बहुपडिविरया सव्वपाण-भूत-जीव-सत्तेहिं, ते अप्पणा सच्चामोसाइं एवं विउंजंति–अहं ण हंतव्वो अन्ने हंतव्वा, अहं ण अज्जावेतव्वो अन्ने अज्जावेयव्वा, अहं ण परिघेत्तव्वो अन्ने परिघेत्तव्वा, अहं ण परितावेयव्वो अन्ने परितावेयव्वा, अहं ण उद्दवेयव्वो अन्ने उद्दवेयव्वा, एवामेव ते इत्थिकामेहिं मुच्छिया गिद्धा गढिता गरहिता अज्झोववण्णा जाव वासाइं चउपंचमाइं छद्दसमाइं अप्पयरो वा भुज्जयरो वा भुंजित्तु भोगभोगाइं कालमासे कालं किच्चा अन्नतरेसु आसुरिएसु किब्बिसिएसु ठाणेसु उववत्तारो भवंति, ततो विप्पमुच्चमाणा भुज्जो भुज्जो एलमूयत्ताए तमूयत्ताए जाइमूयत्ताए पच्चायंति, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जति, दुवालसमे किरियाठाणे लोभवत्तिए त्ति आहिते । इच्चेताइं दुवालस किरियाठाणाइं दविएणं समणेणं वा माहणेणं वा सम्मं सुपरिजाणियव्वाइं भवंति ।

અન્ય પ્રકારના હોઈ, પોતાને અન્ય ગણાવે છે. અન્ય કહે છે પણ તે પોતે તેથી અન્ય છે. પૂછે એક તો જવાબ બીજો હોય. કોઈ પુરૂષ કહે છે : કાંટો વાગ્યો છે તે શરીરે ભરાયો છે, તે કાંટાને બહાર ન કાઢે, બીજા વડે પણ ન કઢાવે, તેનો નાશ ન કરે, આમ તે છુપાવે છે. કાંટો ન કાઢવાથી તે શરીરમાં વધારે અંદર જાય છે. આમ તે કપટી માણસ માયા કરે છે. તેની આલોચના કરતો નથી, તે પ્રતિક્રમણ કરતો નથી, નિંદા કે ગર્હણા નથી કરતો, તે સુધરે નહિ, વિશોધન. કરવા તૈયાર નથી. તે આર્યના તપો અને પ્રાયશ્ચિત નથી કરતો. માયા આ લોકે તરી આવે છે, પરલોકે પણ પ્રત્યાય દે છે. નિંદાની પ્રશંસા કરે છે. તે આચરે છે અને તેમ જ વર્તન કરે છે, થોભાવે નહીં. તે દુષ્કર્મ છુપાવે છે. કપટીને શુદ્ધ લેશ્યાથી સમાધાન ન થાય, તે પ્રકારનું સર્વ સાવર્જ કહ્યું છે. આ અગિયારમું ક્રિયાસ્થાન, માયાવૃત્તિનું કહેવાય છે.

૭૦૬. હવે બારમું ક્રિયાસ્થાન લોભવૃત્તિનું કહ્યું છે. જેમ કે:- અહીં જે આરણ્યવાસી તાપસો છે તે ગામના અંતે આવી કયાં પણ વસે છે. તે બહુસંયમી નથી હોતા, ઘણી વિરતિ સર્વે જીવો કે સત્તાઓ વિષે નથી કરતાં, તે પોતાને ફાવે તેમ સાચું ખોટું યોજે છે :- અમને ન મારો, અન્યને મારો, મને દુઃખ ન આપો, અન્યને આપો. મને ન ઘેરો, અન્યને ઘેરો. મને પરિતાપ ન કરાવો, અન્યને પરિતાપ કરાવો, મને ઉપદ્રવ ન કરો, અન્યને ઉપદ્રવ કરો. આવી રીતે તે સ્ત્રી વિષયોથી લંપટ તેમાં મૂર્ચ્છા પામેલાં, આસક્ત થયેલાં, ઘણી ગર્હના કરતાં, જ્યારે કારણ ઉપજે ત્યારે ચાર પાંચ વર્ષો પછી કે છથી દસ વર્ષે, થોડા ઓછા કે વધારે સર્વ જાતના ભોગો ભોગવી, કાળ આવે ત્યારે મરણ પામી અન્યતરે અસૂરોના પાપી અને ગંદા સ્થાને એડકાની જેમ મૂંગા થઈ ઉપજે છે. તે કાળા અંધારાની જેમ ત્યાં રહી વર્તાય છે. તેથી આ જાતના કર્મો સાવર્જ કહ્યાં છે. આ છે બારમું લોભવૃત્તિનું ક્રિયાસ્થાન, એમ કહ્યું છે.

७०७ अहावरे तेरसमे किरियाठाणे इतियावहिए त्ति आहिज्जति, इह खलु अत्तत्ताए संवुडस्स अणगारस्स इरियासमियस्स भासासमियस्स एसणासमियस्स आयाणभंडमत्तणिक्खेवणासमियस्स उच्चार-पासवण-खेल-सिंघाण-जल्लपारिट्ठावणिया-समियस्स मणसमियस्स वइसमियस्स कायसमियस्स मणगुत्तस्स वइगुत्तस्स कायगुत्तस्स गुत्तस्स गुत्तिंदियस्स गुत्तबंभचारिस्स आउत्तं गच्छमाणस्स आउत्तं चिट्ठमाणस्स आउत्तं णिसीयमाणस्स आउत्तं तुयट्टमाणस्स आउत्तं भुंजमाणस्स आउत्तं भासमाणस्स आउत्तं वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं गेण्हमाणस्स वा णिक्खिवमाणस्स वा जाव चक्खुपम्हणिवातमवि अत्थि वेमाया सुहुमा किरिया इरियावहिया नामं कज्जति, सा पढमसमए बद्धा पुट्ठा, बितीयसमए वेदिता, ततियसमए णिज्जिण्णा, सा बद्धा पुट्ठा उदीरिया वेदिया णिज्जिण्णा सेयकाले अकम्मं चावि भवति, एवं खलु तस्स तप्पत्तियं सावज्जे त्ति आहिज्जति, तेरसमे किरियाठाणे इरियावहिए त्ति आहिते । से बेमि–जे य अतीता जे य पडुपन्ना जे य आगमिस्सा अरहंता भगवंता सव्वे ते एताइं चेव तेरस किरियाठाणाइं भासिंसु वा भासंति वा भासिस्संति वा पण्णविंसु वा पण्णवेंति वा पण्णविस्संति वा, एवं चेव तेरसमं किरियाठाणं सेविंसु वा सेवंति वा सेविस्संति वा ।

७०८ अदुत्तरं च णं पुरिसविजयविभंगमाइक्खिस्सामि । इह खलु नाणापण्णाणं नाणाछंदाणं नाणासीलाणं नाणादिट्ठीणं नाणारुईणं नाणारंभाणं नाणाज्झवसाणसंजुत्ताणं नाणाविहं पावसुयज्झयणं एवं भवति, तंजहा– भोम्मं उप्पायं सुविणं अंतलिक्खं अंगं सरलक्खणं वंजणं इत्थिलक्खणं पुरिसलक्खणं हयलक्खणं गयलक्खणं गोणलक्खणं मिंढलक्खणं कुक्कडलक्खणं तित्तिरलखक्णं वट्टगलक्खणं लावगलक्खणं चक्कलक्खणं छत्तलक्खणं चम्मलक्खणं दंडलक्खणं असिलक्खणं मणिलक्खणं

૭૦૭. આ છે તેરમું ક્રિયાસ્થાન ઈરિયા પથિક નામે, એમ કહ્યું છે :- સાચી રીતે આ છે, આત્મત્તાએ સુવ્રતી સાધુઓનું, જે ઈરિયા સમિતી, ભાષા સમિતી, એષણા સમિતી, આદાનભંડ નિક્ષેપણ સમિતી, ઉચ્ચાર પાશ્રવણ ક્ષેલ સિંઘ્રાણ જલ્લ પારિસ્થાપનીયા સમિતી, મન સમિતી, વચન સમિતી, કાય સમિતી આ સમિતીઓ ધારતાં, મન ગુપ્તી, વચન ગુપ્તી, કાય ગુપ્તી, ગુપ્ત ઇંદ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, આ સર્વેથી યુક્ત; ચાલવામાં, ઊભા રહેવામાં, અને બેસવામાં આયુક્ત હોય છે. તે તૃપ્ત મનવાળા, ખાવામાં આયુક્ત, બોલવામાં આયુક્ત, વસ્ત્ર પરિગ્રહ કાંબળી પાયલુંછણી ગ્રહણ કરવામાં આયુક્ત, નિક્ષેપ કરવામાં આયુક્ત, આંખોના પલકારા કરતાં વેમાયા, તે સૂક્ષ ક્રિયા, ઈરિયા પથિક નામે કરે છે. તે પ્રથમ સમયે બાંધે છે, પોષે છે, બીજા સમયે વેદે છે, ત્રીજા સમયે નિર્જરા કરે છે. આમ બદ્ધા, પુષ્ટા, ઉદીરિયા, વેદિયા, નિર્જરાથી, તે જ કાળે અકર્મ થાય છે. તેથી તે તે પ્રકારનું સાવર્જ કહ્યું છે. આ છે તેરમું ઈરિયા પથિક ક્રિયાસ્થાન, એમ કહ્યું છે. આમ કહ્યું છે કે :- ભૂતકાળે થયેલાં, વર્તમાનકાળે વર્તતાં, અને ભવિષ્યકાળે થશે તે, સર્વે અરહંત ભગવંતોએ આ તેર ક્રિયાસ્થાનો વિષે કહેલું, કહે છે અને કહેશે, પ્રરૂપ્યું છે, પ્રરૂપે છે અને પ્રરૂપશે. આમ તે તેર ક્રિયાસ્થાનો સેવ્યાં છે, સેવે છે અને સેવશે.

૭૦૮. હવે પછી પુરૂષ વિજય વિભંગ વિષે કહું છું. આ લોકમાં અનેક જાતની પ્રજ્ઞા, અનેક છંદો, અનેક શિલો, અનેક દ્રષ્ટિઓ, અને રૂચિઓ છે. જેથી તે નાના પ્રકારે આરંભો કરે છે, નાના પ્રકારે ઉદ્યોગો કરે છે, ઘણાં પાપી અધ્યયનો કરે છે. જેમ કે :- ભૂમિ વિષે, ઉત્પાતો વિષે, સ્વપ્નો વિષે, આકાશ વિષે, અંગો વિષે, સ્વરલક્ષણો વિષે, વ્યંજનો, સ્ત્રી લક્ષણો, પુરૂષ લક્ષણો, કુક્કડાનાં લક્ષણો, તિત્તરનાં લક્ષણો, વર્તકનાં લક્ષણો, લાવકનાં લક્ષણો, ચક્રલક્ષણો, છત્રનાં લક્ષણો, ચામડાનાં લક્ષણો, દંડાનાં લક્ષણો, તલવારનાં લક્ષણો, મણિનાં લક્ષણો, કાગડીનાં લક્ષણો, સારા ભાગ્યનાં લક્ષણો, દુર્ભાગ્યનાં લક્ષણો, ગર્ભ કરે, મોહન કરે, યજ્ઞ કરે, તેના

कागिणिलक्खणं सुभगाकरं दुब्भगाकरं गब्भकरं मोहणकरं आहव्वणिं पागसासणिं दव्वहोमं खत्तियविज्जं चंदचरियं सूरचरियं सुक्कचरियं बहस्सइचरियं उक्कापायं दिसीदाहं मियचक्कं वायसपरिमंडलं पंसुवुट्ठिं केसवुट्ठिं मंसवुट्ठिं रुहिरवुट्ठिं वेतालिं अद्धवेतालिं ओसोवणिं तालुग्घाडणिं सोवागिं साबरिं दामिलिं कालिंगिं गोरिं गंधारिं ओवतणिं उप्पतणिं जंभणिं थंभणिं लेसणिं आमयकरणिं विसल्लकरणिं पक्कमणिं अंतद्धाणिं आयमणिं एवमादिआओ विज्जाओ अन्नस्स हेउं पउंजंति, पाणस्स हेउं पउंजंति, वत्थस्स हेउं पउंजंति, लेणस्स हेउं पउंजंति, सयणस्स हेउं पउंजंति, अन्नेसिं वा विरूवरूवाणं कामभोगाण हेउं पउंजंति, तेरिच्छं ते विज्जं सेवंति, अणारिया विप्पडिवन्ना ते कालमासे कालं किच्चा अण्णतराइं आसुरियाइं किब्बिसियाइं ठाणाइं उववत्तारो भवंति, ततो वि विप्पमुच्चमाणा भुज्जो एलमूयताए तमअंधयाए पच्चायंति ।

७०९ से एगतिओ आयहेउं वा णायहेउं वा अगारहेउं वा परिवारहेउं वा नायगं वा सहवासियं वा णिस्साए अदुवा अणुगामिए १, अदुवा उवचरए २, अदुवा पाडिपहिए ३, अदुवा संधिच्छेदए ४, अदुवा गंठिच्छदेए ५, अदुवा उरब्भिए ६, अदुवा सोवरिए ७, अदुवा वागुरिए ८, अदुवा साउणिए ९, अदुवा मच्छिए १०, अदुवा गोपालए ११, अदुवा गोघायए १२, अदुवा सोणइए १३, अदुवा सोवणियंतिए १४ ।

से एगतिओ अणुगामियभावं पडिसंधाय तमेव अणुगमियाणुगमिय हंता छेत्ता भेत्ता लुंपइत्ता विलुंपइत्ता उद्दवइत्ता आहारं आहारेति, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवति १ ।

से एगतिओ उवचरगभावं पडिसंधाय तमेव उवचरित २ हंता छेत्ता भेत्ता लुंपइत्ता विलुंपइत्ता उद्दवइत्ता आहारं आहारेति, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवकखाइत्ता भवति २ ।

લક્ષણો, પાકશાસ્ત્ર, દ્રવ્યનો હોમ કરવો, ક્ષત્રિય વિદ્યા, ચંદ્ર ચરિત્ર, સૂર્ય ચરિત્ર, શુક્ર ચરિત્ર, બૃહસ્પતિ ચરિત્ર, ઉલ્કાપાત, દિશાદાહ, મૃગચક્ર, કાગડાઓનું ગોળ ફરવું, ધૂળવૃષ્ટિ, વેતાલી, અર્ધ વેતાલી, કેશવૃષ્ટિ, માંસવૃષ્ટિ, રૂધિરવૃષ્ટિ, અવસર્પિની, તાળું ખોલવાની વિદ્યા, શોવાંગિ, શાવરી, દામિની, કાલિંગી, ગોરી, ગાંધારી, અવપતની, ઉત્પતની, જંભિણી, સ્થંભિણી, લેશની, શ્લેશની, આમય કરણી, વિશલ્ય કરણી, પ્રક્રમણી, અંતરદ્ધાણી, આચમણી, ઇત્યાદિ વિદ્યાઓ અન્નના હેતુથી, પીવાના હેતુથી, વસ્ત્રોના હેતુથી, લેપના હેતુથી, શયનના હેતુથી, અન્ય કારણે પણ, યોજે છે. જુદા જુદા કામભોગો મેળવવા તે યોજે છે.
આમ તે મેલી વિદ્યાઓ સેવે છે. તે અનાર્યો વિપરિત જ્ઞાન વડે પાપી કૃત્યો કરે છે. જ્યારે વખત આવે ત્યારે કાળ કરી અસુરોની પાપી જગ્યાએ ઉપજે છે, ત્યાં ભોગો ભોગવી, ત્યાંથી છૂટી, ઘેટાની માફક મૂંગા અને આંધળા થઈ ઉપજે છે.

૭૦૯. તે એકલો આત્મ હેતુએ, જ્ઞાતિ હેતુએ, ઘરના હેતુએ કે પરિવારના હેતુએ નાયક કે તેનો સહવાસી, કે તેની નિશ્રાએ, કે અનુગામી તરીકે (૧), અથવા ઉપચર તરીકે (૨), અથવા રસ્તા પર ધાડપાડું તરીકે (૩), કરાર ભાંગે (૪), અથવા ખીસા કાપે (૫), અથવા ઘેટાં રાખે (૬), અથવા સૂવર રાખે (૭), અથવા શિકારી થાય (૮), અથવા પંખી રાખે (૯), અથવા માછીમાર થાય (૧૦), અથવા ગાયો પાળે (૧૧), અથવા ગાયો મારે (૧૨), અથવા શ્વાન રાખે (૧૩), અથવા શ્વાન વડે શિકાર કરે (૧૪).

તે એકલો અનુગામીનો ભાવ સાંધવા, જાણતાં, જાણતાં હણે છે, છેદે છે, ભેદે છે, છુપાવે છે, નાશ કરે છે, ઉદ્રવ કરે છે, પછી આહાર કરે છે. આમ તે, મોટાં પાપી કૃત્યો કરી આત્માની ઉપેક્ષા કરે છે. (૧)

તે એકલો સેવકનો ભાવ સાંધવા તે નજીક જાય છે, અને હણે છે, છેદે છે, ભેદે છે, છુપાવે છે, નાશ કરે છે, ઉદ્રવ કરી આહાર કરે છે. આમ તે મોટાં પાપી કૃત્યો કરી આત્માની અવહેલના અને અવગતિ કરે છે, ઉપેક્ષા કરે છે. (૨)

से एगतिओ पाडिपहियभावं पडिसंधाय तमेव पडिपहे ठिच्चा हंता छेत्ता भेत्ता लुंपइत्ता विलुंपइत्ता उद्दवइत्ता आहारं आहारेति, इति से महया पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवति ३ ।

से एगतिओ संधिच्छेदगभावं पडिसंधाय तमेव संधिं छेत्ता भेत्ता जाव इति से महता पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवति ४।

से एगतिओ गंठिच्छेदगभावं पडिसंधाय तमेव गंठिं छेत्ता भेत्ता जाव इति से महया पावेहिं कम्मेहिं अप्पाणं उवक्खाइत्ता भवति ५ ।

से एगतिओ उरब्भियभावं पडिसंधाय उरब्भं वा अण्णतरं वा तसं पाणं हंता जाव उवक्खाइत्ता भवति ६ । एसो अभिलावो सव्वत्थ ।

से एगतिओ सोयरियभावं पडिसंधाय महिसं वा अण्णयरं वा तसं पाणं हंता जाव उवक्खाइत्ता भवति ७ ।

से एगतिओ वागुरियभावं पडिसंधाय मिगं वा अण्णतरं वा तसं पाणं हंता जाव उवक्खाइत्ता भवति ८ ।

से एगतिओ साउणियभावं पडिसंधाय सउणिं वा अण्णतरं वा तसं पाणं हंता जाव उवक्खाइत्ता भवति ९ ।

से एगतिओ मच्छियभावं पडिसंधाय मच्छं वा अण्णयरं वा तसं पाणं हंता जाव उवक्खाइत्ता भवति १० ।

से एगतिओ गोघातगभावं पडिसंधाय गोणं वा अण्णतरं वा तसं पाणं हंता जाव उवक्खाइत्ता भवति ११ ।

से एगतिओ गोपालगभावं पडिसंधाय तमेव गोणं वा परिजविय परिजविय हंता जाव उवक्खाइत्ता भवति १२ ।

से एगतिओ सोवणियभावं पडिसंधाय सुणगं वा अन्नयरं वा तसं पाणं हंता जाव उवक्खाइत्ता भवति १३ ।

से एगतिओ सोवणियंतिय भावं पडिसंघाय मणुस्सं वा अन्नयरं वा तसं पाणं हंता जाव आहारं आहारेति, इति से महता पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवति १४ ।

તે એકલો રસ્તા પર ધાડપાડુંનો ભાવ સાંધવા, તે જ રસ્તા ઉપર ઊભો રહી, હણે છે, છેદે છે, ભેદે છે, છૂપાવે છે, નાશ કરે છે, ઉદ્રવ કરી, આહાર કરે છે, તેથી તે મોટાં પાપી કૃત્યો કરી આત્માને ઉપેક્ષે છે. (૩)
તે એકલો કરાર, છેદવાના હેતુએ ત્યાં જ સંધિ છેદે છે, ભેદે છે, આમ તે મોટું પાતક કરે છે. તેથી તે પોતાના આત્માની ઉપેક્ષા કરે છે. (૪)
તે એકલો, ખીસાં કાપવાનો ભાવ સાંધવા, ખીસાં કાપે છે, ભેદે છે. આમ તે મોટું પાપ કરે છે, તેથી આત્માની ઉપેક્ષા કરે છે. (૫)
તે એકલો, ઘેટાં મેળવવાનો ભાવ સાંધવા, તે ઘેટાંને કે અન્ય ત્રસ જીવને હણે છે. તેથી મોટું પાપ કરે છે, અને તેથી આત્માની ઉપેક્ષા કરે છે. (૬)
તે એકલો સૂવર મેળવવાનો ભાવ સાંધવા, ભેંસને કે અન્ય ત્રસ જીવને હણે છે, તેથી આત્માની ઉપેક્ષા કરે છે. (૭)
તે એકલો શિકારીનો ભાવ સાંધવા હરણ કે અન્ય ત્રસ જીવને હણે છે, તેથી આત્માની ઉપેક્ષા કરે છે. (૮)
તે એકલો પંખી મારવાના હેતુએ પંખી કે અન્ય ત્રસ જીવને હણે છે. તેથી આત્માની ઉપેક્ષા કરે છે. (૯)
તે એકલો માછીમારનો ભાવ સાંધવા, માછલું કે અન્ય ત્રસ જીવને હણે છે, તેથી આત્માની ઉપેક્ષા કરે છે. (૧૦)
તે એકલો ગાયને મારવાનો ભાવ સાંધવા, ગાય કે અન્ય ત્રસ જીવને હણે છે, તેથી આત્માની ઉપેક્ષા કરે છે. (૧૧)
તે એકલો ગાય પાળવાનો ભાવ સાંધવા, ગાયની પાછળ જતો, પીછો પકડી તેને હણે છે. આમ તે આત્માની ઉપેક્ષા કરે છે. (૧૨)
તે એકલો, શ્વાન મારવાના ભાવને સાંધવા, શ્વાન કે અન્ય ત્રસ જીવને હણે છે અને આત્માને ઉપેક્ષે છે. (૧૩)
તે એકલો શ્વાન વડે શિકાર કરવાનો ભાવ સાંધવા, કોઈ માણસ કે અન્ય ત્રસ જીવને હણે છે, તેનો આહાર કરે છે. તેથી તે મોટું પાપ કર્મ કરે છે અને પોતાના આત્માની ઉપેક્ષા કરે છે. (૧૪)

७१० से एगतिओ परिसामज्झातो उट्ठित्ता अहमेयं हंछामि त्ति कट्टु तित्तिरं वा वट्टगं वा लावगं वा कवोयगं वा कविं वा कविंजलं वा अण्णयरं वा तसं पाणं हंता जाव उवक्खाइत्ता भवति ।

से एगतिओ केणइ आदाणेणं विरुद्धे समाणे अदुवा खलदाणेणं अदुवा सुराथालएणं गाहावतीणं वा गाहावइपुत्ताण वा सयमेव अगणिकाएण सस्साइं झामेति, अण्णेण वि अगणिकाएणं सस्साइं झामावेति, अगणिकाएणं सस्साइं झामंतं पि अण्णं समणुजाणति, इति से महता पावेहिं कम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवति ।

से एगतिओ केणइ आयाणेणं विरुद्धे समाणे अदुवा खलदाणेणं अदुवा सुराथालएणं गाहावतीण वा गाहावइपुत्ताण वा उट्टाण वा गोणाण वा घोडगाण वा गद्दभाण वा सयमेव घूराओ कप्पेति, अण्णेण वि कप्पावेति, कप्पंतं पि अण्णं समणुजाणति, इति से महया जाव भवति ।

से एगतिओ केणइ आदाणेणं विरुद्धे समाणे अदुवा खलदाणेणं अदुवा सुराथालएणं गाहावतीणं वा गाहावतिपुत्ताणं वा उट्टसालाओ वा गोणसालाओ वा घोडगसालाओ वा गद्दभसालाओ वा कंटगबोंदियाए पडिपेहित्ता सयमेव अगणिकाएणं झामेति, अण्णेण वि झामावेति, झामेतं पि अन्नं समणुजाणइ, इति से महया जाव भवति।

से एगतिओ केणइ आयाणेणं विरुद्धे समाणे अदुवा खलदाणेणं अदुवा सुराथालएणं गाहावतीणं वा गाहावइपुत्ताणं वा कुंडलं वा गुणं वा मणिं वा मोत्तियं वा सयमेव अवहरति, अन्नेण वि अवहरावेति, अवहरंतं पि अन्नं समणुजाणति, इति से महया जाव भवति ।

से एगइओ केणइ आदाणेणं विरुद्धे समाणे अदुवा खलदाणेणं अदुवा सुराथालएणं समणाण वा माहणाण वा छत्तगं वा दंडगं वा भंडगं वा मत्तगं वा लट्ठिगं वा भिसिगं वा चेलगं वा चिलिमिलिगं वा चम्मगं वा चम्मच्छेदणगं वा चम्मकोसं वा सयमेव अवहरति

૭૧૦. તે એકલો પરિષદમાંથી ઉઠી કહે છે આ પંખીને હું મારીશ એમ કહી તે તિત્તર, લાવક, વર્તક અને કપિંજલ કે અન્ય ત્રસ જીવને હણે છે. આમ ઉપેક્ષા કરે છે.

તે એકલો કશું પણ લેવાની વિરૂદ્ધ હોઈ અથવા ખળાનું દાન કે શરાબનું વાસણને લઈ ગૃહપતિ કે તેના પુત્રના અનાજના ખેતરોને અગ્નિથી બાળે છે અન્ય વડે બળાવે છે કે અન્ય તેમ કરતું હોય તો તેને અનુમતિ આપે છે.

તે એકલો લેવાને વિરૂદ્ધ હોઈ, સ્વમાનથી કે ખળાનું વળતર બરાબર ન કરવાથી, શરાબનો વાટકો પુરો ન આપવાથી ગૃહપતિ કે તેના પુત્રના ઊંટના, બળદોના, ઘોડાઓના કે ગર્દભોના ખૂરો કાપે છે, અન્ય વડે કપાવે છે કે અન્ય તેમ કરતો હોય, તેને અનુમતિ આપે છે. આમ તે મોટું પાપ કરે છે.

તે એકલો કાંઈ લેવાને વિરૂદ્ધ હોઈ, સ્વમાનથી કે ખળાના દાનથી કે શરાબના વાસણથી, તે ગૃહપતિ કે તેના પુત્રની ઊંટની શાળાઓ, ગો શાળાઓ, ઘોડાની શાળાઓ અને ગર્દભ શાળાઓ ઉપર કાંટાવાળી ડાળિઓ મૂકી તે અગ્નિથી બાળે છે, બળાવે છે, કે અન્ય બાળતો હોય તો તેને અનુમતિ આપે છે. આમ તે મોટું પાપ કરે છે અને આત્માને ઉપેક્ષે છે.

તે એકલો કાંઈ પણ લેવાની વિરૂદ્ધ હોઈ, સ્વમાનથી, કે ખળાના દાનથી, શરાબના વાસણથી, ગૃહપતિ કે તેના પુત્રના, કુંડલો, દોરી, મણિ કે મોતી પોતે લૂંટે છે કે અન્ય વડે લૂંટાવે છે, કે અન્ય લૂંટતો હોય તેને અનુમતિ આપે છે. આમ તે મોટું પાપ કરે છે, આત્માને ઉપેક્ષે છે.

તે એકલો કાંઈ પણ લેવાની વિરૂદ્ધ હોઈ, સ્વમાને કે ખળાના દાનથી કે શરાબના વાસણથી, શ્રમણ માહણોની છત્રી, દંડો, પાત્ર, માટલું, લાઠી, દવા, વસ્ત્ર, માળા, ચામડું, ચામડી છેદવાનું અસ્ત્ર, ચામડાની થેલી, ચોરી જાય છે, ચોરાવે છે કે અન્ય ચોરતાં હોય તેને અનુમતિ આપે છે. આમ તે મોટું પાપ કરે છે અને આત્માને ઉપેક્ષે છે.

તે એકલો પૃચ્છા કર્યાં વિના, ગૃહપતિ કે તેના પુત્રની ઔષધિઓને બાળે છે, અન્ય બાળતો હોય તો તેને અનુમતિ આપે છે. આમ તે મોટું

जाव समणुजाणति इति से महया जाव उवक्खाइत्ता भवति ।

से एगतिओ णो वितिगिंछइ, त०–गाहावताणं वा गाहावतिपुत्ताणं वा सयमेव अगणिकाएणं ओसहीओ झामेति जाव अण्णं पि झामेंतं समणुजाणति इति से महया जाव भवति ।

से एगतिओ णो वितिगिंछति, तं०–गाहावतीण वा गाहावतिपुत्ताण वा उट्टाण वा गोणाण वा घोडगाण वा गद्दभाण वा सयमेव घूराओ कप्पेति, अण्णेण वि कप्पावेति, अण्णं पि कप्पेतं समणुजाणति ।

से एगतिओ णो वितिगिंछति, तं०–गाहावतीण वा गाहावतिपुत्ताण वा उट्टसालाओ वा जाव गद्दभसालाओ वा कंटकबोंदियाए पडिपेहित्ता सयमेव अगणिकाएणं झामेति जाव समणुजाणति ।

से एगतिओ णो वितिगिंछति, (तं०–) गाहावतीण वा गाहावतिपुत्ताण वा कोण्डलं वा जाव मोत्तियं वा सयमेव अवहरति जाव समणुजाणति ।

से एगतिओ णो वितिगिंछति, (तं०–) समणाण वा माहणाण वा दंडगं वा जाव चम्मच्छेदणगं वा सयमेव अवहरति जाव समणुजाणति, इति से महता जाव उवक्खाइत्ता भवति ।

से एगतिओ समणं वा माहणं वा दिस्सा णाणाविधेहिं पावकम्मेहिं अत्ताणं उवक्खाइत्ता भवति, अदुवा णं अच्छराए अप्फालेता भवति, अदुवा णं फरुसं वदित्ता भवति, कालेण वि से अणुपविट्ठस्स असणं वा पाणं वा जाव णो दवावेत्ता भवति, जे इमे भवंति वोण्णमंता भारोक्कंता अलसगा वसलगा किमणगा समणगा पव्वयंती ते इणमेव जीवितं धिज्जीवितं संपडिबूहंति, नाइं ते पारलोइ(य)स्स अट्ठस्स किंचि वि सिलिस्संति, ते दुक्खंति ते सोयंति ते जूरंति ते तिप्पंति ते पिट्टं(ड्डुं)ति ते परितप्पंति ते दुक्खण-सोयण-जूरण-तिप्पण-पिट्ट(ड्डु)ण-परित-प्पण-वह-बंधणपरिकिलेसातो अपडिविरता भवंति, ते महता आरंभेणं ते महया समारंभेणं ते महता आरंभसमारंभेणं विरूवरूवेहिं पावकम्माकिच्चेहिं उरालाइं

પાપ કરે છે.

તે પોતે વગર વિચારે, ગૃહપતિ કે તેના પુત્રના ઊંટ, બળદ, ઘોડા, અને ગધેડાના ખુરો કાપે છે, કપાવે છે કે અન્ય કાપતો હોય તેને અનુમતિ આપે છે.

તે એકલો વિચાર કરતો નથી, જેમ કે ગૃહપતિ કે તેના પુત્રની ઊંટશાળા, ગોશાળા, ઘોડશાળા કે ગર્દભ શાળાઓ પર કાંટાની ડાળીઓ મૂકી, પોતે અગ્નિ વડે બાળે છે કે તે માટે અન્યને અનુમતિ આપે છે.

તે જાતે વિચાર વગર, ગૃહપતિ કે તેના પુત્રના કુંડલથી લઈ મોતી સુધી સર્વ ઘરેણાં લૂંટે છે કે અનુમતિ આપે છે.

તે એકલો વગર વિચારે, શ્રમણ માહણોના દંડાથી લઈ ચર્મ છેદવાના શસ્ત્ર સુધી, જાતે હરે છે કે અન્યને અનુમતિ આપે છે. આમ પોતાના આત્માને મોટાં પાપ કરી ઉપેક્ષે છે.

તે એકલો જ્યારે શ્રમણ માહણોને જોવે છે, ત્યારે વિવિધ પ્રકારે કર્મ કરી પાપ બાંધી આત્માની ઉપેક્ષા કરે છે, અથવા તેને ઝાપટ લગાવે છે અને થથરાવે છે. વળી તે કઠોર શબ્દોથી વાત કરે છે.

જ્યારે તે ભિક્ષુ, યોગ્ય કાળે ભિક્ષામાટે આવે ત્યારે તેને તે કશું પણ વહોરાવે નહીં. તે કહે છે :- તમે વર્ણવિનાના હલકા, ભાર ન ઊંચકનાર, આળસુ, કૃપણ શ્રમણો, પ્રવ્રજ્યા લો છો. અને આમ જીવો છો. ધિક્કાર છે તમારા આવા જીવનને! આમ તે બોલે છે. તે લોક, પરલોકના અર્થને વળગતા નથી. તે દુઃખી થાય છે, શોક કરે છે, ઝૂરે છે, તપે છે, પીડાય છે, ટીપાય છે અને ઘણો જ સંતાપ કરે છે. વધ બંધનના ક્લેશ કરે છે. વિરતિ નથી કરતા. તે મોટા આરંભ સમારંભ કરી પાપ કરે છે. આમ જાતજાતના આરંભ સમારંભમાં પાપ કરી જાનવરોની જેમ માણસના ભોગો ભોગવે છે. જેમ કે :- ખાવાના સમયે ખાવું, પીવાના સમયે પીવું, વસ્ત્રના સમયે વસ્ત્ર પહેરવાં, લેપના સમયે લેપ કરવો, ઊંઘવાના સમયે ઊંઘવું.

તે પહેલાંની જેમ ન્હાય છે, બળી કર્મ કરે છે, કોતુક, મંગળ પ્રાયશ્ચિત કરે છે. શીરસાસ્નાન કરે છે, કંઠમાળા પહેરે છે, રત્નો અને મણિ સોનાથી જડેલો મુકૂટ માથે પહેરે છે, તે કલ્પિત માળાઓ યુક્ત છે, તેનું શરીર

माणुस्सगाइं भोगभोगाइं भुंजित्तारो भवंति,

तंजहा–अन्नं अन्नकाले, पाणं पाणकाले, वत्थं वत्थकाले, लेणं लेणकाले, सयणं सयणकाले, सपुव्वावरं च णं ण्हाते कतबलिकम्मे कयकोउयमंगलपायच्छिते सिरसा ण्हाते कंठेमालकडे आविद्धमणिसुवण्णे कप्पितमालामउली पडिबद्धसरीरे वग्घारियसोणिसुत्तगमल्लदामकलावे अहतवत्थपरिहिते चंदणोक्खित्तगायसरीरे महति महालियाए कूडागारसालाए महतिमहालयंसि सीहासणंसि इत्थीगुम्मसंपरिवुडे सव्वरातिएणं जोइणा झियायमाणेणं महताहतनट्ट-गीत-वाइयतंती-तल-ताल-तुडिय-घण-मुइंगपडुप्पवाइतरवेणं उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरति, तस्स णं एगमवि आणवेमाणस्स जाव चत्तारि पंच जणा अवुत्ता चेव अब्भुट्ठेंति, भण देवाणुप्पिया! किं करेमो? किं आहरेमो? किं उवणेमो? किं आवि ट्ठवेमो! किं भे हियइच्छितं? किं भे आसगस्स सदइ? तमेव पासित्ता अणारिया एवं वदंति–देवे खलु अयं पुरिसे, देवसिणाए खलु अयं पुरिसे, उवजीवणिज्जे खलु अयं पुरिसे, अण्णे वि णं उवजीवंति, तमेव पासित्ता आरिया वदंति–अभिक्कंतकूरकम्मे खलु अयं पुरिसे अतिधुन्ने अतिआतरक्खे दाहिणगामिए नेरइए कण्हपक्खिए आगमिस्साणं दुल्लभबोहिए यावि भविस्सइ ।

इच्चेयस्स ठाणस्स उट्ठिता वेगे अभिगिज्झंति, अणुट्ठिता वेगे अभिगिज्झंति, अभिझंझाउरा अभिगिज्झंति, एस ठाणे अणारिए अकेवले अप्पडिपुण्णे अणेआउए असंसुद्धे असल्लगत्तणे असिद्धिमग्गे अमुत्तिमग्गे अनिव्वाणमग्गे अणिज्जाणमग्गे असव्वदुक्खपहीणमग्गे एगंतमिच्छे असाहू । एस खलु पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे एवमाहिते ।

७११ अहावरे दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिज्जति –इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा संतेगतिया

ભરાવદાર અને શક્તિશાળી છે, કેડે કંદોરો છે. અનેક માળાની કતારો નિતંબ સુધી લટકે છે.ચંદનનો લેપ લગાવી, તે સાવ નવા કિંમતી વસ્ત્રો પહેરે છે. પછી મોટી મહેલીકામાં, શસ્ત્રોની શાળામાં, તેના મોટા મહેલમાં ઉપરના માળે સિંહાસન પર બિરાજે છે.

ત્યાં તે સ્ત્રીઓના ઝુંડથી વિંટળાયેલો, સર્વ રાત્રી ઝગમગતાં દીવાઓથી પ્રકાશિત મહેલમાં, પ્રસિદ્ધ મોટા નટનટીઓનાં ગીત, વાજીંત્ર જેમ કે વીણા, સિતાર, ઢોલ, મૃદંગ, વિગેરે પટુઓથી વગાડેલાં, ઝાંઝર અને તાળીઓના નાદ વચ્ચે, ઝણ-ઝાણકારતો, મોટા માણસો સાથે સારામાં સારા ભોગો ભોગવે છે.

જ્યારે તે એકને આજ્ઞા કરે, ત્યારે ચાર પાંચ સેવક હાજર થાય, ને કહે કે:- હે દેવાનું પ્રિય! કહે, અમો શું કરીએ? શું લાવીએ? શું હાજર કરીએ? શું લાવી મૂકીએ? તમારા દિલને શું ખપે છે? આશકોને શું ગમે છે?

આમ જોઈ અનાર્યો કહે છે:- ખરેખર આ પુરૂષ દેવ છે, આ પુરૂષ દેવો વડે ન્હવરાવેલો છે, અન્ય માણસોની જેમ આની પાસેથી આજીવિકા મેળવીએ.

આ જોઈ આર્ય પુરૂષ કહે છે:- આ માણસ ઘણા ક્રૂર કર્મો કરી રહ્યો છે, તે ઘેનમાં છે, સ્વાર્થી પણ છે, તેથી તે દક્ષિણાયનમાં કૃષ્ણ પક્ષે ચરી નરકે જશે. તે પછીના જન્મે પણ તેને જ્ઞાન દુર્લભ થશે.

આ સ્થાને ઉત્કર્ષ પામેલા જીવો લોભમાં પડે છે. ઉત્કર્ષ ન પામેલા જીવો પણ લોભાય છે. સંસારમાં ઝણકારતાં પણ આ માટે બહુ લોભાતુર થાય છે. આ સ્થાન અનાર્ય માટે છે, કેવળ જ્ઞાન વિનાનું, અપરિપૂર્ણ, આયુ વિનાનું, અશુદ્ધ, શલ્ય ન કાપે, સિદ્ધિ ન મળે, મુક્તિ ન મળે, નિર્વાણ ન મળે, ઘૂંટી ન શકે, સર્વ દુ:ખોને દૂર ન કરી શકે, ખાલી દુષ્ટ માણસ જ તેની ઇચ્છા કરે. આ છે પ્રથમ સ્થાનનો અધર્મ પક્ષનો વિભંગ, એમ કહ્યું છે.

૭૧૧. હવે બીજા સ્થાનનો અધર્મ પક્ષનો વિભંગ આમ કહ્યો છે:- આ લોકમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દિશાઓમાં માણસો પોતપોતાની ગતિ મુજબ

मणुस्सा भवंति, तंजहा–आरिया वेगे अणारिया वेगे, उच्चागोया वेगे णीयागोया वेगे, कायमंता वेगे हस्समंता वेगे, सुवण्णा वेगे दुवण्णा वेगे, सुरूवा वेगे दुरूवा वेगे, तेसिं च णं खेत्तवत्थूणि परिग्गहियाणि भवंति, एसो आलावगो तहा णेतव्वो जहा पोंडरीए जाव सव्वोवसंता सव्वताए परिनिव्वुड त्ति बेमि । एस ठाणे आरिए केवले जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू, दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिते ।

७१२ अहावरे तच्चस्स ठाणस्स मिस्सगस्स विभंगे एवमाहिज्जति–जे इमे भवंति आरण्णिया गामणियंतिया कण्हुइराहस्सिता जाव ततो विप्पमुच्चमाणा भुज्जो एलमूयत्ताए तमूयत्ताए पच्चायंति, एस ठाणे अणारिए अकेवले जाव असव्वदुक्खपहीणमग्गे एगंतमिच्छे असाहू, एस खलु तच्चस्स ठाणस्स मिस्सगस्स विभंगे एवमाहिते ।

७१३ अहावरे पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे एवमाहिज्जतिइह खलु पाईणं वा ४ संतेगतिया मणुस्सा भवंति महिच्छा महारंभा महापरिग्गहा अधम्मिया अधम्माणुया अधम्मिट्ठा अधम्मक्खाई अधम्मपाय जीविणो अधम्मपलोइणो अधम्मलज्जणा अधम्मसीलसमुदायारा अधम्मेण चेव वित्तिं कप्पेमाणा विहरंति । हण छिंद भिंद विगत्तगा लोहितपाणी चंडा रुद्दा खुद्दा साहसिया उक्कंचण-वंचण-माया-णियडि-कूड-कवड-सातिसंपओग-बहुला दुस्सीला दुव्वता दुप्पडियाणंदा असाधू सव्वातो पाणातिवायाओ अप्पडिविरया जावज्जीवाए जाव सव्वातो परिग्गहातो अप्पडिविरया जावज्जीवाए, सव्वातो कोहातो जाव मिच्छादंसणसल्लातो अप्पडिविरया, सव्वातो ण्हाणुम्मद्दणवण्णग-विलेवण-सद्द-फरिस-रस-रूव-गंध-मल्लालंकारातो अप्पडिविरता जावज्जीवाए, सव्वातो सगड-रह-जाण-जुग्ग-गिल्ली-थिल्लि-सीय-

ઉપજે છે. જેમ કે :- આર્ય વર્ગના, અનાર્ય વર્ગના, ઉચ્ચ ગોત્રના, નીચા ગોત્રના, સારી કાયાવાળા, નાની કાયાવાળા, સુવર્ણના, દુવર્ણના, સુરૂપા, દુરૂપા વર્ગે થાય છે. આ પ્રકારના માણસોને જ :- ખેતરો, ધનધાન્ય, સઘળી બીજી વસ્તુઓ મળે છે. પછી પોંડરીક સુધીનું કથન કરવું. તે સર્વ ક્ષેત્ર વસ્તુઓથી શાંત થાય છે, સર્વ રીતે તે નિવૃત્ત પણ થાય છે. આમ કહ્યું છે.

આ સ્થાન છે આર્ય, જ્યાં કેવળ જ્ઞાન સંભવે છે, તેથી તે સર્વ દુ:ખનો નાશ પણ કરે છે, આ છે ધર્મ પક્ષનું બીજું સ્થાન, તેનો વિભંગ કહ્યો છે.

૭૧૨. હવે ત્રીજા સ્થાનના કે, જે મિશ્ર છે તેના વિભંગ વિષે કહે છે :- અહીં જે આરણ્યકો છે, તે ગામના છેડે કયાંય પણ આવી વસે છે. ત્યાંથી છૂટી તે ઘેટાની જેમ મૂક અને અંધારાની જેમ કાળા થઈ વર્તાય છે. આ સ્થાન છે અનાર્યોનું, કેવળ જ્ઞાનવિનાનું, જ્યાં સર્વ દુ:ખો દૂર ન થાય તેવું, ખાલી દુષ્ટ માણસ જ તેને ઇચ્છે. આ થયું ત્રીજું મિશ્ર સ્થાન કે જેનો વિભંગ કહ્યો છે.

૭૧૩. હવે પ્રથમ સ્થાનના અધર્મ પક્ષનો વિભંગ કહે છે :- આ લોકે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દિશાઓમાં ગતિ મુજબ માણસો થાય છે. કોઈ મોટો આરંભ કરે છે, મોટી ઇચ્છાઓ કરે છે, મોટા પરિગ્રહો કરે છે. અધાર્મિક, ધર્મથી વિરૂદ્ધ આચરણ કરતો, ધર્મ ન પાળતો, અધર્મનું કહેતો, અને અધર્મથી જીવવાવૃત્તિ મેળવતો, અધર્મેજોતો, અધર્મે લજ્જા ન પાળતો, અધર્મવાળું શીલ અને આચારવાળો, અધર્મે જીવનની આવક મેળવવાની ઇચ્છા કરતો, આમ તે રહે છે. હણ, છેદ, ભેદ, કાપ, લોહીવાળા હાથે, ક્રૂર, ભયંકર, ક્ષુદ્ર, સાહસિક, દુરાચારી, કૂડકપટી, ઘણી અધાર્મિક પ્રયોગની કૃતિઓ કરે છે. કુશીલનો, દુરાચારી, ખરાબ કરવામાં આનંદ માણતો, દુષ્ટ, હિંસાખોર, આજીવ હિંસા કરતો, પરિગ્રહ કરતો, ક્રોધી, મિથ્યાશલ્યને ધારતો, સર્વ રીતે સ્નાન, માલિશ કરતો, રંગ, લેપ કરતો, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ, માળાઓ વાપરતો, અલંકારોથી વિભૂષિત થતો, આ સર્વેમાંથી નિવૃત્ત ન થતો, સર્વ જાતના ગાડાં, રથ, યાન, યુગ્મ, જલ સ્થલ, શીતસ્પંદન કરતો, શયન આસન,

संदमाणिया-सयणा-ऽऽसण-जाण-वाहण-भोग-भोयणपवित्थरविहीतो अप्पडिविरया जावज्जीवाए, सव्वातो कयविक्कय-मास-ऽद्धमास-रूवगसंववहाराओ अप्पडिविरता जावज्जीवाए, सव्वातो हिरण्णसुवण्ण-धण-धण्ण-मणि-मोत्तिय-संख-सिल-प्पवालाओ अप्पडिविरया, सव्वातो कूडतुल-कूडमाणाओ अप्पडिविरया, सव्वातो आरंभसमारंभातो अप्पडिविरया सव्वातो करण-करावणातो अप्पडिविरया जावज्जीवाए, सव्वातो पयण-पयावणातो अप्पडिविरया, सव्वातो कुट्टण-पिट्टण-तज्जण-तालण-वह-वंधपरिकिलेसातो अप्पडिविरता जावज्जीवाए, जे यावऽण्णे तहप्पगारा सावज्जा अबोहिया कम्मंता परपाणपरितावणकरा जे अणारिएहिं कज्जंति ततो वि अप्पडिविरता जावज्जीवाए ।

से जहाणामए केइ पुरिसे कलम-मसूर-तिल-मुग्ग-मास-णिप्फाव-कुलत्थ-आलिसंदग-पलिमंथगमादिएहिं अयते कूरे मिच्छादंडं पउंजति, एवमेव तहप्पगारे पुरिसजाते तित्तिर-वट्टग-लावग-कवोत-कविंजल-मिय-महिस-वराह-गाह-गोह-कुम्म सिरीसिवमादिएहिं अयते कूरे मिच्छादंडं पउंजति ।

जा वि य से बाहिरिया परिसा भवति, तंजहा–दासे ति वा पेसे ति वा भयए ति वा भाइल्ले ति वा कम्मकरए ति वा भोगपुरिसे ति वा तेसिं पि य णं अन्नयरंसि अहालहुसगंसि अवराहंसि सयमेव गरुयं दंडं निव्वत्तेइ, तंजहा–इमं दंडेह, इमं मुंडेह, इमं तज्जेह, इमं तालेह, इमं अंदुयबंधणं करेह, इमं नियलबंधणं करेह, इमं हडिबंधणं करेह, इमं चारगबंधणं करेह, इमं नियलजुयलसंकोडियमोडियं करेह, इमं हत्थच्छिण्णायं करेह, इमं पायच्छिण्णायं करेह, इमं कण्णच्छिण्णायं करेह, सीस-मुहच्छिण्णायं करेह, इमं नक्क-उट्ठच्छिण्णायं करेह, वेगच्छ (च्छिण्णायं करेह,) हिययुप्पाडिययं करेह, इमं णयणुप्पाडिययं करेह, (इमं) दसणुप्पाडिययं करेह,

યાન, વાહણ, ભોગો, ભોજન, આ સર્વે ભોગ ભોગવે, તેમાંથી નિવૃત્ત ન થાય, વિરતિ ન જ કરે. તે ખરીદી વિક્રી કરે છે, માષ, અર્ધમાષ, રૂપક આદિ વ્યવહારોથી આજીવ વિરતિ ન લેતો, સર્વ ચાંદી, સોનું, ધનધાન્ય, રત્નો, મોતી, શંખ, શિલાઓ, અને પ્રવાળના ધંધામાંથી નિવૃત્ત ન થાય, ખોટા તોલ કે ખોટા માપની નિવૃત્તિ ન લે, સર્વ આરંભ સમારંભોનો ત્યાગ ન કરે, સર્વે પાપયુક્ત, કરવાં કે કરાવવાનાં કૃત્યો થોભાવે નહીં. તે આમ આખી જિંદગી કર્યા કરે છે. રાંધવું, રંધાવવું પણ આખી જિંદગી કર્યા કરે છે. સર્વ કૂટવાનું, પીટવાનું, ધમકીઓ આપવાનું, શિક્ષા કરવાનું, વધ, બંધનું દુ:ખ દેવાનું, આજીવ બંધન કરે છે. આ પ્રકારે સાવર્જ કર્મો અજ્ઞાનથી કરે જાય છે, જેથી બીજા જીવોને દુ:ખ થાય છે, પરિતાપ થાય છે. આમ તે દુષ્ટ કૃત્યો કરે જાય છે. તે પણ થોભાવે નહિં, આમ આખી જિંદગી તે પાપ કરે છે. તેમાંથી વિરતિ લેતો નથી.

કોઈ માણસ, ડાંગર, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કુલથી, ચોળા, કાળા ચણા, વટાણા વિગેરે ધાન્યોપર યતના વગર ક્રૂરતાથી મિથ્યા દંડ યોજે છે.

આ જ પ્રકારના પુરૂષ થાય છે, કે જે તિત્તર, લાવક, વર્તક, કપિંજલ, હરણ, ભેંસ, ભૂંડ, ઘો, મગર, કાચબો, સાપ, આદિ જે જીવો છે તેમને ક્રૂર શિક્ષા કરે છે, મિથ્યા દંડ યોજે છે.

જ્યારે તે બહારની પરિષદ ભરે છે ત્યારે, જેમ કે:- દાસ, સેવક, કે ભાગીદાર, ભાઈઓ, કે કામ કરનાર, કે ભોગ પુરૂષ હોય, તેમને નાનાસરખા દોષ માટે પોતે ભારે દંડ કરે છે. જેમ કે :- આને દંડાથી માર, આનું મુંડન કર, આને ધમકી આપ, આને તાડન કર, આના અંડાને બાંધ, આના ઢૂંગણ બાંધ, આનું હાડકું બાંધ, આને હાથ અને પગે બાંધ, આના બે કુલ્લાને સંકોચી મોડી નાંખ, આના હાથ છેદ, આના પાય છેદ, આના કાન કાપ, શિર અને મુખને છેદ, આના નાક અને હોઠ, તેને ચાલે નહીં તેમ કરે. આનું હૃદય કાઢ, આની આંખો ખેંચી કાઢ, આના દાંત ખેંચી કાઢ, અંડકોષ ખેંચી કાઢ, આની જીભ ખેંચી કાઢ, આને લટકાવ, આને ઉંધો કરી લટકાવ, આને ઘસી નાંખ, આને ઘોળી નાંખ, આને શૂળીએ મૂક, આને શૂળીએ વીંધી નાંખ, આને ખાર લગાડ, આને ચામડાથી માર, આને છોડા સાથે બાંધ, તેને દઝાડે, આને સિંહની

इमं वसणुप्पाडिययं करेह, जिब्भुप्पाडिययं करेह, ओलंबितयं करेह, उल्लंबिययं करेह, घंसियं करेह, घोलियं करेह, सूलाइअयं करेह, सूलाभिण्णयं करेह, खारवत्तियं करेह, वब्भवत्तियं करेह, दब्भवत्तियं करेह, सीहपुच्छियगं करेह, वसहपुच्छियगं कडग्गिदड्ढयं कागणिमंसखावितयं भत्तपाणनिरुद्धयं (करेह,) इमं जावज्जीवं वहबंधणं करेह, इमं अण्णतरेणं असुभेणं कुमारेणं मारेह ।

जा वि य से अब्भिंतरिया परिसा भवति, तंजहा-माता ती वा पिता ती वा भाया ती वा भगिणी ति वा भज्जा ति वा पुत्ता इ वा धूता इ वा सुण्हा ति वा, तेसिं पि य णं अन्नयरंसि अहालहुसगंसि अवराहंसि सयमेव गरुयं दंडं वत्तेति, सीओदगवियडंसि ओबोलेत्ता भवति जहा मित्तदोसवत्तिए जाव अहिते परंसि लोगंसि, ते दुक्खंति सोयंति जूरंति तिप्पंति पिट्टुंति परितप्पंति ते दुक्खण–सोयण-जूरण-तिप्पण-पिट्ट(ड्डु)ण-परितप्पण-वह-बंधणपरिकिलेसातो अपडिविरया भवंति ।

एवामेव ते इत्थिकामेहिं मुच्छिया गिद्धा गढिता अज्झोववन्ना जाव वासाइं चउपंचमाइं छद्दसमाइं वा अप्पतरो वा भुज्जतरो वा कालं भुंजितु भोगभोगाइं पसवित्ता वेरायतणाइं संचिणित्ता बहूणि कूराणि कम्माइं उस्सण्णं संभारकडेण कम्मुणा से जहाणामए अयगोले ति वा सेलगोले ति वा उदगंसि पक्खित्ते समाणे उदगतलमतिवतित्ता अहे धरणितलपइट्ठाणे भवति, एवामेव तहप्पगारे पुरिसजाते वज्जबहुले धुन्नबहुले पंकबहुले वेरबहुले अप्पत्तियबहुले दंभबहुले णियडिबहुले साइबहुले अयसबहुले उस्सण्णं तसपाणघाती कालमासे कालं किच्चा धरणितलमतिवतित्ता अहे णरगतलपतिट्ठाणे भवति।

ते णं णरगा अंतो वट्टा बाहिं चउरसा अहे खुरप्पसंठाणसंठिता णिच्चंधकारतमसा ववगयगह-चंद-सूर-नक्खत्त-जोतिसपहा मेद-वसा-मंस-रुहिर-पूयपडलेचिक्खल्ल लित्ताणुलेवणतला असुई वीसा

પૂંછડીએ બાંધ, આને બળદની પૂંછડીએ બાંધ, આને કાગડીનું માંસ ખવરાવ, આને ભાત પાણી ન આપ, આને જાવજ્જીવ વધ બંધન કરે, આને અન્ય રીતે કુમાર વડે ઘણો જ મારે.

જ્યારે આંતરિક પરિષદ ભરાય ત્યારે, માતા કે પિતા, ભાઈ કે બહેન, સ્ત્રી કે પુત્ર, પુત્રી કે વહુ, તેમને નાના સરખા અપરાધ માટે બહુ ભારે શિક્ષા કરે છે. જેમ કે :- તેને બરફ જેવા ઘણા ઠંડા પાણીમાં બોળે, આમ મિત્ર દોષ વૃત્તિથી પરલોકોનું અહિત કરે છે. તે દુ:ખ આપે છે, શોક કરાવે છે, ટીપે છે, પીટે છે, પીડા કરે છે, ઘણા દુ:ખી કરે છે, તેથી તે દુ:ખ, શોક, ઝૂરવું, ટીપવું, પીડાવું, ઘણુંએ દુ:ખ દેવું, વધ બંધન પરિક્લેશથી વિરતિ નથી કરતો.

આમ જ તે સ્ત્રી કામોથી આસક્ત, ગૃદ્ધ ગઢેલો, સ્વાર્થી, ચાર પાંચ વર્ષે, છથી દસ વર્ષ સુધી, જરા થોડા કે વધુ, સમય માટે જાતજાતના ભોગો ભોગવી વેરો ઉપજાવે છે, ઘણાં કર્મોનો સંચય કરે છે. આમ તે કર્મોનો ભાર ઘણો થાય ત્યારે તે કર્મો વડે, જેમ લોઢાનો કે પથ્થરનો ગોળો પાણીમાં ફેંકવાથી તે તળિયે જઈ પડે છે, તેમ નરકે જઈ પડે છે.

તે જ પ્રકારે પુરૂષ થાય છે, વજ્ર જેવો કઠણ, ધૂનમાં ઘણો જ વર્તાય છે, તે કાદવ જેવો, ઘણો વેરી, ઘણો જ દંભી, નિગ્રહ વિનાનો, ઘણો સ્વાર્થી, યશ વિનાનો, નીચ, ત્રસ જીવોનો ઘાત કરે છે, તે જ્યારે સમય પુરો થાય છે, ત્યારે મૃત્યુ પામી, ધરણીના તળે પડી નરકે જાય છે, ત્યા પ્રતિષ્ઠિત થાય છે.

તે નરક અંદરથી ગોળ, બહારથી ચોરસ, તળિયું છૂરાની જેમ ધારવાળું, નિત્ય અંધકારયુક્ત, ચંદ્ર, સૂરજ અને નક્ષત્રોના પ્રકાશ વિનાનું, ચરબી, માંસ, લોહી, અને પરૂના કાદવથી ભરાયેલું, લીંપાયેલું હોય છે. આ ગંદુ, વિષ જેવું, દુર્ગંધી, કપોત અને અગ્નિના વર્ણ જેવું, ખરબચડું, અહિતકારી, અશુભ, નરક છે. ત્યાં વેદનાઓ અસહ્ય છે. ત્યાંના પાપીઓને ઊંઘ નથી મળતી કે પગ પણ લાંબા ન કરી શકે, સાંભળવાનું સુખ નથી. ત્યાં ધૃતિ કે મતિ નથી. તે અગ્નિની જ્વાલાથી ગાઢ ભરાયેલો છે, કડવો, કર્કશ, ક્રૂર, દુ:ખથી ભરેલો, કઠણ, તીવ્ર, અને પ્રત્યક્ષ અસહ્ય વેદનાથી યુક્ત, વેદના અનુભવતો થાય છે.

પર્વતની ટોચે વૃક્ષ છે. જ્યારે તેના મૂળ કપાય ત્યારે, તે ભારે ઉપરનો

परमदुब्भिगंधा काऊअगणिवण्णाभा कक्खडफासा दुरहियासा असुभा णरगा, असुभा णरएसु वेदणाओ, नो चेव णं नरएसु नेरइया णिद्दायंति वा पयलायंति वा सायं वा रतिं वा धितिं मतिं वा उवलभंति, ते णं तत्थ उज्जलं विपुलं पगाढं कडुयं कक्कसं चंडं दुक्खं दुग्गं तिव्वं दुरहियासं णिरयवेदणं पच्चणुभवमाणा विहरंति ।

से जहाणामते रुक्खे सिया पव्वतग्गे जाते मूले छिन्ने अग्गे गरुए जतो निन्नं जतो विसमं जतो दुग्गं ततो पवडति, एवामेव तहप्पगारे पुरिसजाते गब्भातो गब्भं, जम्मातो जम्मं, माराओ मारं, णरगातो णरगं, दुक्खातो दुक्खं, दाहिणगामिए णेरइए कण्हपक्खिए आगमिस्साणं दुल्लभबोहिए यावि भवति, एस ठाणे अणारिए अकेवले जाव असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे असाहू । पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे एवमाहिते ।

७१४ अहावरे दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिज्जइ--इह खलु पाईणं वा ४ संतेगतिया मणुस्सा भवंति, तंजहा–अणारंभा अपरिग्गहा धम्मिया धम्मागुणा धम्मिट्ठा जाव धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति, सुसीला सुव्वता सुप्पडियाणंदा सुसाहू सव्वातो पाणातिवायातो पडिविरता जावज्जीवाए जाव जे यावऽण्णे तहप्पगारा सावज्जा अबोहिया कम्मंता परपाणपरितावणकरा कज्जंति ततो वि पडिविरता जावज्जीवाए ।

से जहानामए अणगारा भगवंतो इरियासमिता भासासमिता एसणासमिता आयाणभंडमत्तणिक्खेवणासमिता उच्चार-पासवण-खेल-सिंघाण-जल्लपारिट्ठावणियासमिता मणसमिता वइसमिता कायसमिता मणगुत्ता वइगुत्ता कायगुत्ता गुत्ता गुत्तिंदिया गुत्तबंभचारी अकोहा अमाणा अमाया अलोभा संता पसंता उवसंता परिणिव्वुडा अणासवा अगंथा छिन्नसोता निरुवलेवा कंसपाई व मुक्कतोया, संखो इव णिरंगणा, जीवो इव अप्पडिहयगती, गगणतलं पि व

ભાગ નીચે પડે છે અને તે ગમે તેમ ગબડી પડે છે, વિષમ જગ્યાએથી પડતો, લાંબો જઈ અથડી પડે છે. તે જ પ્રકારે નારકી માણસ કે જીવ, ગર્ભમાંથી બીજા ગર્ભમાં, એક જન્મથી બીજા જન્મમાં, એક મરણથી બીજા મરણમાં, નરકમાં, દુ:ખોથી ઘણા દુ:ખોમાં, દક્ષિણ ગામેથી નરકમાં કૃષ્ણ પક્ષમાં જાય છે. તેને ભવિષ્યમાં બોધ થવો દુર્લભ છે. આ સ્થાન અનાર્ય છે, ત્યાં કેવળ જ્ઞાન નથી, ખાલી દુર્જન જ તેની ઇચ્છા કરે. આ થયું પ્રથમ સ્થાનનું અધર્મ પક્ષનું વિભંગ, આમ કહ્યું છે.

૭૧૪. હવે બીજા સ્થાનના ધર્મ પક્ષનો વિભંગ આમ કહ્યો છે. આ લોકમાં ચારે દિશાઓમાં ગતિ મુજબ માણસો ઉપજે છે. જેમ કે:- અનારંભી, અપરિગ્રહી, ધાર્મિક, ધર્મના અનુચર, ધર્મિષ્ઠ, અને ધર્મથી જ જીવનનું ગુજરાન ચલાવતાં, સુશીલ, સુવ્રતધારી, બીજાને આનંદ કરાવતાં, સુસાધુ, સર્વ રીતે સર્વ પ્રાણાતિપાતમાંથી જીવત્જીવ વિરતિ કરતાં, જે આ પ્રકારે સાવર્જ, અજ્ઞાનથી કરે છે, પરપ્રાણ પરિતાપણનાં કૃત્યો અજ્ઞાનથી કરે છે છતાં તે આજીવ તેનાથી વિરતિ કરે છે.

અણગાર ભગવંતો, ઈરિયા, ભાષા, એષણા, આદાનભંડ નિક્ષેપણ, ઉચ્ચાર પાશ્રવણ, ક્ષેલ-સિંઘ્રાણજલ્લ પારિસ્થાપનિયા સમિતિઓ પાળે છે. મન, વચન અને કાય સમિતિઓ ધારે છે, મનગુપ્તી, વચનગુપ્તી, કાયગુપ્તી ગુપ્ત ગુપ્તેંદ્રિયો, ગુપ્ત બ્રહ્મચારી, અક્રોધી, અમાની, અમાયી, અલોભી, હોઈ તે શાંત અને પ્રશાંત થાય છે. તે ઉપશાંત થઈ સર્વ રીતે નિવૃત્તિ કરે છે.

તે અનાશ્રવી, અગ્રંથિ, છિન્ન-શ્રોતા, લેપરહિત, કાંસાના પાત્રની જેમ પાણીથી મુક્ત, શંખની જેમ રંગ વિનાના, જીવની જેમ અપ્રતિહત ગતિવાલા, આકાશના તળની જેમ નિરાવલંબી, વાયુની જેમ

निरालंबणा, वायुरिव अपडिबद्धा, सारदसलिलं व सुद्धहियया, पुक्खरपत्तं व निरुवलेवा, कुम्मो इव गुत्तिंदिया, विहग इव विप्पमुक्का, खग्गविसाणं व एगजाया, भारंडपक्खी व अप्पमत्ता, कुंजरो इव सोंडीरा, वसभो इव जातत्थामा, सीहो इव दुद्धरिसा, मंदरो इव अप्पकंपा, सागरो इव गंभीरा, चंदो इव सोमलेसा, सूरो इव दित्ततेया, जच्चकणगं व जातरूवा, वसुंधरा इव सव्वफासविसहा, सुहुतहुयासणो विव तेयसा जलंता । णत्थि णं तेसिं भगवंताणं कत्थइ पडिबंधे भवति, से य पडिबंधे चउव्विहे पण्णत्ते, तंजहा–अंडए ति वा पोयए इ वा उग्गह(हि)ए ति वा पग्गह(हि)ए ति वा, जण्णं जण्णं दिसं इच्छंति तण्णं तण्णं दिसं अप्पडिबद्धा सुइब्भूया लहुब्भूया अणुप्पगंथा संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरंति ।

तेसिं णं भगवंताणं इमा एतारूवा जायामायावित्ती होत्था, तंजहा–चंउत्थे भत्ते, छट्ठे भत्ते, अट्ठमे भत्ते, दसमे भत्ते, दुवालसमे भत्ते, चोद्दसमे भत्ते, अद्धमासिए भत्ते, मासिए भत्ते, दोमासिए भत्ते, तेमासिए भत्ते, चउम्मासिए भत्ते, पंचमासिए भत्ते, छम्मासिए भत्ते, अदुत्तरं च णं उक्खित्तचरगा णिक्खित्तचरगा उक्खित्तणिक्खित्तचरगा अंतचरगा पंतचरगा लूहचरगा समुदाणचरगा संसट्ठचरगा असंसट्ठचरगा तज्जातसंसट्ठचरगा दिट्ठलाभिया अदिट्ठलाभिया पुट्ठलाभिया अपुट्ठलाभिया भिक्खलाभिया अभिक्खलाभिया अण्णातचरगा अन्नगिलातचरगा ओवणिहिता संखादत्तिया परिमितपिंडवातिया सुद्धेसणिया अंताहारा पंताहारा अरसाहारा विरसाहारा लूहाहारा तुच्छाहारा अंतजीवी पंतजीवी पुरिमड्ढिया आयंबिलिया निव्विगतिया अमज्ज-मंसासिणो णो णियामरसभोई ठाणादीता पडिमट्ठादी णेसज्जिया वीरासणिया दंडायतिया लगंडसाईणो आयावगा अवाउडा अकंडुया

અપ્રતિબદ્ધ, શરદના પાણી જેમ શુદ્ધ હૃદયવાળા, પુષ્કરનાં પાંદડાં જેમ લેપરહિત, કૂર્મની જેમ ગુપ્તેંદ્રિય, પંખીની જેમ સ્વતંત્ર, ગેંડાના શિંગની જેમ એક જન્મવાળા, ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત, હાથીની જેમ શક્તિશાળી, વૃષભની જેમ બળવાન, સિંહની જેમ દુર્ઘષ, મંદર પર્વતની જેમ કંપ- વિનાના, સાગરની જેમ ગંભીર, ચંદ્રમાની જેમ સૌમ્ય લેશ્યાવાળા, સૂર્યની જેમ તેજસ્વી, જાત્ય-કનકની જેમ રૂપવાન, વસુંધરાની જેમ સર્વ સ્પર્શ સહન કરે તેવા, સારા હૃદયી, યજ્ઞના-અગ્નિ જેમ તેજસ્વી હોય છે.

આ ભગવંતોને કોઈ જાતનો પ્રતિબંધ ન થાય. તે પ્રતિબંધ ચાર જાતના કહ્યાં છે, જેમ કે:- (૧) અંડજ, (૨) પોતજ (૩) ઉગ્રહ અને (૪) પ્રગ્રહ.

જે જે દિશાએ તે જવા ઇચ્છે, તે તે દિશાએ બાધા થતી નથી, નિર્મળ, નમ્ર, ગ્રંથિ વિનાના, સંયમ અને તપ વડે આત્માને ભાવતા વિચરે છે. તે ભગવંતોને ત્યાં જાયામાયા વૃત્તિ હોય છે એટલે જીવનયાત્રા માટે પ્રમાણસર લેવાની ને ખાવાની વૃત્તિ થાય છે. તે ચોથા, આઠમાં, દશમા, બારમાં દિવસે ખાય, પછી અર્ધ માસે, એક માસે, બે માસે, ત્રણ માસે, ચાર માસે, પાંચ માસે, છ માસે, એમ ક્રમથી ખાય. તે પછી, ઉક્ષિપ્ત ખાય, નિક્ષિપ્ત ખાય, ઉક્ષિપ્ત નિક્ષિપ્ત ખાય, અંતનું ખાય, છેલ્લું જ ખાય. લૂખું ખાય, સમુદાણ ખાય, સમારેલું કે ન સમારેલું ખાય, ત્યાં તે જાતનું સારૂં પણ ખાય. દષ્ટિએ જોયેલું ખાય, ન જોએલું પણ ખાય, પુષ્ટ કે અપુષ્ટ પણ ખાય, ભિક્ષાથી મળેલું ખાય, ભિક્ષા વિનાનું અજ્ઞાત પણ ખાય, અન્ન ગળીને ખાય, નજીક રાખેલું પણ ખાય. જાણેલું પણ પ્રમાણસર ખાય, શુદ્ધ, અંતનું કે છેલ્લું ખાય. ઋક્ષ આહાર કરે, તુચ્છ આહાર કરે, અંત જીવી અને પંત જીવી પણ હોય. પુરિમઢ્ઢીયા, આયંબીલ વ્રત કરે, નિવ્વી કરે, મદ્યમાંસ ન ખાય, ઘણું ખાટું પણ ન ખાય. સ્થાને રહી આઠ પ્રકારે પ્રતિમા કરે, વીરાસન, દંડાસનના લંગડસાદિનો, આયાવકા, અવાયુડા, અકંડુયા,

अणिद्रुहा धुतकेस-मंसु-रोम-नहा सव्वगायपडिकम्मविप्पमुक्का चिट्ठंति ।

ते णं एतेणं विहारेणं विहरमाणा बहूइं वासाइं सामण्णपरियागं पाउणंति, बहूइं वासाइं सामण्णपरियागं पाउणित्ता आबाहंसि उप्पण्णंसि वा अणुप्पण्णंसि वा बहूइं भत्ताइं पच्चक्खाइंति, (बहूइं भत्ताइं) पच्चक्खित्ता बहूइं भत्ताइं अणसणाए छेदंति, बहूणि (भत्ताइं) अणसणाए छेदेत्ता जस्सट्ठाए कीरति नग्गभावे मुंडभावे अण्हाणगे अंदतवणगे अछत्तए अणोवाहणए भूमिसेज्जा फलगसेज्जा कट्ठसेज्जा केसलोए बंभचेरवासे परघरपवेसे लद्धावलद्ध-माणावमाणणाओ हीलणाओ निंदणाओ खिंसणाओ गरहणाओ तज्जणाओ तालणाओ उच्चावया गामकंटगा बावीसं परीसहोवसग्गा अहियासिज्जंति तमट्ठं आराहेंति, तमट्ठं आराहित्ता चरमेहिं उस्सासनिस्सासेहिं अणंतं अणुत्तरं निव्वाघातं निरावरणं कसिणं पडिपुण्णं केवलवरणाण-दंसणं समुप्पाडेंति, समुप्पाडित्ता ततो पच्छा सिज्झंति बुज्झंति मुच्चंति परिनिव्वायंति सव्वदुक्खाणं अंतं करेंति, एगच्चा पुण एगे गंतारो भवंति, अवरे पुण पुव्वकम्मावसेसेणं कालमासे कालं किच्चा अण्णतरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति, तंजहा–महिड्ढीएसु महज्जुतिएसु महापरक्कमेसु महाजसेसु महब्बलेसु महाणुभावेसु महासोक्खेसु, ते णं तत्थ देवा भवंति महिड्ढिया महज्जुतिया जाव महासुक्खा हारविराइतवच्छा कडगतुडितथंभितभुया सं(अं?)गयकुंडलमट्ठगंडतलकण्णपीढधारी विचित्तहत्थाभरणा विचित्तमालामउलिमउडा कल्लाणगपवरत्थपरिहिता कल्लाणगपवरमल्लाणुलेवणधरा भासरबोंदी पलंबवण मालाधरा दिव्वेणं रूवेणं वण्णेणं दिव्वेणं गंधेणं दिव्वेणं फासेणं दिव्वेणं संघाएणं दिव्वेणं संठाणेणं दिव्वाए इड्ढीए दिव्वाए जुतीए दिव्वाए

અતિષ્ટુતા ધુતકેશ-મંસુ-રોમ-નખ, સર્વ ગાત્ર પ્રતિકર્મ વિપ્રમુક્ત, થાય છે.

પછી આમ વિહાર કરતાં ઘણાં વર્ષો પછી શ્રમણ પર્યાગ મેળવે છે, તે પછી ઘણાં વર્ષોએ, શ્રમણ પર્યાગ મેળવી આ બાધ ઉપજે કે ન ઉપજે, ઘણી ખાદ્ય વસ્તુઓનો ત્યાગ કરે છે, તે પચ્ચખાન વડે કરે છે. પચ્ચખાન કર્યા પછી અનશન વડે ઘણી ખાદ્ય વસ્તુઓ ત્યાગે છે. ત્યાર પછી તે નગ્ન ભાવ ધારણ કરે છે. મુંડન કરી, સ્નાન ત્યાગે છે, દંતશોધન કરે નહિ ને વાહનનો ત્યાગ કરે છે. ભૂમિશયન, ફલગશયન, કાષ્ટશયન કરે છે. કેશલોચન કરે અને બ્રહ્મચર્ય પાળે. પરઘરે પ્રવેશ કરે, મળે ન મળે, અપમાન સહે, હેલના, નિંદા, ગર્હણા થાય, ધમકીઓ આપે, તાડન કરે, ખીંજવે, ઊંચાનીચા ગામ કંટકો સહન કરે, તે બાવીશ પરિષહો અને ઉપસર્ગો સહે. અહિતો સહે. તેના અર્થની આરાધના કરે છે. તેના અર્થ આરાધી, ચરમ ઉચ્છવાસ નિશ્વાસ કરતાં, અનંત, અનુત્તર, વ્યાઘાત વિનાનું, આવરણરહિત, પુરેપુરૂં કેવળ જ્ઞાન અને દર્શન પ્રાપ્ત કરે છે. તે પ્રાપ્તિ કર્યા પછી સિધ્ધિ, મુક્તિ, બોધી, પ્રાપ્ત કરી, સર્વ રીતે પરિનિર્વાણ થાય છે, સર્વ દુ:ખોનો અંત લાવે છે. કોઈને એકાદ ભવ કરવો પડે. પૂર્વ કર્મના અવશેષથી વખત આવે કાળ કરે છે. અન્યતરે દેવલોકમાં દેવ તરીકે ઉપજે છે. ત્યાં મહાઋદ્ધિમાં, મહાજોતીમાં, મહાપરાક્રમે, મહાયશ વડે, મહાબળ વડે, મોટા પ્રભાવે, મહાસુખ વડે, વક્ષ પર હાર પહેરી, અલંકારોથી ભૂષિત બાહુ, અંગે કાન કુંડલો, વિવિધ આભૂષણોથી યુક્ત, સુંદર માળાઓવાળો મુકુટ માથે પહેરે છે. તે બહુ જ કિંમતી, સારાં સુંદર શુભ્ર, નવા વસ્ત્રો પહેરે છે. તે સારી માળાઓ અને લેપ અંગે ધારણ કરે છે. તેનું શરીર તેજસ્વી સુંદર માળાઓ ધારતું, દિવ્યરૂપ, વર્ણ, ગંધ, સ્પર્શવાળું શરીર અને શક્તિમાન સારા સાંધાથી યુક્ત, દિવ્યતાથી સંસ્થાપિત, દિવ્ય ઋદ્ધિ,

पभाए दिव्वाए छायाए दिव्वाए अच्चीए दिव्वेणं तेएणं दिव्वाए लेसाए दस दिसाओ उज्जोवेमाणा पभासेमाणा गतिकल्लाणा ठितिकल्लाणा आगमेस्सभद्दया वि भवंति, एस ठाणे आरिए जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साधू । दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिते ।

७१५ अहावरे तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिज्जति–इह खलु पाईणं वा ४ संतेगतिया मणुस्सा भवंति, तंजहा–अप्पिच्छा अप्पारंभा अप्पपरिग्गहा धम्मिया धम्माणुया जाव धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति सुसीला सुव्वया सुप्पडियाणंदा साहू, एगच्चातो पाणातिवायातो पडिविरता जावज्जीवाए एगच्चातो अप्पडिविरता, जाव जे यावऽण्णे तहप्पकारा सावज्जा अबोहिया कम्मंता परपाणपरितावणकरा कज्जंति ततो वि एगच्चातो पडिविरता एगच्चातो अप्पडिविरता ।

से जहाणामए समणोवासगा भवंति अभिगयजीवा-ऽजीवा उवलद्धपुण्ण-पावा आसव-संवर-वेयण-णिज्जर-किरिया-ऽहिकरण-बंध-मोक्खकुसला असहिज्जदेवाऽसुर-नाग-सुवण्ण-रक्खस-किन्नर-किंपुरिस-गरुल-गंधव्व-महोरगादीएहिं देवगणेहिं निग्गंथातो पावयणातो अणतिक्कमणिज्जा इणमो निग्गंथे पावयणे निस्संकिता निक्कंखिता निव्वितिगिंछा लद्धट्ठा गहियट्ठा पुच्छिट्ठा विणिच्छियट्ठा अभिगतट्ठा अट्ठिमिंजपेम्माणुरागरत्ता 'अयमाउसो! निग्गंथे पावयणे अट्ठे, अयं परमट्ठे, सेसे अणट्ठे' ऊसितफलिहा अवंगुतदुवारा अचियत्तंतेउरघरपवेसा चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणा समणे निग्गंथे फासुएसणिज्जेणं असण-पाणखाइमसाइमेणं वत्थ-पडिग्गह-कंबल-पायपुंछणेणं ओसहभेसज्जेणं पीढ-फलग-सेज्जासंथारएणं पडिलाभेमाणा बहूहिं सीलव्वत-गुण-वेरमण-

જ્યોતિ, દિવ્ય પ્રભા, દિવ્ય છાયા, દિવ્ય ચર્યા, દિવ્ય તેજ, દિવ્ય લેશ્યાઓ વડે દસ દિશાએ પ્રકાશ પાડતો, ઉજાળતો, શુભ ગતિ, શુભ સ્થિતિ અને ભદ્ર ભવિષ્યવાળો થાય છે.

આ સ્થાન આર્ય છે, સાવ સર્વ દુ:ખો વિનાનો માર્ગ છે, જે સમ્યક્વાન સાધુ માટે જ યોગ્ય છે. આ છે બીજા સ્થાનનો ધર્મપક્ષનો વિભંગ, એમ કહ્યું છે.

૭૧૫. હવે ત્રીજા મિશ્ર સ્થાનના વિભંગ વિષે કહે છે :- આ લોકે પૂર્વાદિ, ચાર દિશાઓમાં પોતપોતાની[૬]ગતિ મુજબ માણસો ઉપજે છે. કોઈ અલ્પ ઇચ્છાવાળા, અલ્પ પરિગ્રહી, ધાર્મિક, ધર્મના અનુગામી, ધર્મથી જીવવા, આવક મેળવે, સારા શીલવાન, સુવ્રતી, બીજાને આનંદ ઉપજાવે તેવા, આ જીવ એક જ પ્રાણાતિપાતનું પચ્ચખાન કરે છે, ત્યારે બીજા એકનું વિરતિનું પચ્ચખાન નથી કરતા. તેથી જે આ પ્રકારે સાવર્જ અજ્ઞાનથી આચરે છે કે જેથી પરપ્રાણીઓને પરિતાપ થાય, તેમ કરે છે. છતાં પણ, એકથી વિરતિ લઈ લે છે અને બીજાથી વિરતિ નથી લેતા.

જે શ્રમણો પાસક થાય છે, તે જીવ અજીવનું જ્ઞાન ધરાવે છે. વળી તે પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, વેદના, નિર્જરા, ક્રિયા અધિકરણ, બંધ અને મોક્ષના જ્ઞાને પરિચિત છે, સારી રીતે જાણે છે, કુશળ છે.

આ સહન ન કરતા દેવો : અસૂરો, નાગ, સુપર્ણ, યક્ષ, રાક્ષસ, કિંન્નર, કિં પુરૂષ, ગરૂલ, ગંધર્વ, મહોરગાદિ, દેવગણો, તેમને આ નિગ્રંથ ધર્મ મળે તે અસહ્ય થાય છે તેથી તેનો તે વિરોધ કરે છે. આ નિર્ગ્રંથ ધર્મ, શંકારહિત, કાંક્ષા વિનાનો, ચિકિત્સા વિનાનો, અર્થ મેળવેલો, અર્થગ્રહણ કરેલો, અર્થ પૂછેલો, અર્થનો નિશ્ચય કરતો, અર્થ જાણેલો, અસ્થિ-મીંજની જેમ પ્રેમયુક્ત, હે આયુષ્માન! આ નિર્ગ્રંથોનું પ્રવચન અર્થવાળું, શ્રેષ્ઠ અર્થયુક્ત છે, શેષ ધર્મો અર્થ વિનાના છે. તેમને માટે ઘરના આગળા ઊંચા છે અને દ્વાર ઉઘાડાં છે. ઘરના અંત:પૂરમાં તે પ્રવેશ ન કરે. ચઉદસ, આઠમે, પૂનમે, અને અમાસને દિવસે તે સંપૂર્ણ પોષધ વ્રત પાળે છે.

તે શ્રમણ માહણોને કે નિર્ગ્રંથોને જે ઇચ્છવા યોગ્ય ખાદ્ય પીણાં, સ્વાદિષ્ટ, ખાદિમ હોય તે અને વસ્ત્ર - પરિગ્રહ, કાંબળ, પાયલુંછની, ઓખદ, પીઢ, ફલક, સંથારી સૂવાં માટે મેળવી વહોરાવે છે. તે ઘણા શીલવાન,

पच्चक्खाण-पोसहोववासेहिं अहापरिग्गहितेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणा विहरंति ।

ते णं एयारूवेणं विहारेणं विहरमाणा वहूइं वासाइं समणोवासगपरियागं पाउणंति, पाउणित्ता आबाधंसि उप्पण्णंसि वा अणुप्पण्णंसि वा बहूइं भत्ताइं पच्चक्खाइंति, बहूइं भत्ताइं पच्चक्खाइत्ता बहूइं भत्ताइं अणसणाए छेदेति, बहूइं भत्ताइं अणसणाए छेदेत्ता आलोइयपडिक्कंता समाहिपता कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति, तंजहा-महिड्डिएसु महज्जुतिएसु जाव महासुक्खेसु, सेसं तहेव जाव एस ठाणे आरिए जाव एगंतसम्मे साहू । तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिए ।

७१६ अविरतिं पडुच्च बाले आहिज्जति, विरतिं पडुच्च पंडिते आहिज्जति, विरताविरतिं पडुच बालपंडिते अहिज्जइ, तत्थ णं जा सा सव्वतो अविरती एस ठाणे आरंभट्ठाणे अणारिए जाव असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे असाहू, तत्थ तत्थ णं जा सा सव्वतो विरती एस ठाणे अणारंभट्ठाणे, एस ठाणे आरिए जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू, तत्थ णं जा सा सव्वतो विरताविरती एस ठाणे आरंभाणारंभट्ठाणे, एस ठाणे आरिए जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू ।

७१७ एवामेव समणुगम्ममाणा समणुगाहिज्जमाणा इमेहिं चेव दोहिं ठाणेहिं समोयरंति, तंजहा–धम्मे चेव अधम्मे चेव, उवसंते चेव अणुवसंते चेव । तत्थ णं जे से पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे एवमाहिते, तस्स णं इमाइं तिण्णि तेवट्ठाइं पावाइयसताइं भवंतीति अक्खाताइं, तंजहा–किरियावादीणं अकिरियावादीणं अण्णाणियवादीणं वेणइयवादीणं, ते वि निव्वाणमाहंसु, ते वि

ગુણ વ્રતો, વિરમણ, પચ્ચખાણ, પોષધોપવાસ વડે યથા અપરિગ્રહથી તપકર્મો કરી આત્માને ભાવે છે. પછી વિચરે છે.

હવે તે આ પ્રમાણે વિહાર કરતાં, ઘણાં વર્ષો પછી શ્રમણોપાસકનો પર્યાગ મેળવે છે, તે મેળવ્યાં પછી બાધ આવે કે ન આવે, ઘણી ખાવાની ચીજોનું પચ્ચખાન લે છે. વળી તે પછી અનશન વડે ઘણીએ બીજી ખાવાની ચીજો ત્યાગે છે (પચ્ચખાન કરી). તે પછી તે આલોચના કરે છે, પ્રતિક્રમણ કરે છે, સમાધિ પ્રાપ્ત કરે છે. યોગ્ય કાળ આવતાં, કાળ કરી દેવલોકે દેવરૂપે ઉપજે છે. ત્યાં મહાૠદ્ધિ, મહાજ્યોતિ, મહાસુખમાં રહે છે. શેષ :- આ સ્થાન આર્ય છે, સંયમી સાધુ માટે જ યોગ્ય છે. આ થાય છે ત્રીજા સ્થાનના મિશ્ર પક્ષનો વિભંગ, એમ કહ્યું છે.

૭૧૬. મૂઢ, અવિરતિથી પ્રત્યક્ષ થાય છે, ત્યારે પંડિત, વિરતિથી પ્રત્યક્ષ થાય છે. મૂઢ પંડિત વિરતાવિરતિથી પ્રત્યક્ષ થાય છે. જ્યાં સર્વ રીતે અવિરતિ છે, તે સ્થાન આરંભનું છે, તેથી તે અનાર્ય છે, તે સર્વ દુ:ખોનો અંત ન લાવે, તે ફક્ત અસાધુ જ ઇચ્છે. જ્યાં સર્વ રીતે વિરતિ પાળે છે તે સ્થાન હિંસાવિનાનું છે, તેથી તે આર્ય છે. સર્વ દુ:ખો તે દૂર કરે છે. તેની સંયમી સાધુ જ ઇચ્છા કરે. જ્યાં વિરતાવિરતિ છે તે સ્થાન હિંસા અને અહિંસાવાળું છે. છતાં તે સ્થાન આર્ય છે. સર્વ દુ:ખોનો અંત આણે છે. તે સંયમી સાધુ જ ઇચ્છે છે.

૭૧૭. આમ જે શ્રામણ્યને જાણે અને શ્રામણ્યને ગ્રહે, તે બન્ને સ્થાનો સરખાં આચરે છે, જેમ કે ધર્મ અને અધર્મ, ઉપશાંત અને અનુપશાંત, આમ તે પ્રથમ સ્થાનના અધર્મ પક્ષનો વિભંગ કહ્યો છે.

તેમાં જ આ ત્રણસો ને સાંઠ પ્રાવાદિકો થાય છે. જેમ કે :- ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી. તે સર્વે પણ નિર્વાણને કહે છે, તે પણ મોક્ષ વિષે કહે છે, તે શ્રાવકોને કહે છે, તે શ્રાવકતા

पलिमोक्खमाहंसु, ते वि लवंति सावगा, ते वि लवंति सावइत्तारो ।

७१८ ते सव्वे पावाइया आदिकरा धम्माणं नाणापण्णा नाणाछंदा नाणासीला नाणादिट्ठी नाणारुइ नाणारंभा नाणाज्झवसाणसंजुत्ता एगं महं मंडलिबंधं किच्चा सव्वे एगओ चिट्ठंति, पुरिसे य सागणियाणं इंगालाणं पातिं बहुपडिपुण्णं अयोमएणं संडासएणं गहाय ते सव्वे पावाइए आइगरे धम्माणं नाणापण्णे जावनाणाज्झवसाणसंजुत्ते एवं वदासी–हं भो पावाइया आदियरा धम्माणं णाणापण्णा जावऽज्झवसाणसंजुत्ता! इमं ता तुब्भे सागणियाणं इंगालाणं पातिं बहुपडिपुण्णं गहाय मुहुत्तगं मुहुत्तगं पाणिणा धरेह, णो य हु संडासगं संसारियं कुज्जा, णो य हु अग्गिथंभणियं कुज्जा, णो य हु साहम्मियवेयावडियं कुज्जा, णो य हु परधम्मियवेयावडियं कुज्जा, उज्जुया णियागपडिवन्ना अमायं कुव्वमाणा पाणिं पसारेह, इति वच्चा से पुरिसे तेसिं पावादियाणं तं सागणियाणं इंगालाणं पातिं बहुपडिपुण्णं अओमतेणं संडासतेणं गहाय पाणिंसु णिसिरति, तते णं ते पावादिया आदिगरा धम्माणं नाणापन्ना जाव नाणाज्झवसाणसंजुत्ता पाणिं पडिसाहरेंति, तते णं से पुरिसे ते सव्वे पावादिए आदिगरे धम्माणं जाव नाणाज्झवसाणसंजुत्ते एवं वदासी हं भो पावादिया आदियरा धम्माणं जाव णाणाज्झवसाणसंजुत्ता! कम्हा णं तुब्भे पाणिं पडिसाहरह?, पाणी नो डज्झेज्जा, दड्ढे किं भविस्सइ?, दुक्खं, दुक्खं ति मण्णमाणा पडिसाहरह, एस तुला, एस पमाणे, एस समोसरणे, पत्तेयं तुला, पत्तेयं पमाणे, पत्तेयं समोसरणे ।

७१९ तत्थ णं जे ते समणा माहणा एवमाइक्खंति जावेवं परूवेंति–'सव्वे पाणा जाव सत्ता हंतव्वा अज्जावेतव्वा परिघेत्तव्वा परितावेयव्वा किलामेतव्वा उद्दवेतव्वा,' ते आगंतु छेयाए, ते आगंतु भेयाए, ते

તારક કહેવરાવે છે.

૭૧૮. તે સર્વે પ્રાવાદિકો પોતપોતાના ધર્મોના સંસ્થાપક છે. તે વિવિધ છંદોના, વિવિધ શીલના, વિવિધ દૃષ્ટિઓના, વિવિધ રૂચિના, અનેક આરંભો કરતાં, અનેક અધ્યવસાય યુક્ત, એક સાથે મળી મંડળી કરે છે. સર્વે સાથે ઊભા રહે છે. એક પુરૂષ શાકનું પાત્ર અંગારાથી પૂર્ણ ભરી લોઢાની સાણશીએ ઊંચકી તે સર્વે પ્રાવાદિકો કે જે પોતાના ધર્મના આદિકરો છે, અને ઉદ્યોગો કરે છે, તેમને ઉદ્દેશીને કહે છે :- હે ધર્મના આદિકરો પ્રાવાદિકો ! ઘણા ઉદ્યોગી, આ શાકનું પાત્ર જે અંગારાથી પરિપૂર્ણ ભરેલું છે તેને પોતાના હાથે ગ્રહણ કરો. એક જ મુહૂર્ત સુધી. સાણશી ન લેવી, અગ્નિ ન બુઝાવવો, કોઈ પણ ધાર્મિક વેચાવચ્ચ ન કરે, ન પરધર્મી વેચાવચ્ચ કરે. સરળતાથી આ યજ્ઞના અગ્નિના પાત્રને, માયાવિના હાથ આગળ ધરો. આમ કહી તે અંગારાથી પરિપૂર્ણ પાત્ર, લોઢાની સાણશીએ પકડી સામે ધર્યું ત્યારે તે સર્વે પ્રાવાદિકોએ પોતપોતાના હાથ ખેંચી લીધા. ત્યારે તે પુરૂષ તે સર્વે પ્રાવાદિકોને બોલ્યો :- હે વિવિધ ધર્મના સંસ્થાપકો ! વિવિધ ઉદ્યોગોથી યુક્ત, તમે તમારા હાથ પાછા કેમ કરી ખેંચી લીધા ? હાથ દાઝે નહિ, તે માટે ને ? હાથ દાઝે તો શું થાય ? દુઃખ ? દુઃખ માની હાથ પાછા ખેચ્યાં ને? આજ તોલ છે, આજ પ્રમાણ છે, આ સમોસરણમાં. આ તોલ છે પ્રત્યેક માટે પ્રમાણ છે પ્રત્યેક માટે, આ સમોસરણમાં.

૭૧૯. ત્યાં જે શ્રમણ માહણો આમ કહે છે કે પ્રરૂપે છે :- સર્વે પ્રાણો, સર્વે જીવો, સર્વે સત્તા, હણવા જોઈએ, દુઃખી કરવા જોઈએ, ઘેરવા જોઈએ, તેમને પરિતાપ કરવો જોઈએ. અને ઉદ્રવ કરવો જોઈએ.

आगंतुं जाति-जरा-मरण-जोणिजम्मण-संसार-पुणब्भव-गब्भवास-भवपवंचकलंकलीभागिणो भविस्संति, ते बहूणं दंडणाणं बहूणं मुंडणाणं तज्जणाणं तालणाणं अंदुबंधणाणं जाव घोलणाणं माइमरणाणं पितिमरणाणं भाइमरणाणं भगिणीमरणाणं भज्जामरणाणं पुत्तमरणाणं धूयमरणाणं सुण्हामरणाणं दारिद्दाणं दोहग्गाणं अप्पियसंवासाणं पियविप्पओगाणं बहूणं दुक्खदोमणसाणं आभागिणो भविस्संति, अणादियं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं भुज्जो भुज्जो अणुपरियट्टिस्संति, ते नो सिज्झिस्संति नो बुज्झिस्संति जाव नो सव्वदुक्खाणं अंतं करिस्संति, एस तुला, एस पमाणे, एस समोसरणे, पत्तेयं तुला, पत्तेयं पमाणे, पत्तेयं समोसरणे ।

७२० तत्थ णं जे ते समण-माहणा एवं आइक्खंति जाव परूवेंति-सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता ण हंतव्वा ण अज्जावेयव्वा ण परिघेतव्वा ण उद्दवेयव्वा, ते णो आगंतुं छेयाए, ते णो आगंतुं भेयाए, ते णो आगंतुं जाइ जरा-मरण-जोणिजम्मण-संसार-पुणब्भव-गब्भवास-भवपवंचकलंकलीभागिणो भविस्संति, ते णो बहूणं दंडणाणं जाव णो बहूणं दुक्खदोमणसाणं आभागिणो भविस्संति, अणातियं च णं अणवयग्गं दीहमद्धं चाउरंतं संसारकंतारं भुज्जो भुज्जो णो अणुपरियट्टिस्संति ते सिज्झिस्संति जाव सव्वदुक्खाणं अंतं करिस्संति ।

७२१ इच्चेतेहिं बारसहिं किरियाठाणेहिं वट्टमाणा जीवा नो सिज्झिंसु (नो) बुज्झिंसु जाव नो सव्वदुक्खाणं अंतं करेंसु वा करेंति वा करिस्संति वा । एतम्मि चेव तेरसमे किरियाठाणे वट्टमाणा जीवा सिज्झिंसु बुज्झिंसु मुच्चिंसु परिणिव्वाइंसु सव्वदुक्खाणं अंतं करिंसु वा करेंति वा करिस्संति वा । एवं से भिक्खू आतट्ठी आतहिते

આવા માણસો ભવિષ્યમાં છેદાશે, ભેદાશે, અને જન્મ, જરા અને મરણની, અનેક યોનિઓમાંથી પસાર થશે, અનેક વાર સંસારમાં ભ્રમણ કરશે, પુનર્વાસ, પુનર્ભવો, ગર્ભવાસો, ભવપ્રપંચો, અને ક્લેશોના ભાગીદાર થશે. તે દંડન, મુંડન, તર્જન, તાડન, અંડબંધન, ઘોળણ, માતપિતા, ભાઈ, ભગિની, ભાર્યા, પુત્ર, પુત્રી, પુત્રવહુ, આ સર્વેનાં મરણો સાંખશે. દારિદ્ર, તીવ્ર દુ:ખો, અપ્રિય સહવાસ, પ્રિયના વિયોગ, અને ઘણાં દુ:ખ અને દૌર્મન્ય પ્રાપ્ત કરશે. અનાદિ કાળપર્યંત, અસહ્ય દુ:ખો, દીર્ઘ સંસારકંતારનાં દુ:ખો, ભોગવતો થશે. ફરીફરી સંસારમાં ભ્રમણ કરશે. તેને સિદ્ધિ ન મળે, બોધી ન મળે, સર્વ દુ:ખોનો અંત ન કરે. આ તોલ છે, પ્રમાણ છે, પ્રત્યેકને જે આ સમોસરણમાં આવ્યા છે, તેને માટે.

૭૨૦. ત્યારે ત્યાં જે શ્રમણ માહણો આમ ભાંખે છે, પ્રરૂપે છે :- સર્વે પ્રાણો, સર્વે ભૂતો, સર્વે જીવો, સર્વે સત્તાને ન હણે, ન મારે, ન ઘેરે, ન ઉદ્રવ કરે, તેથી તે ભવિષ્યમાં છેદાશે નહિ, ભેદાશે નહિ, ભવિષ્યનું જન્મવાનું, કે મરવાનું, ન થાય કે સંસાર, પુનર્ભવ, ગર્ભવાસ, ભવપ્રપંચની ઝંઝટ, આ સર્વેનો ભાગીદાર નહિ થાય. તે બહુ દંડાથી શિક્ષા ન પામે, ઘણા દુ:ખ દૌર્મનનો ભાગીદાર થશે નહિ. જ્ઞાતિ વગરનો, ન કહી શકાય તેવા દીર્ઘ સંસારકંતારને ભોગવશે નહીં. તેમાં ફરી ફરી ભ્રમણ નહીં કરે. તે સિદ્ધિને વરશે અને સર્વ દુ:ખોનો અંત કરશે.

૭૨૧. આ બાર ક્રિયાસ્થાને વર્તતો જીવ, ન સિદ્ધિ પામે, ન બોધી પામે. તે સર્વ દુ:ખોનો અંત કરતો નથી કે ભવિષ્યમાં કરશે પણ નહીં. હવે જે તેરમા ક્રિયા સ્થાને વર્તતો જીવ, સિદ્ધિ, બોધી, પામી, સર્વ દુ:ખોનો અંત કરે છે અને કરશે, ભૂતકાળે કરેલો. તે સર્વ રીતે પરિનિર્વાણ પામે છે. પામેલો અને પામશે.

आतगुत्ते आयजोगी आतपरक्कमे आयरक्खिते आयाणुकंपए आयनिप्फेडए आयाणमेव पडिसाहरेज्जासि त्ति बेमि ।

॥किरियाठाणं बितियं अज्झयणं सम्मत्तं ॥

તેથી આ ભિક્ષુ, આત્માર્થી, આત્મહિતયુક્ત, આત્મગુપ્ત, આત્મયોગી આત્મા વડે પરાક્રમ કરે છે. આત્માની રક્ષા કરે છે. આત્માની અનુકંપા કરે છે, આત્માને શરીરથી જાુદો કરે છે, આત્માને જ હરી જાય છે.

આમ હું કહું છું.
બીજો અધ્યાય સમાપ્ત.

तइयं अज्झयणं 'आहारपरिण्णा'

७२२ सुयं मे आउसंतेणं भगवता एवमक्खातं–इह खलु आहारपरिण्णा णाम अज्झयणे, तस्स णं अयमट्ठे–इह खलु पाईणं वा ४ सव्वातो सव्वावंति लोगंसि चत्तारि बीयकाया एवमाहिज्जंति, तंजहा–अग्गबीया मूलबीया पोरबीया खंधबीया ।

७२३ (१) तेसिं च णं अहाबीएणं अहावगासेणं इह एगतिया सत्ता पुढविजोणिया पुढविसंभवा पुढविवक्कमा तज्जोणिया तस्संभवा तव्वक्कमा कम्मोवगा कम्मणियाणेणं तत्थवकम्म(वक्कमा) णाणाविहजोणियासु पुढवीसु रुक्खत्ताए विउट्टंति । ते जीवा तासिं णाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं आउसरीरं तेउसरीरं वाउसरीरं वणस्सतिसरीरं णाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति, परिविद्धत्थं तं सरीरगं पुव्वाहारियं तयाहारियं विपरिणयं सारूविकडं संतं सव्वपणताए आहारे(रें?)ति । अवरे वि य णं तेसिं पुढविजोणियाणं रुक्खाणं सरीरा नाणावण्णा नाणागंधा नाणारसा नाणाफासा नाणासंठाणसंठिया नाणाविहसरीरपोग्गलविउव्विता ते जीवा कम्मोववण्णगा भवंतीति मक्खायं ।

(२) अहावरं पुरक्खातं–इहेगतिया सत्ता रुक्खजोणिया रुक्खसंभवा रुक्खवक्कमा तज्जोणिया तस्संभवा तवक्कमा कम्मोवगा कम्मनिदाणेणं तत्थवक्कमा पुढविजोणिएहिं रुक्खेहिं रुक्खत्ताए विउट्टंति ते जीवा तेसिं पुढविजोणियाणं रुक्खाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढवीसरीरं आउसरीरं

અધ્યાય ત્રીજો
"આહાર વિષે"

૭૨૨. હે આયુષ્માન મને સાંભળ! ભગવંતે આમ કહ્યું છે :- આ છે આહાર પરિજ્ઞા નામે અધ્યયન, તેનો હેતુ આ પ્રમાણે છે :- આ લોકમાં પૂર્વથી માંડી ચારે દિશાઓમાં બધું આવી જાય છે, તેમાં છે ચાર પ્રકારે બીજ કાયાઓ, જેમ કે :- અગ્ર બી, મૂળ બી, પોર બી અને સ્કંધ બી.

૭૨૩. (૧) તેમાંથીજ બીજ પ્રમાણે, યોગ્ય વખતે, આ એક જ જીવ સત્તા, પૃથ્વી યોનિની, પૃથ્વીમાં ઉપજેલી, પૃથ્વીમાં ઉપર આવેલી, તે યોનિઓ ત્યાં ઉપજે છે, ત્યાં ઉપર આવે છે, અને કર્મથી ઉપજેલી, કર્મના કારણે ત્યાં ઉપજી છે, પૃથ્વીમાં તે અનેક પ્રકારના યોનિઓમાં વૃક્ષો રૂપે વર્તાય છે. તે જીવો ત્યાં અનેક પ્રકારના પૃથ્વી યોનિઓના જીવોનો સત્ત્વ ચૂસે છે, ખાય છે. તેથી તે પૃથ્વી યોનિના જીવોનાં શરીર, પાણી જીવોનાં શરીર, તેજના જીવોનાં શરીર, વાયુના જીવોનાં શરીર, અને વિવિધ પ્રકારના ત્રસ સ્થાવર જીવોનાં શરીરોને અચિત્ત કરે છે, સર્વનાશ કરે છે, આહાર કરવાની પહેલા ત્વચા અને પછી શરીરોના આહારનો સર્વનાશ કરી, પોતાના શરીરના રૂપે પરિણમાવે છે. આમ તે સર્વ રીતે સંપૂર્ણ આહાર કરે છે.

હવે તે પૃથ્વી યોનિઓનાં શરીરો, વિવિધ રૂપનાં, ગંધના, વિવિધ રસોનાં, વિવિધ સ્પર્શોનાં, વિવિધ ઠેકાણે ઊગેલાં, અનેક જાતના શરીરોના પુદ્‌ગલો રૂપે વર્તે છે. આ જીવો કર્મોથી ઊપજે છે, આમ કહ્યું છે.

(૨) આ પૂર્વે કહ્યું છે :- અહીં જે વૃક્ષ યોનિના જીવો છે તે પોતે પોતાની ગતિથી ઊપજે છે, તે જ યોનિઓમાં, તે હોય છે, ત્યાં જ ઊગે છે, તે કર્મના કારણે ત્યાં ઉપજે છે. પૃથ્વી યોનિઓનાં વૃક્ષો પર વૃક્ષતાથી વર્તાય છે. તે જીવો ત્યાં, પૃથ્વી યોનિયોનાં વૃક્ષોનો સત્ત્વ આહાર કરે છે. તે જીવો ખાય છે, પૃથ્વીનાં શરીરો, પાણીનાં શરીરો, તેજનાં શરીરો, વાયુનાં શરીરો, વનસ્પતિનાં શરીરો,

तेउसरीरं वाउसरीरं वणस्सइसरीरं, णाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति, परिविद्धत्थं तं सरीरगं पुव्वाहारियं तयाहारियं विपरिणयं सारूविकडं संतं सव्वपणाए आहारं आहारेंति अवरे वि य णं तेसिं रुक्खजोणियाणं रुक्खाणं सरीरा नाणावण्णा नाणागंधा नाणारसा नाणाफासा नाणासंठाणसंठिया नाणाविहसरीरपोग्गलविउव्विता, ते जीवा कम्मोववन्ना भवंतीति मक्खायं ।

(३) अहावरं पुरक्खायं इहेगतिया सत्ता रुक्खजोणिया रुक्खसंभवा रुक्खववक्कमा तज्जोणिया तस्संभवा तव्वक्कम्मा(मा) कम्मोवगा कम्मनिदाणेणं तत्थवक्कमा रुक्खजोणिएसु रुक्खेसु रुक्खत्ताए विउट्टंति, ते जीवा तेसिं रुक्खजोणियाणं रुक्खाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं आउ० तेउ० वाउ० वणस्सतिसरीरं, नाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति परिविद्धत्थं तं सरीरगं पुव्वाहारितं तयाहारियं विपरिणयं सारूविकडं संतं । अवरे वि य णं तेसिं रुक्खजोणियाणं रुक्खाणं सरीरा णाणावण्णा जाव ते जीवा कम्मोववण्णगा भवंतीति मक्खायं ।

(४) अहावरं पुरक्खायं–इहेगतिया सत्ता रुक्खजोणिया रुक्खसंभवा रुक्खववक्कमा तज्जोणिया तस्संभवा तवक्कमा कम्मोवगा कम्मानिदाणेणं तत्थवक्कम्मा(मा) रुक्खजोणिएसु रुक्खेसु मूलत्ताए कंदत्ताए खंधत्ताए तयत्ताए सालत्ताए पवालत्ताए पत्तताए पुप्फत्ताए फलत्ताए बीयत्ताए विउट्टंति, ते जीवा तेसिं रुक्खजोणियाणं रुक्खाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं आउ० तेउ० वाउ० वणस्सति० नाणाविहाणं तस-थावराणं पाणाणं सरीरं अचित्तं कुव्वंति, परिविद्धत्थं तं सरीरगं जाव सारूविकडं संतं, अवरे वि य णं तेसिं रुक्खजोणियाणं मूलाणं कंदाणं खंधाणं तयाणं सालाणं

વિવિધ પ્રકારનાં ત્રસ સ્થાવર જીવોનાં શરીરો, તે સર્વેને અચિત્ત કરી, સર્વનાશ કરી, પહેલાં ત્વચાનો આહાર કરી રહેલાં શરીરોનો આહાર કરી પોતાનાં શરીરોમાં ફેરવી નાંખે છે. આમ તે સર્વનો આહાર કરે છે.

હવે તે વૃક્ષ યોનીઓનાં વૃક્ષોનાં શરીરો વિવિધ વર્ણના, ગંધના, રસોના, સ્પર્શોના હોઈ અનેક ઠેકાણે સંસ્થાપિત થએલાં હોય છે, અને વિવિધ પ્રકારનાં શરીરોના રૂપે વર્તાય છે, તે જીવો કર્મો વડે થાય છે, એમ કહ્યું છે.

(૩) આમ પૂર્વે કહ્યું છે, આ ગતિઓ છે વૃક્ષ યોનિઓના સત્તાની, વૃક્ષોમાં થતી, વૃક્ષોમાં ઊગેલી, તે યોનીઓ ત્યાં હોય છે તે કર્મોવડે કર્મના કારણે ત્યાં વધે છે, વૃક્ષ યોનિઓનાં વૃક્ષોમાં વૃક્ષ રૂપે વર્તાય છે, તે જીવો ત્યાં વૃક્ષ યોનિઓનાં વૃક્ષોનો સત્ત્વ ખાય છે. તે ખાય છે શરીરો પૃથ્વી યોનિઓનાં, પાણી, તેજ, વાયુ, વનસ્પતિ અને ત્રસ સ્થાવર જીવોનાં, તે શરીરોને અચિત્ત કરે છે, ત્વચા અને શરીરનો સર્વનાશ કરી, પોતાનાં શરીરોમાં ફેરવી નાંખે છે.

હવે તે પૃથ્વી યોનિઓનાં - વૃક્ષોનાં શરીરો વિવિધ વર્ણ, ગંધ, વિવિધ રસ, વિવિધ સ્પર્શના હોય છે, તે જીવો પોતપોતાનાં કર્મો કરી ત્યાં વર્તાય છે.

(૪) આ પ્રમાણે કહેલું છે :- આ ગતિઓ છે વૃક્ષ યોનિઓની, વૃક્ષે ઉપજતી, વૃક્ષોમાં વધતી, તેની યોનિઓ ત્યાં ઉપજે છે, પોતપોતાનાં કર્મ વડે, કર્મના કારણે ત્યાં આવે છે. વૃક્ષ યોનિઓમાંનાં વૃક્ષોમાં, મૂળ રૂપે, કંદ રૂપે, ડાળીઓ રૂપે, કૂંપળ રૂપે, પાંદડાં રૂપે, ફળ રૂપે અને બીજ રૂપે ઉપજે છે. તે જીવો ત્યાં વૃક્ષ યોનિનાં વૃક્ષોનો સત્ત્વ ચૂસે છે. તે જીવો પૃથ્વી શરીરનું ખાણું ખાય છે. પાણી, તેજ, વાયુ, વનસ્પતિ અને વિવિધ પ્રકારના ત્રસ સ્થાવર જીવોને અચિત્ત કરી સર્વનાશ કરે છે. તે ત્વચાથી માંડી સર્વ શરીરનો નાશ કરી પોતાના શરીરમાં ફેરવે છે. હવે તે વૃક્ષ યોનિના મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, કૂંપળો, પાંદડાંથી,

पवालाणं जाव बीयाणं सरीरा नाणावण्णा नाणागंधा जाव नाणाविहसरीरपोग्गलविउव्विया, ते जीवा कम्मोववण्णगा भवंतीति मक्खायं ।

७२४ (१) अहावरं पुरक्खायं-इहेगइया सत्ता रुक्खजोणिया रुक्खसंभवा रुक्खवक्कमा तज्जोणिया तस्संभवा तवक्कमा कम्मोवगा कम्मनिदाणेणं तत्थवक्कमा रुक्खजोणिएहिं रुक्खेहिं अज्झोरुहित्ताते विउट्टंति, ते जीवा तेसिं रुक्खजोणियाणं रुक्खाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं जाव सारूविकडं संतं, अवरे वि य णं तेसिं रुक्खजोणियाणं अज्झोरुहाणं सरीरा णाणावण्णा जाव मक्खायं ।

(२) अहावरं पुरक्खायं-इहेगतिया सत्ता अज्झोरुहजोणिया अज्झोरुहसंभवा जाव कम्मनिदाणेणं तत्थवक्कमा रुक्खजोणिएसु अज्झोरुहेसु अज्झोरुहत्ताए विउट्टंति, ते जीवा तेसिं रुक्खजोणियाणं अज्झोरुहाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं जाव सारूविकडं संतं, अवरे वि य णं तेसिं अज्झोरुहजोणियाणं अज्झोरुहाणं सरीरा नाणावण्णा जाव मक्खायं

(३) अहावरं पुरक्खायं-इहेगतिया सत्ता अज्झोरुहजोणिया अज्झोरुहसंभवा जाव कम्मनिदाणेणं तत्थवक्कमा अज्झोरुहजोणिएसु अज्झोरुहेसु अज्झोरुहित्ताए विउट्टंति, ते जीवा तेसिं अज्झोरुहजोणियाणं अज्झोरुहाणं सिणेहमाहारेंति, (तेजीवा आहारेंति) पुढविसरीरं जाव सारूविकडं संतं, अवरे वि य णं तेसिं अज्झोरुहजोणियाणं (अज्झोरुहाणं) सरीरा नाणावण्णा जाव मक्खायं ।

(४) अहावरं पुरक्खायं-इहेगइया सता अज्झोरुहजोणिया अज्झोरुहसंभवा जाव कम्मनिदाणेणं तत्थवक्कमा

બિયાં સુધીનાં શરીરો વિવિધ વર્ણના, વિવિધ પ્રકારનાં શરીરોનાં પુદ્‌ગલો રૂપે, વર્તાય છે. આ જીવો પોતપોતાનાં કર્મોથી થાય છે, એમ કહ્યું છે.

૭૨૪. (૧) આમ પૂર્વે કહેલું છે :- આ યોનિઓની ગતિઓ છે વૃક્ષોમાં ઉપજતી, વધતી. તેની યોનિઓ ત્યાં ઉપજે છે, વધે છે, કર્મો વડે થાય છે, કર્મોના કારણે જ ત્યાં આવે છે, હોય છે, વૃક્ષ યોનિઓના વૃક્ષોમાં લતાઓ રૂપે વર્તે છે. તે જીવો ત્યાં વૃક્ષ યોનિના વૃક્ષોનાં સત્ત્વોનો આહાર કરે છે. તે જીવો પૃથ્વી શરીરનો આહાર કરે છે અને પોતાના શરીરના રૂપે ફેરવે છે. હવે તે વૃક્ષ યોનિઓની લતાઓનાં શરીરો વિવિધ વર્ણનાં હોય છે એમ કહ્યું છે.

(૨) આમ પૂર્વે કહ્યું છે :- આ ગતિઓ છે લતા યોનિઓની. તે લતાઓમાં થાય છે. તે કર્મના કારણે ત્યાં આવે છે, હોય છે. વૃક્ષ યોનિની લતાઓમાં લતાઓ રૂપે વર્તાય છે. તે જીવો ત્યાં વૃક્ષ યોનિઓના લતાઓનું સત્ત્વ ગ્રહણ કરે છે. આમ તે જીવો, પૃથ્વી શરીરનો આહાર કરે છે, પોતાના શરીરરૂપે ફેરવી દે છે. હવે તે લતાઓના યોનિની લતાઓનાં શરીરો વિવિધ વર્ણનાં કહ્યાં છે.

(૩) આ પ્રમાણે પૂર્વે કહ્યું છે :- આ ગતિઓ છે વેલોની. યોનિઓ વેલાઓમાં થાય છે, પોતાનાં કર્મોથી ત્યાં થાય છે. વેલોની યોનિમાં, વેલા રૂપે વર્તાય છે. તે જીવો ત્યાં વેલાની યોનિઓના વેલાનો સત્ત્વ ખાય છે. તે જીવોનો આહાર કરે છે જ્યાં સુધી પૃથ્વીકાય વર્તે છે. તે જે જીવોનો આહાર કરે છે તેને પોતાના શરીરરૂપે ફેરવી નાંખે છે. હવે ત્યાં વેલાની યોનિના વેલડાઓનાં શરીરો વિવિધ વર્ણનાં કહ્યાં છે.

(૪) આમ પૂર્વે કહ્યું છે :- આ ગતિયો છે લતાઓની, યોનીયો, લતાઓમાં ઉપજે છે, કર્મના કારણે જ ત્યાં આવે છે, થાય છે,

अज्झोरुहजोणिएसु अज्झोरुहेसु मूलत्ताए जाव बीयत्ताए विउट्टंति, ते जीवा तेसिं अज्झोरुहजोणियाणं अज्झोरुहाणं सिणेहमाहारेंति जाव अवरे वि य णं तेसिं अज्झोरुहजोणियाणं मूलाणं जाव बीयाणं सरीरा णाणावण्णा जाव मक्खायं ।

७२५ (१) अहावरं पुरक्खातं इहेगतिया सत्ता पुढविजोणिया पुढविसंभवा जाव णाणाविहजोणियासु पुढवीसु तणत्ताए विउट्टंति, ते जीवा तेसिं नाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेंति जाव ते जीवा कम्मोववन्ना भवंतीति मक्खायं ।

(२) एवं पुढविजोणिएसु तणेसु तणत्ताए विउट्टंति जाव मक्खायं ।

(३) एवं तणजोणिएसु तणेसु तणत्ताए विउट्टंति जाव मक्खायं ।

(४) एवं तणजोणिएसु तणेसु मूलत्ताए जाव बीयत्ताए विउट्टंति, ते जीवा जाव एवमक्खायं ।

७२६ एवं ओसहीण वि चत्तारि आलावगा (४) ।

७२७ एवं हरियाण वि चत्तारि आलावगा (४) ।

७२८ अहावरं पुरक्खायं–इहेगतिया सत्ता पुढविजोणिया पुढविसंभवा जाव कम्मनियाणेणं तत्थवक्कमा नाणाविहजोणियासु पुढवीसु आयत्ताए वायत्ताए कायत्ताए कुहणत्ताए कंदुकत्ताए उव्वेहलियत्ताए निव्वेहलियत्ताए सछत्ताए सज्झत्ताए छत्तगत्ताए वासाणियत्ताए कूरत्ताए विउट्टंति, ते जीवा तेसिं नाणाविहजोणियाणं पुढवीणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं जाव संतं, अवरे वि य णं तेसिं पुढविजोणियाणं आयाणं जाव कुराणं सरीरा नाणावण्णा जाव मक्खातं, एक्को चेव आलावगो (१), सेसा तिण्णि नत्थि ।

લતાની યોનિમાં લતામાં મૂળ રૂપે બીજરૂપે વર્તાય છે. તે જીવો ત્યાં લતાઓની યોનિના લતાઓમાંનો સત્ત્વ ખાય છે. હવે ત્યાં લતાઓના બીજ અને મૂળોનાં શરીરો વિવિધ વર્ણનાં કહ્યાં છે.

૭૨૫. (૧) આમ પૂર્વે કહ્યું છે. આ ગતિઓ છે પૃથ્વી યોનિઓની, તે પૃથ્વીમાં થાય છે. તે અનેક જાતના યોનિઓમાં તૃણરૂપે વર્તાય છે. તે જીવો ત્યાં પૃથ્વીની નાનાવિધ યોનિઓનો સત્ત્વ ખાય છે. તે જીવો પોતાનાં કર્મો વડે ત્યાં થાય છે.

(૨) આમ પૃથ્વી યોનિના તૃણમાં તૃણ તરીકે વર્તાય છે એમ કહ્યું છે.

(૩) તૃણ યોનિઓનાં તૃણોમાં તૃણતાએ વર્તાય છે એમ કહ્યું છે.

(૪) આમ તૃણ યોનિના તૃણમાં, મૂળોથી બીજ સુધી વર્તાય છે. તે પણ જીવો છે એમ કહ્યું છે.

૭૨૬. આ પ્રમાણે ઔષધિઓના ચાર બોલ કહેવા. (૪).

૭૨૭. આ પ્રમાણે હરિયાળીના ચાર બોલ કહેવા. (૪).

૭૨૮. આમ પહેલાં કહ્યું છે :- આ ગતિઓ છે પૃથ્વી યોનિઓની. પૃથ્વીમાં થતી, પોતાના કર્મે કરી ત્યાં આવે છે, થાય છે. વિવિધ પ્રકારની પૃથ્વીની યોનિઓમાં, આયત્ત રૂપે, કાયત્ત રૂપે, વાયત્તાના રૂપે, કુટણત્ત રૂપે, કંદુકત્ત રૂપે, ઉર્વેહલિયત્તા રૂપે, નિર્વેહલિયત્તા રૂપે, સ્વછત્ર રૂપે, સજઝત્ત રૂપે, છત્રગત્તા રૂપે, વાસાણિયત્તા રૂપે, કૂરત્તા રૂપે વર્તાય છે. તે જીવો ત્યાં પૃથ્વીના અનેક પ્રકારના યોનિના જીવોનો સત્ત્વ આહાર કરે છે. આમ જ્યાં સુધી પૃથ્વી શરીર છે ત્યાં સુધી તે ખાય છે. વળી ત્યાં પૃથ્વી યોનિના આયાથી, કૂરા સુધીના શરીરો વિવિધ વર્ણનાં કહ્યાં છે. આનો છે ફક્ત એક જ બોલ, બીજા ત્રણ બોલ નથી હોતા.

७२९ अहावरं पुरक्खातं–इहेगतिया सत्ता उदगजोणिया उदगसंभवा जाव कम्मनियाणेणं तत्थवक्कमा णाणाविहजोणिएसु उदएसु रुक्खत्ताए विउट्टंति, ते जीवा तेसिं णाणाविहजोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं जाव संतं, अवरे वि य णं तेसिं उदगजोणियाणं रुक्खाणं सरीरा णाणावण्णा जाव मक्खायं, जहा पुढविजोणियाणं रुक्खाणं चत्तारि गमा (४) अज्झोरुहाण वि तहेव (४), तणाणं ओसहीणं हरियाणं चत्तारि आलावगा भाणियव्वा एक्केक्के (४, ४, ४) ।

७३० अहावरं पुरक्खायं–इहेगतिया सत्ता उदगजोणिया उदगसंभवा जाव कम्मणियाणेणं तत्थवक्कमा णाणाविहजोणिएसु उदएसु उदगत्ताए अवगत्ताए पणगत्ताए सेवालत्ताए कलंबुगत्ताए हढत्ताए कसेरुयत्ताए कच्छ०भाणियत्ताए उप्पलत्ताए पउमत्ताए कुमुदत्ताए नलिणत्ताए सुभग०सोगंधियत्ताए पोंडरिय०महापोंडरिय०सयपत्त०सहस्सपत्त० एवं कल्हार०कोकणत० अरविंदत्ताए तामरसत्ताए भिस० भिसमुणाल०पुक्खलत्ताए पुक्खलत्थिभगत्ताए विउंट्टति, ते जीवा तेसिं नाणाविहजोणियाणं उदगाणं सिणेहमाहारेंति, ते जीवा आहारेंति पुढविसरीरं जाव संतं, अवरे वि य णं तेसिं उदगजोणियाणं उदगाणं जाव पुक्खलत्थिभगाणं सरीरा नाणावण्णा जाव मक्खायं, एक्को चेव आलावगो (१) ।

७३१ (१) अहावरं पुरक्खायं–इहेगतिया सत्ता तेहिं चेव पुढविजोणिएहिं रुक्खेहिं, रुक्खजोणिएहिं रुक्खेहिं, रुक्खजोणिएहिं मूलेहिं जाव बीएहिं (३), रुक्खजोणिएहिं अज्झोरुहेहिं, अज्झोरुहजोणिएहिं अज्झोरुहेहिं, अज्झोरुहजोणिएहिं मूलेहिं जाव बीएहिं (३), पुढविजोणिएहिं तणेहिं, तणजोणिएहिं तणेहिं, तणजोणिएहिं मूलेहिं जाव बीएहिं (३), एवं ओसहीहिं तिण्णि

૭૨૯. આમ પૂર્વે કહ્યું છે :- આ ગતિઓ છે ઉદગ યોનિની, ઉદગમાં ઉપજતી, તે ત્યાં કર્મો વડે થાય છે, વિવિધ પ્રકારની યોનિમાં ઉદગમાં વૃક્ષરૂપે થાય છે. તે જીવો ત્યાં વિવિધ પ્રકારના ઉદગના યોનિઓના જીવોના સત્ત્વોનો આહાર કરે છે, જ્યાં સુધી પૃથ્વીનું શરીર છે ત્યાં સુધી. હવે ત્યાં ઉદગ યોનિઓનાં વૃક્ષોનાં શરીરો અનેક વર્ણનાં કહ્યાં છે. જેમ પૃથ્વી યોનિઓનાં વૃક્ષોનાં ચાર બોલ છે (૪), વેલાના પણ ચાર (૪), તૃણોના, ઔષધિઓના અને હરિયાળીના, દરેકના ચાર (૪) કહેવા.

૭૩૦. પૂર્વે આમ કહ્યું છે :- આ ગતિ ઉદગ યોનિઓની છે તે ઉદગમાં થાય છે, પોતાના કર્મે કરી ત્યાં થાય છે. અનેક યોનિઓ ઉદગની છે. તેના ઉદગમાં, ઉદગ રૂપે, અવગત્ત રૂપે, પણગ રૂપે, શેવાળ રૂપે, કલંબુગ રૂપે, હડ રૂપે, કસેરૂય રૂપે, કચ્છભાણીય રૂપે, ઉત્પલ રૂપે, પદ્મ રૂપે, કુમુદ રૂપે, નલિન રૂપે, સુભગ-સુગંધી રૂપે, પોંડરિક રૂપે, મહાપોંડરિક રૂપે, શતપત્ત રૂપે, સહસપત્ત રૂપે, તેમ જ કલ્હાર, કોકણત, અરવિંદ રૂપે, તામરસ રૂપે, ભિસભિસમૃણાલ રૂપે, પુષ્કર રૂપે, પુષ્કરત્થી ભગ રૂપે, વર્તે છે. તે જીવો ત્યાં ઉદગના નાના પ્રકારના યોનિના સત્વનો આહાર કરે છે. તે જીવોનો આહાર જ્યાં સુધી પૃથ્વી શરીર છે ત્યાં સુધી કરે છે. વળી ઉદગ યોનિઓના ઉદગમાં પુષ્કલત્થિભગા સુધીનાં શરીરો વિવિધ વર્ણનાં કહ્યાં છે. આ છે એક જ બોલ (કથન) (૧).

૭૩૧. (૧) આમ પૂર્વે કહ્યું છે :- આ ગતિના જીવો, પૃથ્વી યોનિમાં જે વૃક્ષો છે, વૃક્ષ યોનિનાં વૃક્ષોમાં, વૃક્ષ યોનિનાં મૂળો અને બીયાના (૩) વૃક્ષ યોનિનાં લતાઓનાં, લતાઓની યોનિની લતાઓ, લતાઓની યોનિનાં મૂળ તથા બિયાં (૩), પૃથ્વી યોનિનાં તૃણનાં, તૃણયોનિના તૃણનાં, તૃણ યોનિનાં મૂળ અને બિયાંના (૩), આવી રીતે ઔષધિઓના (૩) આલાપકો, તેમ જ હરિયાળીના પણ ત્રણ આલાપકો (૩), પૃથ્વી યોનિના આયા, કાયા અને કૂરો

आलावगा (३), एवं हरिएहिं वि तिण्णि आलावगा (३), पुडविजोणिएहिं आएहिं काएहिं जाव कूरेहिं (१), उदगजोणिएहिं रुक्खेहिं, रुक्खजोणिएहिं रुक्खेहिं, रुक्खजोणिएहिं मूलेहिं जाव बीएहिं (३), एवं अज्झोरुहेहिं वि तिण्णि (३), तणेहिं वि तिण्णि आलावगा (३), ओसहीहिं वि तिण्णि (३), हरितेहिं वि तिण्णि (३), उदगजोणिएहिं उदएहिं अवएहिं जाव पुक्खलत्थिभएहिं (१), तसपाणत्ताए विउट्टंति ।

(२) ते जीवा तेसिं पुढविजोणियाणं उदगजोणियाणं रुक्खजोणियाणं अज्झोरुहजोणियाणं तणजोणियाणं ओसहिजोणियाणं हियजोणियाणं रुक्खाणं अज्झोरुहाणं तणाणं ओसहीणं हरियाणं मूलाणं जाव बीयाणं आयाणं कायाणं जाव कुराणं उदगाणं अवगाणं जाव पुक्खलत्थिभगाणं सिणेहमाहारेंति । ते जीवा आहारेंति पुढविसरीरं जाव संतं, अवरे वि य णं तेसिं रुक्खजोणियाणं अज्झोरुहजोणियाणं तणजोणियाणं ओसहिजोणियाणं हरियजोणियाणं मूलजोणियाणं कंदजोणियाणं जाव बीयजोणियाणं आयजोणियाणं कायजोणियाणं जाव कूरजोणियाणं उदगजोणियाणं अवगजोणियाणं जाव पुक्खलत्थिभगजोणियाणं तसपाणाणं सरीरा णाणावण्णा जाव मक्खायं ।

७३२ अहावरं पुरक्खायं–णाणाविहाणं मणुस्साणं, तंजहा–कम्मभूमगाणं अकम्मभूमगाणं अंतरदीवगाणं आरियाणं मिलक्खूणं, तेसिं च णं अहाबीएणं अहावकासेणं इत्थीए पुरिसस्स य कम्मकडाए जोणीए एत्थ णं मेहुणवत्तिए नामं संयोगे समुप्पज्जति, ते दुहतो वि सिणेहं संचिणंति, संचिणित्ता तत्थ णं जीवा इत्थित्ताए पुरिसत्ताए णपुंसगत्ताए विउट्टंत्ति, ते जीवा मातुओयं पितुसुक्कं तं तदुभयं संसट्ठं कलुसं किब्बिसं तप्पढमयाए आहारमाहारेंति, ततो पच्छा जं से माता

સુધી (૧), ઉદગ યોનિના વૃક્ષોથી, વૃક્ષ યોનિઓનાં વૃક્ષોથી, વૃક્ષ યોનિના મૂળ અને બિયાંના (૩), તેમ જ લતાઓના પણ (૩), તૃણના પણ ત્રણ (૩) આલાપકો, ઔષધિના ત્રણ (૩) અને હરિતના પણ ત્રણ આલાપકો (૩), ઉદગ યોનિના ઉદગના, અવએના, પુષ્કલત્થિભગ (૧) ત્રસ પ્રાણીયો થઈ વર્તાય છે.

(૨) તે જીવો ત્યાંના પૃથ્વી યોનિના, ઉદગ યોનિના, વેલાના યોનિના, તૃણ યોનિના, ઔષધિ યોનિના, હરિત યોનિનાં વૃક્ષોના, વેલાના, તૃણના, ઔષધિના, હરિયાળીના, મૂળો અને બિયાંના, આયા અને કાયાના, કૂરાના, ઉદગના, અવગાના, પુષ્કલત્થિભગાના, સત્ત્વ ખાય છે, જ્યાં સુધી પૃથ્વીકાય છે ત્યાં સુધી તે જીવોનો આહાર કરે છે.

मणं न एयं कुसला करेंति, वाया वि एसा बुइता तु मिच्छा ॥३९॥

८२६ सव्वेसि जीवाण दयट्ठयाए, सावज्जदोसं परिवज्जयंता ।
तस्संकिणो इसिणो नायपुत्ता, उद्दिट्ठभत्तं परिवज्जयंति ॥४०॥

૮૧૮. પુરૂષ વિષે વિજ્ઞપ્તિ આમ ન હોય, ખાલી અનાર્ય જ તે તેથી કહેવાય. પુરૂષને ખોળની પિંડ કોણ માનશે ? આવું જે બોલે તે અસત્ય કહે છે.

૮૧૯. જે વાચાથી વધ થાય તેવી ભાષા ન જ બોલે. આવું ખરાબ વચન, સ્થાન વિનાનું છે. જે બોલે તે જાનવરો જેવો છે.

૮૨૦. હવે તમે આ અર્થ સમજ્યાં, સૂક્ષ્મ જીવો માટે શુભચિંતન કરો. પૂર્વનો સમુદ્ર જ્ઞાનથી અપાર છે અને પુષ્ટ છે જેના જ્ઞાનથી આ લોક જાણે હથેલીમાં છે તેમ દેખાશે.

૮૨૧. સૂક્ષ્મ જીવોનું શુભચિંતન કરી આહાર વિધિપૂર્વક શોધી ભોજન કરે. જે ગુપ્ત રીતે જીવન ગુજારે છે તેને ઉઘાડે નહિ આ છે સંયમી સાધુઓનો ધર્મ.

૮૨૨. જે નિત્ય બે હજાર ભિક્ષુ સ્નાતકોને જમાડે છે, તે સંયમહીનના હાથો લોહીથી ભરાયેલાં છે, જેથી આ લોકે તે ગર્હણા પામે છે.

૮૨૩. ખાવાના હેતુએ પુષ્ઠ ઘેટાને અહીં તે મારી નાંખે છે, તેના માંસને તેલ અને મીઠું લગાડી પકાવે છે અને પીપર (મરી) ભભરાવી તૈયાર કરે છે.

૮૨૪. તેવું માંસ તે ઘણું આરોગે છે, તે કહે છે અમને પાપની રજ ન લાગે. તે રસલંપટ, અનાર્યો આમ કહે છે.

૮૨૫. જે આ પ્રકારનું ખાય છે, તે અજ્ઞાનથી સેવન કરે છે. કુશળ માણસો તેનું મન પણ ન કરે, આવી વાત જે કહે તે અસત્ય કહે છે.

૮૨૬. સર્વે જીવો પર દયાની દષ્ટિથી બધાં સાવર્જ દાનને તે વર્જ કરે છે. તે જ શંકાથી મહર્ષિ જ્ઞાતપુત્રે, તેમના અર્થે બનાવેલ ભોજનનો ત્યાગ કર્યો છે.

८२७ भूताभिसंकाए दुगुंछमाणा, सव्वेसि पाणाणमिहायदंडं ।
तम्हा ण भुंजंति तहप्पकारं, एसोऽणुधम्मो इह संजयाणं ॥४१ ॥

८२८ निग्गंथधम्मम्मि इमा समाही, अस्सिं सुठिच्चा अणिहे चरेज्जा ।
बुद्धे मुणी सीलगुणोववेते इच्चत्थतं पाउणती सिलोगं ॥४२॥

८२९ सिणायगाणं तु दुवे सहस्से, जे भोयए णितिए माहणाणं ।
ते पुण्णखंधं सुमहऽज्जिणित्ता, भवंति देवा इति वेयवाओ ॥४३॥

८३० सिणायगाणं तु दुवे सहस्से, जे भोयए णितिए कुलालयाणं ।
से गच्छति लोलुवसंपगाढे, तिव्वाभितावी णरगाभिसेवी ॥४४॥

८३१ दयावरं धम्म दुगुंछमाणे, वहावहं धम्म पसंसमाणे ।
एगं पि जे भोययती असीलं, णिवो(णिधो)णिसं जाति
कतो(ऽ)सुरेहिं? ॥४५॥

८३२ दुहतो वि धम्मम्मि समुट्ठिया मो, अस्सिं सुठिच्चा तह एसकालं ।
आयारसीले वुइए(ऽ)ह नाणे, ण संपरायंसि विसेसमत्थि ॥४६॥

८३३ अव्वत्तरूवं पुरिसं महंतं, सणातणं अक्खयमव्वयं च ।
सव्वेसु भूतेसु वि सव्वतो सो, चंदो व्व ताराहिं समत्तरूवो ॥४७॥

८३४ एवं न मिज्जंति न संसरंति, न माहणा खत्तिय वेस पेस्सा ।
कीडा य पक्खी य सिरीसिवा य, नरा य सव्वे तह देवलोगा ॥ ४८ ॥

૮૨૭. સર્વ જીવોની હિંસાને લઈ અને હિંસાની શંકાએ જુગુપ્સા કરી, તે સંયમી, તેવા પ્રકારનું ભોજન નથી કરતાં. આ છે સંયમી સાધુઓનો ધર્મ.

૮૨૮. આ છે નિર્ગ્રંથ ધર્મની સમાધિ, તેમાં સ્થિર થઈ બેફિકર થઈ વિચરે. જ્ઞાની મુનિ, શીલગુણોયુક્ત હોવાથી અહીં સત્કાર અને સન્માન મેળવે છે.

૮૨૯. વેદાંતિક કહે છે :-
જે બે હજાર બ્રાહ્મણ સ્નાતકોને નિત્ય જમાડે છે, તે પુણ્યનો મોટો ભાગ મેળવે છે અને દેવ થાય છે એમ વેદમાં કહ્યું છે.

૮૩૦. આર્દ્રક કહે છે :-
જે બે હજાર બ્રાહ્મણ સ્નાતકોને પોતાના કુળના ઘરે જમાડે છે, તે ગાઢ આસક્તિથી ઘણાંજ દુ:ખવાળા નરકે જાય છે.

૮૩૧. દયાધર્મની દુગંછા કરી, વધ કરતાં ધર્મની પ્રશંસા કરે અને એક પણ તે જાતનું ખાય, તો તે શીલભ્રષ્ટ નીચે નરકમાં જાય છે. તે દેવલોકે કેમ કરી જાય ?

૮૩૨. સાંખ્ય ક્રિયાવાદી કહે છે :-
આપણે બન્ને ધર્મમાં સંસ્થાપિત થઈ, આ કાળે ધર્મનો ઉપદેશ આપીએ છીએ. આ સંસારે વિશેષ કશું છે નહિ. આચાર અને શીલવાન આપણે, ધર્મોપદેશ આપીએ છીએ.

૮૩૩. આ મહાન પુરૂષનું રૂપ અવ્યક્ત છે, તે સનાતન, અક્ષય, અને અવ્યય છે. આ જગમાં સર્વ પ્રાણીઓમાં જેમ ચંદ્રમા સર્વ તારાઓમાં શ્રેષ્ઠ છે તેમ તે સર્વશ્રેષ્ઠ છે.

૮૩૪. આર્દ્રક કહે છે :-
તે અમાપ છે, અચલ છે, તેથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, સેવક, ક્ષુદ્રો, કીડા, પંખી, સાપ અને સર્વે માણસો પણ દેવલોકે જ હોય.

८३५ लोयं अजाणित्तिह केवलेणं, कहेंति जे धम्ममजाणमाणा ।
नासेंति अप्पाण परं च णट्ठा, संसार घोरम्मि अणोरपारे ॥४९॥

८३६ लोयं विजाणंतिहं केवलेणं, पुण्णेण णाणेण समाहिजुत्ता ।
धम्मं समत्तं च कहेंति जे उ, तारेंति अप्पाण परं च तिण्णा ॥५०॥

८३७ जे गरहितं ठाणमिहावसंति, जे यावि लोए चरणोववेया ।
उदाहडं तं तु समं मतीए, अहाउसो विप्परियासमेव ॥५१॥

८३८ संवच्छरेणावि य एगमेगं, बाणेण मारेउ महागयं तु ।
सेसाण जीवाण दयट्ठयाए, वासं वयं वित्ति पकप्पयामो ॥५२॥

८३९ संवच्छरेणावि य एगमेगं, पाणं हणंता अणियत्तदोसा ।
सेसाण जीवाण वहे ण लग्गा, सिया य थोवं गिहिणो वि
तम्हा ॥५३॥

८४० संवच्छरेणावि य एगमेगं, पाणं हणंते समणव्वतेसु ।
आयाहिते से पुरिसे अणज्जे, न तारिसा केवलिणो भवंति ॥५४॥

८४१ बुद्धस्स आणाए इमं समाहिं, अस्सिं सुठिच्चा तिविहेण ताती ।
तरिउं समुद्दं व महाभवोघं आयाणवं धम्ममुदाहरेज्जासि ॥५५॥
त्ति बेमि ॥

॥ अद्दइज्जं समत्तं ॥

॥ छट्ठं अज्झयणं समत्तं ॥

૮૩૫. તે ધર્મોપદેશ, ધર્મને બરાબર જાણ્યાં વિના જ કરે છે, આ લોકનું જ્ઞાન, કેવળ જ્ઞાનવિના કોઈ પણ જાણે નહીં. તેથી તે પોતાનું અને પરનું પણ બગાડે છે, અને આ ઘોર સંસારમાંથી તરી બીજી પાર નથી જતો.

૮૩૬. કેવળ જ્ઞાનથી આ લોકને જાણે છે, તે સારા જ્ઞાન વડે સમાધિ કરે છે, તે ધર્મને સમ્યક રીતે કહે છે, પોતાને અને પરને પણ તે તારે છે.

૮૩૭. જેનાં ચરણો સેવવાં લોકો આવે છે, અને જે ગર્હણાના સ્થાને જ વસે છે, તે બન્નેનો દાખલો સમાન હોય, તેમ તું કહે છે. હે આયુષ્યમાન! આ વિપરીત છે.

૮૩૮. હસ્થી તાપસ કહે છે :-
અમે એક વર્ષે એક મહાગજને બાણથી મારીએ છીએ, તે બીજા જીવોની રક્ષા ખાતર જ, આમ અમે એક વર્ષ સુધી જીવન ગુજારીએ છીએ.

૮૩૯. આર્દ્રક કહે છે :-
ભલે તમે એક વર્ષે એક જીવને હણો છો, પણ તેથી તમે તે અનિશ્ચિત દોષ વહોરો છો. બીજા જીવોને ન હણવાથી તે દોષ ભલે ન લાગે, પણ નાના દોષ વડે, તમે ગૃહસ્થ જેવા જ થયા છો.

૮૪૦. દર વર્ષે એક જ જીવ મારવાથી શ્રમણ વ્રતમાં તમે અનાર્યોની જેમ આત્માનું અહિત કરો છો. તે રીતે હિંસા કરી કેવળ જ્ઞાન ન મળે.

૮૪૧. બુદ્ધની આજ્ઞા પ્રમાણે આ સમાધિમાં જે માણસ સ્થિર થાય છે, તેને ત્રણ રીતે રક્ષણ મળે છે. આ સંસારના મોટા પ્રવાહવાળો સમુદ્ર તરવા આત્માની જેમ ધર્મનો ઉપદેશ કરે.

આમ હું કહું છું.
અધ્યાય છઠ્ઠો સમાપ્ત.

सत्तमं अज्झयणं 'णालंदइज्जं'

८४२ तेणं कालेणं तेणं समएणं रायगिहे नामं नगरे होत्था, रिद्धित्थिमितसमिद्धे जाव पडिरूवे । तस्स णं रायगिहस्स नगरस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभाए, एत्थ णं नालंदा नामं बाहिरिया होत्था अणेगभवणसयसन्निविट्ठा जाव पडिरूवा ।

८४३ तत्थ णं नालंदाए बाहिरियाए लेए नामं गाहावती होत्था, अड्ढे दित्ते वित्ते वित्थिण्णविपुलभवणसयणासणजाणवाहणाइण्णे बहुधण-बहुजातरूवरजते आओगपओगसंपउत्ते विच्छड्डितपउरभत्तपाणे बहुदासी-दास-गो-महिस-गवेलगप्पभूते बहुजणस्स अपरिभूते यावि होत्था । से णं लेए गाहावती समणो वासए यावि होत्था अभिगतजीवा-ऽजीवे जाव विहरति ।

८४४ तस्स णं लेयस्स गाहावतिस्स नालंदाए बाहिरियाए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए एत्थ णं सेसदविया नाम उदगसाला होत्था अणेगखंभसयसन्निविट्ठा पासादीया जाव पडिरूवा । तीसे णं सेसदवियाए उदगसालाए उत्तरपुरत्थिमे दिसीभाए, एत्थ णं हत्थिजामे नामं वणसंडे होत्था किण्हे, वण्णओ वणसंडस्स ।

८४५ तस्सिं च णं गिहपदेसंसि भगवं गोतमे विहरति, भगवं च णं अहे आरामंसि । अहे णं उदए पेढालपुत्ते पासावच्चिज्जे नियंठे मेतज्जे गोत्तेणं जेणेव भगवं गोतमे तेणेव उवागच्छति, उवागच्छित्ता भगवं गोतमं एवं वदासी–आउसंतो गोयमा! अत्थि खलु मे केइ पदेसे पुच्छियव्वे, तं च मे आउसो! अहादरिसियमेव वियागरेहि । सवायं

અધ્યાય સાતમો
નાલંદા વિષે

૮૪૨. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. તે રિદ્ધિ અને સિદ્ધિથી સમૃદ્ધ હતું. તે રાજગૃહ નગરની બહાર ઈશાન ખૂણામાં નાલંદા નામે ઉપનગર હતું. ત્યાં સેંકડો ભવનો અને નિવાસસ્થાનો હતાં. તે ઘણું જ રળિયામણું લાગતું.

૮૪૩. તે નાલંદાના ઉપનગરે લેપ નામે ગૃહસ્થ રહેતો હતો. તે બહુ શ્રીમંત હતો. તેણે અડધું ધન દાનમાં આપ્યું હતું. તે ઘણાં મહેલો અને વિસ્તીર્ણ ભવનોનો માલિક હતો. ત્યાં ઘણાં શયનાસન, યાન, વાહનો હતાં. તેની પાસે વિપુલ ધન ધાન્ય હતાં. તે અનેક જાતની પ્રવૃત્તિઓ યોજતો અને કરાવતો. તેનું રસોડું સદા પ્રચુર ખાનપાને ભરેલું હતું. તે ઘણા દાસ, દાસીઓ, ગાયો, ભેંસો, બળદો, પાડાઓનો માલિક હતો. તેની સેવામાં ઘણાં માણસો અને ચાકર હતાં. તે ગૃહપતિ શ્રમણોપાસક હતો. તે જીવ અને અજીવનો જાણકાર હતો.

૮૪૪. ત્યાં નાલંદાની ઈશાન ખૂણાએ લેપની ઉદકશાળા હતી. ત્યાં સેંકડો સ્તંભવાળાં રહેઠાણો હતાં. તે ઘણી જ મનોહર દેખાતી.
તે ઉદકશાળાની ઈશાન ખૂણે, હસ્તીયામ નામે કાળા રંગનું વન હતું.

૮૪૫. તે ગૃહ પ્રદેશમાં ભગવાન ગૌતમ વિહરતાં હતાં. ત્યાં આરામગૃહમાં તે સ્થિર થએલા હતાં.
પેઢાલપુત્ર ઉદક ભગવાન પાર્શ્વનો અનુયાયી મેતાર્ય ગોત્રનો હતો. તે ભગવાન ગૌતમ સમીપ ગયો અને બોલ્યો :- ભગવાન ગૌતમ! મારે કેટલાક સવાલ તમને પૂછવા છે. તેનો ખુલાસો આપ મને કહો. ભગવાન

भगवं गोतमे उदयं पेढालपुत्तं एवं वदासी–अवियाइं आउसो! सोच्चा निसम्म जाणिस्सामो ।

८४६ (१) सवायं उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वदासी–आउसंतो गोतमा! अत्थि खलु कुमारपुत्तिया नाम समणा निग्गंथा तुब्भागं पवयणं पवयमाणा गाहावतिं समणोवासगं एवं पच्चक्खावेंति–नन्नत्थ अभिजोएणं गाहावतीचोरग्गहणविमोक्खणयाए तसेहिं पाणेहिं णिहाय दंडं । एवण्हं पच्चखंताणं दुपच्चक्खायं भवति, एवण्हं पच्चक्खावेमाणाणं दुपच्चक्खावियं भवइ एवं ते परं पच्चक्खावेमाणा अतियरंति सयं पइण्णं, कस्स णं तं हेउं? संसारिया खलु पाणा, थावरा वि पाणा तसत्ताए पच्चायंति, तसावि पाणा थावरत्ताए पच्चायंति, थावरकायातो विप्पमुच्चमाणा तसकायंसि उववज्जंति, तसकायातो विप्पमुच्चमाणा थावरकायंसि उववज्जंति, तेसिं च णं थावरकायंसि उववण्णाणं ठाणमेयं घत्तं ।

(२) एवण्हं पच्चक्खंताणं सुपच्चक्खातं भवति, एवण्हं पच्चक्खावेमाणाणं सुपच्चक्खावियं भवति, एवं ते परं पच्चक्खावेमाणा णातियरंति सयं पतिण्णं, णण्णत्थ अभिओगेणं गाहावतीचोरग्गहणविमोक्खणताए तसभूतेहिं पाणेहिं णिहाय दंडं । एवमेव सति भासापरक्कमे विज्जमाणे जे ते कोहा वा लोभा वा परं पच्चक्खावेंति, अयं पि णो देसे किं णो णेआउए भवति, अवियाइं आउसो गोयमा ! तुब्भं पि एव एतं रोयति?

८४७ संवायं भगवं गोयमे उदयं पेढालपुत्तं एवं वेदासी–नो खलु आउसो उदगा! अम्हं एयं एवं रोयति, जे ते समणा वा माहणा वा एवमाइक्खंति जाव परूवेंति नो खलु ते समणा वा निग्गंथा वा

ગૌતમે કહ્યું:- તે મને કહે તેથી મને શાંતિ થાશે.

૮૪૬. (૧) ઉદકે ભગવાન ગૌતમને કહ્યું:- ભગવાન ગૌતમ! અહીં કુમારપત્રિકા નામે, શ્રમણ નિર્ગ્રંથો, તમારાં જેવાં જ પ્રવચન કરે છે. તે ગૃહસ્થોને કે જે શ્રમણોપાસક છે, તેમને આ પ્રમાણે પચ્ચખાન લેવરાવે છે. કોઈ પણ રાજાની કે અધિકારીની આજ્ઞાસિવાય, ગૃહપતિને ચોર પાસેથી મુક્ત કરવા સિવાય, ત્રસ જીવોની હિંસા નહિ કરીએ. તેમનું આ પચ્ચખાન દોષ ભરેલું છે. જે પચ્ચખાન લેવરાવે છે, તે પણ દોષવાળું પચ્ચખાન લેવરાવે છે. આમ તે પચ્ચખાન લેવરાવી નિયમનો ભંગ કરે છે. આનો શું હેતુ? સંસારીઓ પણ જીવ છે, સ્થાવરો પણ જીવ છે, જે ત્રસજીવો રૂપે દેખાય છે. તે ત્રસ જીવો પણ પ્રાણ છે, સ્થાવર રૂપે પ્રત્યાય છે. સ્થાવર કાયામાંથી છૂટી ત્રસકાયામાં ઉપજે છે. સ્થાવર કાયામાંથી ત્રસકાયામાં દેખાય છે, અને ત્રસકાયામાંથી સ્થાવર કાયામાં ઉપજવાથી તે સ્થાન ઘાતવાળું થાય છે.

(૨) જે પચ્ચખાન કરે છે તેમનું સારું પચ્ચખાન થાય છે. જે પચ્ચખાન લેવરાવે છે, તે સારું પચ્ચખાન લેવરાવે છે. આથી તે જ્યારે બીજાને પચ્ચખાન લેવરાવે છે તેથી તે પ્રતિજ્ઞા ભંગ નથી કરતાં. કોઈ અધિકારવિના ગૃહપતિને ચોરથી છોડાવવાં સિવાય, અમે ત્રસજીવોને નહિ હણિયે.
આમ ભાષા પરિક્રમે, તે ક્રોધ, અને લોભ માટે પણ પચ્ચખાન લેવરાવે છે. આ દૃષ્ટિએ પણ તે મને સમજાતું નથી. હે ગૌતમ! કહો શું તમને પણ આ રૂચે છે?

૮૪૭. ત્યારે ભગવાન ગૌતમે ઉદકને કહ્યું:- ના, અમને તે રૂચતું નથી. જે શ્રમણ માહણ આમ કહે છે, તે શ્રમણ નિર્ગ્રંથોની ભાષા નથી બોલતાં, તે કહે છે અસત્ય, આમ તે શ્રમણોપાસકોને પણ, અસત્ય કહે છે, કે જે અન્ય જીવો

भासं भासंति, अणुताविय खलु ते भासं भासंति, अब्भाइक्खंति खलु ते समणे समणोवासए, जेहिं वि अन्नेहिं पाणेहिं भूएहिं जीवेहिं सत्तेहिं संजमयंति ताणि वि ते पच्चायंति, थावरा वि पाणा तसत्ताए पच्चायंति, तसकायाओ विप्पमुच्चमाणा थावरकायंसि उववज्जंति, थावरकायाओ विप्पमुच्चमाणा तसकायंसि उववज्जंति, तेसिं च णं तसकायंसि उववन्नाणं ठाणमेयं अघत्तं ।

८४८ सवायं उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वदासी–कयरे खलु आउसंतो गोतमा! तुब्भे वयह तसपाणा तसा आउमण्णहा? सवायं भगवं गोतमे उदयं पेढालपुत्तं एवं वदासी- आउसंतो उदगा! जे तुब्भे वयह तसभूता पाणा तसभूता पाणा ते वयं वयामो तसा पाणा तसा पाणा, जे वयं वयामो तसा पाणा तसा पाणा ते तुब्भे वयह तसभूता पाणा तसभूता पाणा, एते संति दुवे ठाणा तुल्ला एगट्ठा, किमाउसो! इमे भे सुप्पणीयतराए भवति तसभूता पाणा तसभूता पाणा, इमे भे दुप्पणीयतराए भवति–तसा पाणा तसा पाणा? भो एगमाउसो! पडिकोसह, एक्कं अभिणंदह, अयं पि भे देसे णो णेयाउए भवति ।

८४९ भगवं च णं उदाहु–संतेगतिया मणुस्सा भवंति, तेसिं च णं एवं वुत्तपुव्वं भवति–नो खलु वयं संचाएमो मुंडा भवित्ता अगारातो अणगारियं पव्वइत्तए, वयं णं अणुपुव्वेणं गुत्तस्स लिसिस्सामो, ते एवं संखं सावेंति, ते एवं संखं ठवयंति, ते एवं संखं सोवट्ठावयंति –नन्नत्थ अभिजोएणं गाहावतीचोरग्गहण-विमोक्खणयाए तसेहिं पाणेहिं निहाय दंडं, तं पि तेसिं कुसलमेव भवति ।

८५० तसा वि वुच्चंति तसा तससंभारकडेण कम्मुणा, णामं च णं अब्भुवगंत भवति, तसाउयं च णं पलिक्खीणं भवति, तसकायट्ठितीया ते ततो आउयं (विप्पजहंति, ते तओ आउयं) विप्पजहित्ता थावरत्ताए पच्चायंति । थावरा वि वुच्चंति थावरा

માટે સંયમ દાખવે છે.
જે તેમને પણ આમ અસત્ય કહે તેનો શું હેતુ? સંસારીઓ પણ જીવો છે, ત્રસ પણ જીવો છે, જે સ્થાવર રૂપે દેખાય છે. સ્થાવર પણ જીવો છે જે ત્રસરૂપે વર્તાય છે. તેથીજ તે ત્રસકાયામાં જે ઉપજેલાં જીવો છે, તેમને માટે આ સ્થાન ઘાત વગરનું છે.

૮૪૮. ઉદક ભગવાન ગૌતમને કહે છે:- હે ભગવાન! તમે કેવી રીતે ત્રસ પ્રાણીઓને, ત્રસ આયુ કહો છો? ભગવાને જવાબ આપ્યો:- હે ઉદક! જેને તું કહે છે ત્રસભૂતા પ્રાણા, ત્રસભૂતા પ્રાણા; તેને અમે કહીએ છે ત્રસપ્રાણા, ત્રસપ્રાણા. તું તેને જ કહે છે ત્રસભૂતા, ત્રસભૂતા. આમ બન્ને સરખા તોલનાં થાય છે. અહીં સારા અર્થે થાય છે, ત્રસભૂતા પ્રાણા, ત્રસભૂતા પ્રાણા. બીજી રીતે થાય છે, ત્રસપ્રાણા, ત્રસપ્રાણા. તેથી તે એક સરખાજ થાય છે. તું એકની વિરૂદ્ધ કહે છે ત્યારે બીજાનું અભિનંદન કરે છે.
તેથી આ રીતે પણ તે સમજાય તેમ નથી.

૮૪૯. પોતપોતાની ગતિ મુજબ માણસો થાય છે, ભગવાન બોલ્યા, આવા પ્રસંગો પૂર્વેથી ચાલી આવે છે. તેમને દાખલો આપ્યો શ્રમણોપાસકનો, અમે મુંડન કરી ઘર છોડી પ્રવ્રજ્યા નહિ લઈએ, અનુક્રમે અમે ગુપ્તીઓ પાળીશું. આમ તે સ્થાપે છે અને સ્થપાવે પણ છે. રાજાના અધિકારવિના કોઈ પણ કારણે ગૃહપતિને ચોરોથી મુક્ત કરવા સિવાય, અમે ત્રસજીવોની હિંસા નહિ કરીએ. આ પણ તેમને માટે શુભ છે, એમ કહેવાય.

૮૫૦. જ્યારે ત્રસ સંભાર નામે કર્મો પાકે, ત્યારે ત્રસજીવો ઉપજે છે. તે આયુ ક્ષીણ થયે ત્રસકાયાની સ્થિતીમાંથી છૂટી, તે સ્થાવર રૂપે વર્તાય છે.

थावरसंभारकडेणं कम्मुणा, णामं च णं अब्भुवगतं भवति, थावराउं च णं पलिक्खीणं भवति, थावरकायट्ठितीया ते ततो आउगं विप्पजहंति, ते ततो आउगं विप्पजहित्ता भुज्जो परलोइयत्ताए पच्चायंति, ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति, ते महाकाया, ते चिरट्ठितीया ।

८५१ सवायं उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वदासी–आउसंतो गोतमा! नत्थि णं से केइ परियाए जण्णं समणोवासगस्स एगपाणातिवायविरए वि दंडे निक्खित्ते, कस्स णं तं हेतुं? संसारिया खलु पाणा, थावरा वि पाणा तसत्ताए पच्चायंति, तसा वि पाणा थावरत्ताए पच्चायंति, थावरकायातो विप्पमुच्चमाणा सव्वे तसकायंसि उववज्जंति, तसकायातो विप्पमुच्चमाणा सव्वे थावरकायंसि उववज्जंति, तेसिं च णं थावरकायंसि उववन्नाणं ठाणमेयं घत्तं ।

८५२ सवायं भगवं गोयमे उदगं पेढालपुत्तं एवं वदासी–णो खलु आउसो! अस्माकं वत्तव्वएणं, तुब्भं चेव अणुप्पवादेणं अत्थि णं से परियाए जंमि समणोवासगस्स सव्वपाणेहिं सव्वभूतेहिं सव्वजीवेहिं सव्वसत्तेहिं दंडे निक्खिते, कस्स णं तं हेतुं? संसारिया खलु पाणा, तसा वि पाणा थावरत्ताए पच्चायंति, थावरा वि पाणा तसत्ताए पच्चायंति, तसकायातो विप्पमुच्चामाणा सव्वे थावरकायंसि उववज्जंति, थावरकायाओ विप्पमुच्चमाणा सव्वे तसकायंसि उववज्जंति, तेसिं च णं तसकायंसि उववन्नाणं ठाणमेयं अघत्तं, ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति, ते महाकाया, ते चिरट्ठिइया, ते बहुतरगा पाणा जेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवति, ते अप्पतरागा पाणा जेहिं समणोवासगस्स अपच्चक्खायं भवति, इति से महया तसकायाओ उवसंतस्स उवट्ठियस्स पडिविरयस्स जण्णं तुब्भे वा अन्नो वा एवं वदह–णत्थि णं से केइ परियाए जम्मि समणोवासगस्स एगपाणाए वि दंडे णिक्खित्ते, अयं पि भे देसे णो णेयाउए भवति ।

જ્યારે સ્થાવર સંભાર કર્મો પાકી ઉદયમાં આવે ત્યારે તે જીવો સ્થાવર કહેવાય. આયુ ક્ષીણ થાય ત્યારે સ્થાવર કાયાની સ્થિતિમાંથી છૂટી પરલોકે વર્તાય છે. તે પ્રાણો છે, ત્રસ પણ છે, તેમની કાયા મોટી હોય છે અને સ્થિતિ લાંબા કાળની હોય છે.
તે પ્રાણો છે, ત્રસ પણ છે, તેમની કાયા મોટી અને સ્થિતિ લાંબી હોય છે.

૮૫૧. વાત કરતાં ઉદકે ભગવાન ગૌતમને કહ્યું :- ભગવાન ! એવો કોઈ પર્યાય નથી કે જ્યારે શ્રમણોપાસક એક પ્રાણાતિપાતની વિરતિ કરી તેને શિક્ષા ન કરવી પડે. તેનો હેતુ શું ? સંસારીઓ પણ જીવો છે, સ્થાવર જીવો ત્રસરૂપે વર્તાય છે, ત્રસજીવો પણ સ્થાવર જીવના રૂપે વર્તાય છે, સ્થાવર કાયામાંથી છૂટી, સર્વે ત્રસકાયામાં વર્તાય છે. ત્રસકાયામાંથી છૂટી સ્થાવર કાયામાં ઉપજે છે. તેથી જ અહીં જે સ્થાવર કાયામાં ઉપજે તે જીવો માટે આ સ્થાન ઘાતવાળું છે.

૮૫૨. ભગવાન ગૌતમ બોલ્યા :- હે ઉદક ! અમારા, કહેવા મુજબ તેમ નથી. તારા કહેવા મુજબ અહીં એક એવો પર્યાય છે, જેથી શ્રમણોપાસકનું પચ્ચખાન જે સર્વ પ્રાણીયોને દંડથી મુક્ત કરે. તેનો હેતુ શું ? સંસારીઓ પણ જીવ છે ત્રસ પણ જીવ છે, જે સ્થાવર રૂપે વર્તાય છે. સ્થાવર પણ જીવ છે જે ત્રસરૂપે વર્તાય છે. ત્રસકાયામાંથી સર્વે છૂટી સ્થાવર કાયામાં ઉપજે છે, સ્થાવર કાયાઓમાંથી છૂટી ત્રસકાયાઓમાં ઉપજે છે. તેથીજ આ સ્થાન ત્રસકાયવાળા જીવોને માટે ઘાતવગરનું છે. તે પ્રાણી કહેવાય, તે ત્રસ પણ કહેવાય. તેમની કાયા મોટી છે, સ્થિતિ પણ લાંબી છે. મોટા ભાગના જીવો માટે શ્રમણોપાસકનું પચ્ચખાન સારૂં થાય છે, પણ અલ્પ જીવો માટે તે સારું નથી.
આ પરિવિરતિથી ઘણા જીવોને શાંતિ મળે છે. તે માટે અન્ય કહે છે :- એવો કોઈ પર્યાય નથી કે જેમાં શ્રમણોપાસક એક જીવ માટે પણ દંડ ન કરે. આ ભેદે પણ તમારું મંતવ્ય સમજાય તેવું નથી.

८५३ भगवं च णं उदाहु–नियंठा खलु पुच्छियव्वा, आउसंतो नियंठा! इह खलु संतेगतिया मणुस्सा भवंति, तेसिं च णं एवं वुत्तपुव्वं भवति जे इमे मुंडा भवित्ता अगारातो अणगारियं पव्वइया एसिं च णं आमरणंताए दंडे णिक्खित्ते, जे इमे अगारमावसंति एतेसि णं आमरणंताए दंडे णो णिक्खित्ते, केई च णं समणा जाव वासाइं चउपंचमाइं छद्दसमाइं अप्पतरो वा भुज्जतरो वा देसं दूतिज्जित्ता अगारं वएज्जा? हंता वएज्जा । तस्स णं तं गारत्थं वहमाणस्स से पच्चक्खाणे भग्गे भवति? णेति । एवामेव समणोवासगस्स वि तसेहिं पाणेहिं दंडे णिक्खित्ते, थावरेहिं पाणेहिं दंडे नो णिक्खित्ते, तस्स णं तं थावरकायं वहेमाणस्स से पच्चक्खाणे णो भग्गे भवति, से एवमायाणह णियंठा!, सेवमायाणियव्वं ।

८५४ भगवं च णं उदाहु नियंठा खलु पुच्छियव्वा–आउसंतो नियंठा! इह खलु गाहावती वा गाहावतिपुत्तो वा तहप्पगारेहिं कुलेहिं आगम्म धम्मसवणत्तियं उवसंकमेज्जा?, हंता, उवसंकमेज्जा । तेसिं च णं तहप्पगाराणं धम्मे आइक्खियव्वे?, हंता आइक्खियव्वे, किं ते तहप्पगारं धम्मं सोच्चा निसम्म एवं वदेज्जा–इणमेव निग्गंथं पावयणं सच्चं अणुत्तरं केवलियं पडिपुण्णं णेयाउयं(सं)सुद्धं सल्लकत्तणं सिद्धिमग्गं मुत्तिमग्गं निज्जाणमग्गं निव्वाणमग्गं अवितहमविसंधि सव्वदुक्खप्पहीणमग्गं, एत्थं ठिया जीवा सिज्झंति बुज्झंति मुच्चंति परिणिव्वायंति सव्वदुक्खाणं अंतं करेंति, तमाणाए तहा गच्छामो तहा चिट्ठामो तहा निसीयामो तहा तुयट्टामो तहा भुंजामो तहा भासामो तहऽब्भुट्ठामो तहा उट्ठाए उट्ठेइत्ता पाणाणं जाव सत्ताणं संजमेणं संजमामो त्ति वदेज्जा? हंता वदेज्जा । किं ते तंहप्पगारा कप्पंति पव्वावित्तए? हंता कप्पंति । किं ते तहप्पगारा कप्पंति मुंडावेत्तए? हंता कप्पंति । किं ते तहप्पगारा कप्पंति सिक्खावेत्तए? हंता कप्पंति । किं ते तहप्पगारा कप्पंति उवट्ठावेत्तए? हंता कप्पंति । तेसिं च णं

૮૫૩. ભગવાન બોલ્યા, નિર્ગ્રંથોને પુછીએ. હે નિર્ગ્રંથો, આ લોકમાં પોતપોતાની ગતિ મુજબ માણસો ઉપજે છે. આવા પ્રસંગો પૂર્વે થએલાં છે:- જે માણસો મુંડન કરાવી, ઘેર છોડી, પ્રવ્રજ્યા લે, તેમને માટે આમરણ દંડ નહીં કરાય, પણ જે પ્રવ્રજ્યા છોડી ઘેર પાછો આવે, તેને દંડ મુક્તિ નહિ મળે.

હવે કોઈ શ્રમણ ચાર પાંચ વર્ષે કે છથી દસ વર્ષે, થોડાં ઓછાં કે વધુ વર્ષો પછી પોતાનો વેશ ત્યજી ઘેર જાય વસવા અર્થે? હા, તે વસવા જાય. ત્યારે તેને મારી નાંખે તો પચ્ચખાન ભંગ થાય? ના, એમ નહીં. તે શ્રમણોપાસક ત્રસજીવોને શિક્ષા ન કરે પણ સ્થાવર જીવોને શિક્ષા કરે, તો તેનું પચ્ચખાન ભાંગે નહીં. હે નિર્ગ્રંથો! આ જાણી લો, આ જાણવું ઘટે.

૮૫૪. ભગવાન બોલ્યા, નિર્ગ્રંથોને પુછીએ, હે નિર્ગ્રંથો! કોઈ ગૃહસ્થ કે તેના પુત્રો, કે કોઈ તે જાતના કુળમાંથી ધર્મ સાંભળવાના હેતુએ અહીં આવે? હા, આવે. તેમને આ પ્રકારનો ધર્મ કહીશું? હા, કહી શકાય. તે આ પ્રકારનો ધર્મ સાંભળી શાંતિ મેળવે અને કહે કે:- આ નિર્ગ્રંથોનું પ્રવચન સત્ય છે, અનુત્તર કેવળજ્ઞાનથી પરિપૂર્ણ છે, તે શુદ્ધ છે, શલ્ય કાપે છે. તે છે સિદ્ધિમાર્ગ, મુક્તિમાર્ગ, મોક્ષમાર્ગ, નિર્વાણમાર્ગ. સત્યથી જોડે છે, સર્વ દુ:ખો દૂર કરે છે, તેમાં સ્થિત થએલો જીવ સિદ્ધિ પામે, મુક્તિ પામે અને સર્વ રીતે નિવૃત્ત થાય છે, સર્વ દુ:ખોનો અંત કરે છે. હું ત્યાં આજ્ઞાથી જઈશ, ઊભો થઈશ, બેસીશ, સંતોષ પામીશ, ભોજન કરીશ, બોલીશ, ઉઠીશ, તેમ કરતાં, સર્વે પ્રાણોની સંયમપૂર્વક સારી રીતે યતના કરીશ, તે એમ કહેશે? હા, તે કહેશે. તો શું તે પ્રકારના પ્રવ્રજ્યા લે? હા, તે લે. તે મુંડન કરાવે? હા, કરાવે. શું તેમને શિક્ષણ આપીએ? હા, આપી શકાય. શું તેમને સ્થાપીએ? હા, સ્થાપી

तहप्पगाराणं सव्वपाणेहिं जाव सव्वसत्तेहिं दंडे णिक्खित्ते? हंता णिक्खित्ते । से णं एतारूवेणं विहारेणं विहरमाणा जाव वासाइं चउप्पंचमाइं छद्दसमाणि वा अप्पतरो वा भुज्जतरो वा देसं दूइज्जित्ता अगारं वएज्जा? हंता वएज्जा । तस्स णं सव्वपाणेहिं जाव सव्वसत्तेहिं दंडे णिक्खित्ते? णेति । सेज्जेसे जीवे जस्स परेणं सव्वपाणेहिं जाव सव्वसत्तेहिं दंडे णो णिक्खित्ते, सेज्जेसे जीवे जस्स आरेणं सव्वपाणेहिं जाव सव्वसत्तेहिं दंडे णिक्खित्ते, सेज्जेसे जीवे जस्स इदाणिं सव्वपाणेहिं जाव सव्वसत्तेहिं दंडे णो णिक्खित्ते भवति, परेणं अस्संजए आरेणं संजते, इयाणिं अस्संजते, अस्संजयस्स णं सव्वपाणेहिं जाव सव्वसत्तेहिं दंडे णो णिक्खित्ते भवति, से एवमाथाणह णियंठा!, से एवमायाणितव्वं ।

८५५ भगवं च णं उदाहु णियंठा खलु पुच्छितव्वा–आउसंतो णियंठा! इह खलु परिव्वाया वा परिव्वाइयाओ वा अन्नयरेहिंतो तित्थाययणेहिंतो आगम्म धम्मसवणत्तियं उवसंकमेज्जा? हंता उवसंकमेज्जा । किं तेसिं तहप्पगाराणं धम्मे आइक्खियव्वे? हंता आइक्खियव्वे । तं चेव जाव उवट्ठावेत्तए । किं ते तहप्पगारा कप्पंति संभुज्जितए? हंता कप्पंति । ते णं एयारूवेणं विहारेणं विहरमाणा तहेव जाव वएज्जा । ते णं तहप्पगारा कप्पंति संभुज्जित्तए? नो तिणट्ठे समट्ठे, सेज्जेसे जीवे जे परेणं नो कप्पति संभुज्जित्तए, सेजे(ज्जे)से जीवे जे आरेणं कप्पति संभुज्जित्तए, सेजे(ज्जे)से जीवे जे इदाणिं णो कप्पति संभुज्जित्तए, परेणं अस्समणे, आरेणं समणे, इदाणिं अस्समणे, अस्समणेणं सद्धिं णो कप्पति समणाणं णिग्गंथाणं संभुज्जित्तए, सेवमायाणह णियंठा!, से एवमायाणितव्वं ।

શકાય. હવે તે જાતની જીવોના માટે સજા ન થાય? હા, ન થાય. હવે તેવા શ્રમણો વિહાર કરવા જાય, ચાર પાંચ કે છથી દસ વર્ષો, થોડાં ઓછાં કે વધુ વર્ષો પછી, વેશ ત્યાગી ઘેર વસવા જાય? હા, તે જાય. તેથી તે સર્વેને દંડ ન થાય? ના, આ અર્થ બરાબર નથી.
સર્વે જીવો પહેલાં દંડપાત્ર હતા, પછી દંડમુક્ત થયા, હવે દંડમુક્ત નથી. પહેલાં સંયમ વિનાના, પછી સંયમયુક્ત અને હવે સંયમ વિનાના, તેથી જાણો કે અસંયમી જીવો દંડમુક્ત નથી. હે નિર્ગ્રંથો આ જાણવું ઘટે.

૮૫૫. ભગવાને દાખલો આપ્યો:- નિર્ગ્રંથોને પુછીએ:- હે નિર્ગ્રંથો! અહીં કોઈ પરિવ્રાજો અને પરિવ્રાજીકાઓ તીર્થના હેતુએ આવી ધર્મશ્રવણ કરવા આવે? હા, આવે. શું તેમને તે ધર્મ કહેવો? હા, કહેવો. શું તેમને ત્યાં સ્થાપીએ? હા, સ્થાપીએ. શું તેમની સાથે ભોજન કરીએ? હા, કરી શકાય. તે આ પ્રકારે વિહાર કરનારા, શું અહીંથી ચાલ્યા જાય? હા, જઈ શકે. શું તેવા સાથે ભોજન કરી શકાય? ના, તે અર્થે નહીં, તે બરાબર નથી. પહેલાં તે જીવો સાથે ન જમી શકીએ, પછી તે જ જીવો સાથે જમી શકીએ, અત્યારે તે જીવો સાથે જમી ન શકીએ. તે જીવો પહેલાં શ્રમણ હતાં નહિ, પછી શ્રમણ થયા, અત્યારે તે શ્રમણ નથી. તેથી જે શ્રમણ નથી તેની સાથે શ્રમણો ન જ જમી શકે. હે નિર્ગ્રંથો આ જાણો, આ જાણવું ઘટે.

८५६ भगवं च णं उदाहु–संतेगतिया समणोवासगा भवंति, तेसिं च णं एवं वुत्तपुव्वं भवति–णो खलु वयं संचाएमो मुंडा भवित्ता अगारातो अणगारियं पव्वइत्तए, वयं णं चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसधं सम्मं अणुपालेमाणा विहरिस्सामो, थूलगं पाणातिवायं पच्चाइक्खिस्सामो, एवं थूलगं मुसावादं थूलगं अदिण्णादाणं थूलगं मेहुणं थूलगं परिग्गहं पच्चाइक्खिस्सामो, इच्छापरिमाणं करिस्सामो, दुविहं तिविहेणं, मा खलु मम अट्ठाए किंचि वि करेह वा कारावेह वा, तत्थ वि पच्चाइक्खिस्सामो, ते अभोच्चा अपेच्चा असिणाइत्ता आसंदिपेढियाओ पच्चोरुभित्ता, ते तहा कालगता किं वत्तव्वं सिया? सम्मं कालगत त्ति वत्तव्वं सिया । ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति, ते महाकाया, ते चिरट्ठिइया, ते बहुतरगा पाणा जेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवति, ते अप्पयरागा पाणा जेहिं समणोवासगस्स अपच्चक्खायं भवति, इति से महयाओ० जण्णं तुब्भे वयह तं चेव जाव अयं पि भे देसे णो णेयाउए भवति ।

८५७ भगवं च णं उदाहु–संतेगतिया समणोवासगा भवंति, तेसिं च णं एवं वुत्तपुव्वं भवति, णो खलु वयं संचाएमो मुंडा भवित्ता अगाराओ जाव पव्वइत्तए, णो खलु वयं संचाएमो चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु जाव अणुपालेमाणा विहरित्तए, वयं णं अपच्छिममारणंतियसंलेहणाझूसणाझूसिया भत्तपाणपडियाइक्खिया कालं अणवकंखमाणा विहरिस्सामो, सव्वं पाणातिवायं पच्चाइक्खिस्सामो जाव सव्वं परिग्गहं पच्चाइक्खिस्सामो तिविहं तिविहेणं, मा खलु मम अट्ठाए किंचि वि जाव आसंदिपेढियाओ पच्चोरुहित्ता ते तहा कालगया किं वत्तव्वं सिया? समणा कालगता इति वत्तव्वं सिया । ते पाणा वि वुच्चंति जाव अयं पि भे देसे नो नेयाउए भवति ।

૮૫૬. ભગવાને દાખલો આપ્યો :- પોતપોતાની ગતિપ્રમાણે શ્રમણોપાસક થાય છે, આવું વૃત્ત પૂર્વે પણ થયેલું છે. અમે મુંડન કરી, ઘર છોડી, પ્રવ્રજ્યા નહિ લઈએ. અમે ચૌદસ, આઠમ, પૂનમ અને અમાસને દિવસે સારી રીતે પોષધ કરી, વિચરીશું. અમે સ્થૂલ પ્રાણાતિપાતથી સ્થૂલ પરિગ્રહ સુધીનું પચ્ચખાન કરીશું. પોતપોતાની ઇચ્છાઓનું પ્રમાણ કરીશું. બે રીતે અને ત્રણ વાર અમારા અર્થે કાંઈ પણ નહિ કરીએ, નહિ કરાવીએ. તેનું પણ પચ્ચખાન કરીશું.

કશું ખાધાવિના, પ્રીતિ કર્યા વિના, ન્હાયા વિના, પલંગ અને આસનોનો ત્યાગ કરીશું. જ્યારે ત્યાં તેમનું મરણ થાય તો શું કહીએ ? તે સમ્યક્ રીતે કાળ કરી ગયા, એમ કહીશું.

તે પણ જીવો છે, ત્રસ છે, તે મોટી કાયાવાળા અને લાંબી સ્થિતિવાળા છે. આમ ઘણાખરા જીવો ત્યાં શ્રમણોપાસકના પચ્ચખાનથી સારા છે. અલ્પ જીવો માટે તે પચ્ચખાન સારું નથી. તેથી તમારું મંતવ્ય સમજાય તેમ નથી.

૮૫૭. ભગવાને દાખલો આપ્યો :- પોતપોતાની ગતિ મુજબ શ્રમણોપાસક થાય છે. આવો પ્રસંગ પૂર્વે પણ થયેલો છે. અમે મુંડન કરાવી, ઘર છોડી પ્રવ્રજ્યા નહિ લઈએ, અમે ચૌદસ, આઠમ, પૂનમ અને અમાસને દિવસે ઉપવાસ નહિ કરીએ. અમે મરણ પહેલાંની સંલેખના આનંદપૂર્વક કરીશું. ભાતપાણીનો ત્યાગ કરી મરણની ઇચ્છાવિના વિચરીશું. સર્વે પ્રાણાતિપાતથી પરિગ્રહ સુધીનું પચ્ચખાન કરીશું. ત્રણ રીતે, ત્રણ પ્રકારે, કાંઈ પણ નહિ કરીએ, ન કરાવીએ કે ન અનુમતિ આપીએ. આમ પલંગ અને આસન ત્યાગી કાળ કરે તો શું કહેવું ? શ્રમણોએ કાળ કર્યો એમ કહેવું.

આ પણ જીવો છે, ત્રસ છે, તેથી તમારું આ પ્રકારનું કહેવું સમજાય તેમ નથી.

८५८ भगवं च णं उदाहु–संतेगतिया मणुस्सा भवंति महिच्छा महारंभा महापरिग्गहा अहम्मिया जाव दुप्पडियाणंदा जाव सव्वातो परिग्गहातो अप्पडिविरता जावज्जीवाए, जेहिं समणोवासगस्स आदाणसो आमरणंताए दंडे णिक्खित्ते; ते ततो आउगं विप्पजहंति, ते चइत्ता भुज्जो सगमादाए दुग्गइगामिणो भवंति, ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति, ते महाकाया, ते चिरट्ठिइया, ते बहुतरगा पाणा जेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवति, ते अप्पयरगा पाणा जेहिं समणोवासगस्स अपच्चक्खायं भवति, आदाणसो इती से महताउ० जं णं तुब्भे वयह जाव अयं पि भे देसे णो णेयाउए भवति ।

८५९ भगवं च णं उयाहु–संतेगतिया मणुस्सा भवंति अणारंभा अपरिग्गहा धम्मिया धम्माणुआ जाव सव्वाओ परिग्गहातो पडिविरया जावज्जीवाए जेहिं समणोवासगस्स आदाणसो आमरणंताए दंडे णिक्खित्ते, ते ततो आउगं विप्पजहंति, ते ततो भुज्जो सगमादाए सोग्गतिगामिणो भवंति, ते पाणा वि वुच्चंति जाव णो णेयाउए भवति ।

८६० भगवं च णं उदाहु–संतेगतिया मणुस्सा भवंति, तंजहा–अप्पिच्छा अप्पारंभा अप्पपरिग्गहा धम्मिया धम्माणुया जाव एगच्चातो परिग्गहातो अप्पडिविरया जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते, ते ततो आउं विप्पजहंति, विप्पजहित्ता भुज्जो सगमादाए सोग्गतिगामिणो भवंति, ते पाणा वि वुच्चंति जाव णो णेयाउए भवति ।

८६१ भगवं च णं उदाहु–संतेगतिया मणुस्सा भवंति, तं०–आरण्णिया आवसहिया गामणियंतिया कण्हुइरहस्सिया जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते, णो बहुसंजया णो

૮૫૮. ભગવાને દાખલો આપ્યો :- પોતપોતાની ગતિ મુજબ માણસો ઉપજે છે. કોઈ મોટી ઇચ્છાવાળા, મોટા હિંસક, મોટો પરિગ્રહ કરતાં, અધાર્મિક, બીજાને દુ:ખમાં જોઈ હર્ષ પામે, સર્વે જાતનો પરિગ્રહ કરે છે. આમ તે આખી જિંદગી વર્તે છે. તેમને માટે શ્રમણોપાસકનો દંડ આજીવન ન થાય, ત્યાં તે આયુ પૂર્ણ થયે મરણ પામી દુર્ગતિમાં જાય છે.

તે પ્રાણો છે, ત્રસ પણ છે, તે મહાકાયા સ્થિર સ્થિતિ અને લાંબા આયુષવાળા થાય છે. ત્યાં ઘણાએ જીવો માટે તે પચ્ચખાન સારું થાય છે. અલ્પ જીવોને માટે તે સારું નથી. તેથી તમારું મંતવ્ય સમજાય તેવું નથી.

૮૫૯. ભગવાને દાખલો આપ્યો :- પોતપોતાની ગતિ મુજબ માણસો થાય છે. તે અહિંસા પાળે, પરિગ્રહ ન કરે, ધાર્મિક અને ધર્મપ્રમાણે વર્તે છે. તે આજીવન સર્વ પરિગ્રહનો ત્યાગ કરે છે, તેમને માટે શ્રમણોપાસકનો દંડ મુક્ત છે. ત્યાંથી આયુ છોડી સારાં કર્મોએ, સારી ગતિ પ્રાપ્ત કરે છે. આ પણ જીવો છે, ત્રસ છે, તેથી તમારું મંતવ્ય સમજાય તેવું નથી.

૮૬૦. ભગવાને દાખલો આપ્યો :- ગતિપ્રમાણે માણસો થાય છે. અલ્પ ઇચ્છાવાળા, અલ્પ હિંસા કરતાં, અલ્પ પરિગ્રહી, ધાર્મિક, ધર્મથી વર્તન કરતાં, તે એક જાતના પરિગ્રહથી વિરતિ લેતાં નથી. તે શ્રમણોપાસકના દંડથી આજીવન મુક્ત છે.

તે આયુ પુરું થયે, આયુ છોડી સારી ગતિમાં ઉપજે છે. તે પણ પ્રાણો છે, તેથી તમારું મંતવ્ય સમજાય તેવું નથી.

૮૬૧. ભગવાને દાખલો આપ્યો :- ગતિપ્રમાણે માણસો થાય છે. અરણ્યવાસી તાપસો, ગામને છેડે કયાંય પણ આવી વસે છે. તે શ્રમણોપાસકના દંડથી આજીવન મુક્ત છે. તે બહુ સંયમી નથી, તે ઘણી જાતના જીવો અર્થે બહુ

बहुपडिविरता पाणभूत-जीव-सत्तेहिं, ते अप्पणा सच्चामोसाइं एवं विप्पडिवेदेंति–अहं ण हंतव्वे अण्णे हंतव्वा जाव कालमासे कालं किच्चा अण्णयराइं आसुरियाइं किब्बिसाइं जाव उववत्तारो हवंति, ततो विप्पमुच्चमाणा भुज्जो एलमूयत्ताए तमोरूवत्ताए पच्चायंति, ते पाणा वि वुच्चंति जाव णो णेयाउए भवति ।

८६२ भगवं च णं उदाहु–संतेगतिया पाणा दीहाउया जेहिं समणोवासगस्स आयाणसो जाव णिक्खित्ते, ते पच्छामेव कालं करेंति, करेत्ता पारलोइयत्ताए पच्चायंति, ते पाणा वि वुच्चंति, (ते) तसा वि (वुच्चंति), ते महाकाया, ते चिरट्ठितीया, ते दीहाउया, ते बहुतरगा (पाणा) जेहिं समणोवासगस्सं आयाण(सो) जाव णो णेयाउए भवति ।

८६३ भगवं च णं (उदाहु–) संतेगतिया पाणा समाउआ जेहिं समणोवासगस्स आयाणसो (जाव णिक्खित्ते), ते सममेव कालं करेंति, करेत्ता पारलोइयत्ताए पच्चायंति, ते पाणा वि (वुच्चंति), ते तसा (वि वुच्चंति), ते महाकाया, ते समाउया, ते बहुतर(गा) जाव णो णेयाउए भवति ।

८६४ भगवं च णं (उदाहु–) संतेगतिआ पाणा अप्पाउया जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए डंडे (जाव णिक्खित्ते), ते पुव्वामेव कालं करेंति, करेत्ता पारलोइयत्ताए पच्चायंति, ते पाणा (वि वुच्चंति), ते तसा (वि वुच्चंति), ते महा(काया), ते अप्पाउया, ते बहुतरगा पाणा जेहिं समणोवासगस्स पच्चक्खायं भवति, ते अप्पा जेहिं समणोवासगस्स अपच्चक्खायं भवति, इती से महया जाव णो णेआउए (भवति) ।

સંયમી નથી. તે ઘણા પ્રાણ વિરત પણ નથી.

તે પોતપોતાનું સાચું ખોટું આમ જવાબમાં કહે છે :- મને ન મારો અન્યને મારો, પછી વખત આવે ત્યારે કાળ કરી અસુરોનાં ગંદા પાપી સ્થાને ઉપજે છે. ત્યાં ભોગવ્યાં પછી ત્યાંથી છૂટી, એડકાની જેમ મૂંગા અને અંધારાની જેમ કાળા વર્તાય છે.

તે પણ પ્રાણો છે, આમ તમારું મંતવ્ય સમજાય તેવું નથી.

૮૬૨. ભગવાને દાખલો આપ્યો:- મનુષ્ય ગતિમાં આવેલાં જીવો દીર્ઘ આયુવાળા થાય છે, તેમને આજીવ, શ્રમણોપાસકનો દંડ મુક્ત છે. પછી કાળ કરી તે પરલોકે વર્તાય છે. તે પણ પ્રાણો છે. ત્રસ પણ છે. તેમની કાયા મોટી છે. તેમનું આયુ દીર્ઘ છે. ઘણાં ખરા જીવો તે શ્રમણોપાસકના દંડથી મુક્ત છે. તેમને માટે પચ્ચખાન સારું છે. આ પ્રમાણે પણ તમારું કહેવું સમજાય તેમ નથી.

૮૬૩. ભગવાને દાખલો આપ્યો :- ગતિએ આવેલા જીવો, સમાન આયુવાળા થાય છે. તે શ્રમણોપાસકના પચ્ચખાનથી આજીવન દંડમુક્ત છે. તે જીવો સાથેજ કાળ કરે છે. પછી પરલોકે વર્તાય છે. તે જીવો છે, ત્રસ પણ છે, તે મહાકાયા અને ચીર સ્થિતિના સમાન આયુવાળા છે.

ઘણાખરા જીવો માટે શ્રમણોપાસકનું પચ્ચખાન સારું થાય છે. આમ પણ તારું મંતવ્ય સમજાય તેમ નથી.

૮૬૪. ભગવાને દાખલો આપ્યો :- ગતિએ ઉપજેલા જીવો અલ્પ આયુવાળા, શ્રમણોપાસકનું પચ્ચખાન તેમને આજીવન દંડમુક્ત કરે છે. તે કાળ કરી પરલોકે પ્રત્યાય છે. તે જીવો છે, ત્રસ પણ છે. તે મહાકાયા અને અલ્પ આયુવાળા છે. તેમને માટે શ્રમણોપાસકનું પચ્ચખાન સારું થાય છે, પણ અલ્પજીવો માટે તે સારું નથી થતું. ઘણા જીવો માટે તે શાંતિવાળું છે.

આ રીતે પણ તમારું મંતવ્ય સમજાય તેમ નથી.

८६५ भगवं च णं उदाहु–संतेगतिया समणोवासगा भवंति, तेसिं च णं एवं वुत्तपुव्वं भवति–णो खलु वयं संचाएमो मुंडा भवित्ता जाव पव्वइत्तए, णो खलु वयं संचाएमो चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसधं अणुपालेत्तए णो खलु वयं संचाएमो अपच्छिम जाव विहरित्तए, वयं णं सामाइयं देसावकासियं पुरत्था पाईणं पडीणं दाहिणं उदीणं एत्ताव ताव सव्वपाणेहिं जाव सव्वसत्तेहिं दंडे णिक्खिते सव्वपाण-भूय-जीव-सत्तेहिं खेमंकरे अहमंसि ।

(१) तत्थ आरेणं जे तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते ते ततो आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं चेव जे तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवइ, ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंती, ते महाकाया, ते चिरट्ठितीया जाव अयं पि भे देसे णो णेयाउए भवति ।

(२) तत्थ आरेणं जे तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो जाव दंडे णिक्खित्ते ते ततो आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं चेव जे थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए दंडे णिक्खित्ते तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए दंडे णिक्खित्ते, ते पाणा वि वुच्चंति, ते तसा वि वुच्चंति, ते चिरट्ठिइया जाव अयं पि भे देसे णो णेयाउए भवति ।

(३) तत्थ जे ते आरेणं तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते ते ततो आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ परेणं जे तस-थावरपाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए (दंडे णिक्खित्ते) तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चक्खातं भवति, ते पाणा वि जाव अयं

૮૬૫. ભગવાને દાખલો આપ્યો :- ગતિથી શ્રમણોપાસક થાય છે. તેમનામાંજ આવો પ્રસંગ થયો છે. અમે મુંડન કરી, ઘર છોડી પ્રવ્રજ્યા નહિ લઈએ, અમે ચૌદસ, આઠમ, પૂનમ, અને અમાસના દિવસોએ પરિપૂર્ણ પોષધ નહિ કરીયે, તે પછી અમે વિહાર કરી પૂર્વ દિશાએ મુખ રાખી સામાયિક અને દેશાવગાસિક વ્રત કરીશું. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશાઓમાં જે સર્વે જીવો છે તેમને ક્ષેમ કરીશું.

(૧) ત્યારે તે આરામાં જે ત્રસજીવો છે, તે શ્રમણોપાસકના પચ્ચખાનથી શિક્ષાથી મુક્ત છે, ત્યાંથી આયુ પુરું કરી તે છૂટે છે અને તે જ આરામાં ત્રસપ્રાણીઓ થઈ વર્તે છે. તે શ્રમણોપાસકના દંડથી મુક્ત છે. તેથી તેમને શ્રમણોપાસકનું દંડમુક્તિનું પચ્ચખાન સારું થાય છે. તે જીવો છે, તે ત્રસ પણ છે, તે મહાકાયા અને ચીર સ્થિતિના છે. આ દૃષ્ટિએ પણ તમારું કહેવું સમજાય તેમ નથી.

(૨) તે આરામાં જે ત્રસજીવો આજીવન શ્રમણોપાસકના દંડથી મુક્ત છે, ત્યાં આયુ પુરું કરી, છૂટે છે અને તેજ આરામાં સ્થાવર જીવરૂપે પ્રત્યાય છે. ત્યાં એક અર્થે તે દંડમુક્ત નથી પણ બીજે અર્થે આજીવ દંડમુક્ત છે. તેમનેમાટે શ્રમણોપાસકનું પચ્ચખાન સારું થાય છે. તે પણ જીવો છે, ત્રસ છે, તે ચીર સ્થિતિવાળા છે. તેથી તમારું કહેવું સમજાય તેમ નથી.

(૩) તે આરાના ત્રસજીવો કે જે દંડમુક્ત છે, ત્યાંથી છૂટી પછીના આરામાં ત્રસ સ્થાવર જીવોરૂપે વર્તાય છે. ત્યાં પણ તે શ્રમણોપાસકના દંડથી આજીવ મુક્ત છે. તેથી તેમને માટે શ્રમણોપાસકનું પચ્ચખાન સારું થાય છે. તે જીવો છે અને આ દૃષ્ટિએ પણ તમારું કહેવું સમજાય તેમ નથી.

पि भे देसे णो णेयाउए भवति ।

(४) तथ्य जे ते आरेणं थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खिते अणट्ठाए णिक्खित्ते ते ततो आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं जे तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चक्खातं भवति, ते पाणा वि जाव अयं पि भे देसे णो णेयाउए भवति ।

(५) तत्थ जे ते आरेणं थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए णिक्खित्ते, ते ततो आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं चेव जे थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए णिक्खित्ते तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवति ते पाणा वि जाव अयं पि भे देसे णो णेयाउए भवति ।

(६) तत्थ जे ते आरेणं थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए णिक्खित्ते ते ततो आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ परेणं चेव जे तस-थावरा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए दंडे णिक्खित्ते तेसु पच्चायंति तेसु समणोवासगस्स सुपच्चक्खातं भवति, ते पाणा वि जाव अयं पि भे देसे णो णेयाउए भवति ।

(७) तत्थ जे ते परेणं तस-थावरा पाणा जेहिं समणोवासगस्स आयाणसो (आमरणंताए दंडे णिक्खित्ते) ते ततो आउं विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं जे तसा पाणा जेहिं समणोवासगस्स आयाणसो (आमरणंताए दंडे णिक्खित्ते) तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवति, ते पाणा वि जाव अयं पि भे देसे णो णेयाउए भवति ।

(८) तत्थ जे ते परेणं तस-थावरा पाणा जेहिं समणोवासगस्स आयाणसो (आमरणंताए दंडे णिक्खित्ते) ते ततो आउं

(૪) તે આરામાં જે સ્થાવર જીવો છે, કે જે એક અર્થે દંડથી મુક્ત નથી, પણ બીજા અર્થે દંડમુક્ત છે, ત્યાં આયુ પુરું કરી ત્યાંથી છૂટી તે જ આરામાં ત્રસજીવો થઈ ઉપજે છે. ત્યાં તે શ્રમણોપાસકના પચ્ચખાન વડે દંડમુક્ત છે. તેથી તે જીવોને માટે શ્રમણોપાસકનું પચ્ચખાન સારું થાય છે. તે પણ પ્રાણો છે. આથી આ દૃષ્ટિએ પણ તમારું કહેવું સમજાય તેમ નથી.

(૫) ત્યાં તે આરાએ જે સ્થાવર જીવો છે, એક અર્થે તે દંડપાત્ર છે પણ બીજા અર્થે તે આજીવન દંડમુક્ત છે, તે ત્યાં આયુ પુરું કરી છૂટે છે અને તે જ આરામાં જ્યાં એક અર્થે તે દંડપાત્ર છે અને બીજા અર્થે દંડમુક્ત છે, ત્યાં ઉપજે છે - તે પણ તે જ આરામાં. તેથી તે પચ્ચખાન તે જીવો માટે સારું થાય છે. આ દૃષ્ટિએ પણ તમારું કહેવું સમજાય તેમ નથી.

(૬) તે આરામાં જે સ્થાવર જીવો છે, જેમને દંડમુક્તિ નથી પણ બીજે અર્થે દંડમુક્તિ છે, ત્યાં આયુ પુરું કરી તે પછીના (પરેણ) સમયે ત્રસ સ્થાવર જીવો તરીકે પ્રત્યાય છે. ત્યાં તે દંડમુક્ત છે. તેથી શ્રમણોપાસકનું પચ્ચખાન તેમને માટે સારું થાય છે. તે પણ જીવો છે, આ દૃષ્ટિએ તમારું મંતવ્ય સમજાય તેમ નથી.

(૭) ત્યાં પછીના જે ત્રસ સ્થાવર જીવો છે કે જે દંડમુક્ત છે તે આયુ પુરું કરી ત્યાંથી છૂટી આરામાં ત્રસજીવો તરીકે વર્તાય છે. અહીં તે આજીવન દંડમુક્ત છે. તેથી શ્રમણોપાસકનું પચ્ચખાન તેમને માટે સારું થાય છે. આ દૃષ્ટિએ પણ તમારું મંતવ્ય સમજાય તેમ નથી.

(૮) ત્યાં (પરેણ) પછીના જે ત્રસ સ્થાવર જીવો છે કે જે આજીવન દંડમુક્ત છે, ત્યાં આયુ પુરું કરી, આરામાં તે સ્થાવર જીવો તરીકે

विप्पजहंति, विप्पजहित्ता तत्थ आरेणं जे थावरा पाणा जेहिं समणोवासगस्स अट्ठाए दंडे अणिक्खित्ते अणट्ठाए दंडे णिक्खित्ते तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स (सुपच्चक्खायं भवति), ते पाणा वि जाव अयं पि भे देसे णो णेयाउए भवति।

(९) तत्थ जे ते परेणं तसथावरा पाणा जेहिं समणोवासगस्स आयाणसो (आमरणंताए दंडे णिक्खित्ते) ते ततो आउं विप्पजहंति, विप्पजहित्ता ते तत्थ परेणं चेव जे तस-थावरा पाणा जेहिं समणोवासगस्स आयाणसो आमरणंताए (दंडे णिक्खित्ते) तेसु पच्चायंति, तेहिं समणोवासगस्स सुपच्चक्खायं भवति, ते पाणा वि जाव अयं पि भे देसे णो णेयाउए भवति ।

८६६ भगवं च णं उदाहु–ण एतं भूयं ण एतं भव्वं ण एतं भविस्सं जण्णं तसा पाणा वोच्छिज्जिस्संति थावरा पाणा भविस्संति, थावरा पाणा वोच्छिज्जिस्संति तसा पाणा भविस्संति, अव्वोच्छिण्णेहिं तस-थावरेहिं पाणेहिं जण्णं तुब्भे वा अण्णो वा एवं वदह–णत्थि णं से केइ परियाए जाव णो णेयाउए भवति ।

८६७ भगवं च णं उदाहु–आउसंतो उदगा! जे खलु समणं वा माहणं वा परिभासति मे त्ति मण्णति आगमेत्ता णाणं आगमेत्ता दंसणं आगमेत्ता चरित्तं पावाणं कम्माणं अकरणयाए से खलु परलोगपलिमंथत्ताए चिट्ठइ, जे खलु समणं वा माहणं वा णो परिभासति मे त्ति मण्णति आगमेत्ता णाणं आगमेत्ता दंसणं आगमेत्ता चरितं पावाणं कम्माणं अकरणयाए से खलु परलोगविसुद्धीए चिट्ठति ।

८६८ तते णं से उदगे पेढालपुत्ते भगवं गोयमं अणाढायमीणे जामेव दिसं पाउब्भूते तामेव दिसं संपहारेत्थ गमणाए ।

વર્તાય છે. ત્યાં તે એક અર્થે દંડમુક્ત નથી પણ બીજે અર્થે દંડમુક્ત છે. આથી શ્રમણોપાસકનું પચ્ચખાન તેમને માટે સારું છે. આ દ્રષ્ટિએ પણ હવે તમારું મંતવ્ય સમજાય તેમ નથી.

(૯) પરેણ એટલે પછીના જે ત્રસ સ્થાવર જીવો છે, તે દંડમુક્ત છે, ત્યાં આયુ પુરું કરી ત્યાંથી છૂટી તે પછીના (પરેણ) વખતમાં ત્રસ સ્થાવર જીવોરૂપે દેખાય છે. અહીં પણ તે દંડમુક્ત છે. તેથી શ્રમણોપાસકનું પચ્ચખાન તેમને માટે પણ સારું થાય છે.
આ દ્રષ્ટિએ પણ તમારું કહેવું સમજાય તેમ નથી.

૮૬૬. ભગવાને કહ્યું :- આમ ક્યારેય થયું નથી, થતું પણ નથી, અને ભવિષ્યમાં થશે પણ નહીં, જ્યારે સર્વે ત્રસજીવોનો નાશ થઈ સ્થાવર જીવો ઉપજે અથવા સર્વ સ્થાવર જીવોનો નાશ થઈ ત્રસજીવો ઉપજે. ત્રસ અને સ્થાવર જીવોનો સમૂળગો નાશ થવાનું તું કે અન્ય કોઈ કહે છે, એવો કોઈ પર્યાય છે નહિ. નથી એવો કોઈ પર્યાય આ કહેવું સમજાય તેમ નથી.

૮૬૭. ભગવાને દાખલો આપ્યો :- હે ઉદક ! જે શ્રમણ બ્રાહ્મણોની નિંદા કરે છે, મૈત્રી માને છે, તે ભવિષ્યમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર અર્થે શુદ્ધ કર્મો ન કરવાથી પોતાના પરલોકનું પરિમંથન કરે છે.
જે શ્રમણ બ્રાહ્મણોની નિંદા ન કરે, મૈત્રી માને, તે ભવિષ્યમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રથી, પાપ કર્મો ન કરવાથી પરલોક વિશુદ્ધિ માટે તૈયાર થાય છે.

૮૬૮. ત્યારે તે ઉદક પેઢાલ પુત્ર, ભગવાન ગૌતમને ઉઘાડે મોઢે આદર ન બતાવી જે દિશાએથી તે આવેલો તે જ દિશાએ જવા તૈયાર થયો.

८६९ भगवं च णं उदाहु–आउसंतो उदगा! जे खलु तहाभूतस्स समणस्स वा माहणस्स वा अंतिए एगमवि आरियं धम्मियं सुवयणं सोच्चा निसम्म अप्पणो चेव सुहुमाए पडिलेहाए अणुत्तरं जोयक्खेमपयं लंभिते समाणे सो वि ताव तं आढाति परिजाणति वंदति नमंसति सक्कारेइ सम्माणेइ कल्लाणं मंगलं देवयं चेतियं पज्जुवासति ।

८७० तते णं से उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वदासी–एतेसि णं भंते! पदाणं पुव्विं अण्णाणयाए असवणयाए अबोहीए अणभिगमेणं अदिट्ठाणं असुयाणं अमुयाणं अविण्णायाणं अणिगूढाणं अव्वोगडाणं अव्वोच्छिण्णाणं अणिसट्ठाणं अणिजूढाणं अणुवधारियाणं एयमट्ठं णो सद्दहितं णो पत्तियं णो रोइयं, एतेसि णं भंते! पदाणं एण्हिं जाणयाए सवणयाए बोहीए जाव उवधारियाणं एयमट्ठं सद्दहामि पत्तियामि रोएमि एवमेयं जहा णं तुब्भे वदह ।

८७१ तते णं भगवं गोयमे उदयं पेढालपुत्तं एवं वदासी–सद्दहाहि णं अज्जो!, पत्तियाहि णं अज्जो!, रोएहि णं अज्जो!, एवमेयं जहा णं अम्हे वदामो ।

८७२ तते णं से उदए पेढालपुत्ते भगवं गोयमं एवं वदासी–इच्छामि णं भंते! तुब्भं अंतिए चाउज्जामातो धम्मातो पंचमहव्वतियं सपडिक्कमणं धम्मं उवसंपज्जित्ताणं विहरित्तए ।

८७३ तए णं भगवं गोतमे उदयं पेढालपुत्तं गहाय जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छति, उवागच्छित्ता तए णं से उदए पेढालपुत्ते समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेति, तिक्खुत्तो

૮૬૯. ભગવાને દાખલો આપ્યો :- હે આયુષ્યમાન ઉદક! જે કોઈ ત્યાં શ્રમણ માહણની સમીપે એક પણ આર્ય ધર્મનું સુવાક્ય સાંભળી શાંતિ મેળવે, ત્યારે પોતાનું સૂક્ષ્મ રીતે પ્રતિલેખન કરે, અનુત્તર યોગક્ષેમનું વચન મેળવે ત્યારે પણ તે સારી રીતે જાણવાનું સ્વીકારે, વંદન કરે, નમે, સત્કાર અને સન્માન કરે, સ્વકલ્યાણ માટે દેવની કે ચૈત્યની જેમ પૂજન કરે, તે પ્રમાણે આદર બતાવી વર્તે.

૮૭૦. જવાબમાં ઉદક બોલ્યો :- હે ભગવંત! આવાં શુભ વચનો મેં પહેલાં સાંભળેલા નહીં. તેનો બોધ પણ ન પામ્યો. તે વચનો ન જાણ્યાં કે જોયાં. તે યાદ ન રહેવાથી કે વિશેષ રૂપે સંતોષ ન પામવાથી કે ન જાણવાથી, તેની ગુઢતા ન જાણવાથી, ગુરૂ પાસેથી ન મેળવવાથી, વિરોધીઓએ તેનો વિસ્તાર ન છેદવાથી, તેનો અર્થ મેં સારી રીતે જાણ્યો નથીં. તેના ગુપ્ત ન બતાવવાથી, તેને બરાબર ધારણ ન કર્યા. તેમાં શ્રદ્ધા ન પામ્યો કે તે વચનો સ્વીકાર્યા નહિ, તેમાં રુચિ પામ્યો નહીં.

હે ભગવાન! હવે તે વચનો મે જાણ્યાં છે, સાંભળ્યાં છે તેથી જ્ઞાન પામ્યો છું. તે વચનો હું ધારું છું, તેનામાં શ્રદ્ધા કરું છું. તે પ્રાપ્ત કરી તેમાં રુચિ રાખું છું. જે વચનો મને કહ્યાં તેમાંજ મને શ્રદ્ધા થઈ છે.

૮૭૧. ભગવાન કહે છે :- હે આર્ય તેમાં તુ શ્રદ્ધા કર, તે પ્રાપ્ત કરી રુચિ કર, આ જે મેં સઘળું તને કહ્યું છે તેમાં જ!

૮૭૨. ઉદકે જવાબમાં કહ્યું :- હે ભગવંત! હું તમારી પાસેથી ચાર ચામવાળા ધર્મમાંથી પાંચ વ્રતોવાળા પ્રતિક્રમણસાથેના ધર્મમાં આવવા માગું છું. તે અંગીકાર કરી વિહાર કરવાં ઇચ્છું છું.

૮૭૩. ત્યારે ભગવાન ગૌતમે ઉદકને સાથે લઈ જ્યાં ભગવાન મહાવીર હતાં ત્યાં લઈ ગયા. ઉદકે ભગવાન મહાવીરને ત્રણ પ્રદક્ષિણા કરી, વંદી નમસ્કાર કર્યા. પછી તે બોલ્યો :- હે ભગવાન! હું તમારી પાસેથી ચાર

आयाहिणं पयाहिणं करेत्ता वंदति नमंसति, वंदित्ता नमंसित्ता एवं वदासी–इच्छामि णं भंते! तुब्भं अंतियं चाउज्जामातो धम्मातो पंचमहव्वतियं सपडिक्कमणं धम्मं उवसंपज्जित्ताणं विहरित्तए।
अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं करेहि।
तते णं से उदए पेढालपुत्ते समणस्स भगवओ महावीरस्स अंतिए चाउज्जामातो धम्मातो पंचमहव्वतियं सपडिक्कमणं धम्मं उवसंपज्जिताणं विहरति त्ति बेमि।

सूयगडंगसुत्ते बीओ सुय खंदो

॥नालंदइज्जं सम्मत्तं॥

॥समत्तो सूयगड बीय सुय खंदो॥

યામવાલા ધર્મમાંથી નીકળી, પાંચ મહાવ્રતવાળા પ્રતિક્રમણ સાથેના ધર્મનું ઉપાર્જન કરવા ઇચ્છું છું. પછી હું વિહાર કરવા જઈશ.

ત્યારે ભગવાન મહાવીરે કહ્યું:- હે દેવાનું પ્રિય! જેમ તને સુખ થાય તેમ કરે.
ત્યારે ઉદકે ભગવાન મહાવીર પાસેથી ચાર યામવાબા ધર્મમાંથી નીકળી, પાંચ મહાવ્રતવાળા પ્રતિક્રમણ સાથેના ધર્મનું ઉપાર્જન કર્યું. તે પછી ઉદકે વિહાર કર્યો.

આમ હું કહું છુ.
અધ્યાય સાતમો સમાપ્ત.
સુત્રકૃતાંગનો બીજો શ્રુતસ્કંધ સમાપ્ત.